દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 134 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 June 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૮ જૂન ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# એલપીજીના ભાવમાં ૨૯ રૂપિયાનો વધારો

**દિલ્હીમાં ૧૪.૨ કિલોના રાંધણ ગૅસના સિલિન્ડરનો ભાવ ૯૧૩ રૂપિયાથી વધીને ૯૪૨ રૂપિયા થયો હતો**

નવી દિલ્હીઃ સરકારે લિક્વિડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી)ના સિલિન્ડરના ભાવમાં ૨૯ રૂપિયાનો વધારો કર્યા બાદ એવો બચાવ કર્યો હતો કે ભારતમાં રાંધણ ગૅસના ભાવ વિશ્વમાં સૌથી નીચા છે. પશ્ચિમ એશિયાની લડાઈને લીધે એલપીજીના આંતરરાષ્ટ્રીય ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે.

દિલ્હીમાં ૧૪.૨ કિલોના રાંધણ ગૅસના સિલિન્ડરનો ભાવ ૯૧૩ રૂપિયાથી વધીને ૯૪૨ રૂપિયા થયો હતો. પ્રધાન મંત્રી ઉજ્જવલા યોજના (પીએમયુવાય)ના લાભાર્થીને સિલિન્ડર ૬૪૨ રૂપિયામાં મળે છે. આ લાભર્થીને દરે વર્ષે ચાર રીફિલ કરવા માટે ૩૦૦ રૂપિયની સબસિડી મળે છે. ગયા વર્ષે આ લાભાર્થીઓને નવ રીફિલમાં સબસિડી મળતી હતી.

આ અગાઉ સાત મેએ એલપીજીના સિલિન્ડરના ભાવમાં ૬૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આનો અર્થ એ થયો કે રાંધણ ગૅસમાં કુલ ૮૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ભાવવધારા પહેલાં સરકારી તેલ માર્કેટિંગ કંપની દરેક એલપીજી સિલિન્ડર પાછળ ૭૦૩ રૂપિયા ગુમાવે છે.

સરકારે એક નિવેદનમાં કહ્યું હતું કે પશ્ચિમ એશિયાની લડાઈને લીધે એલપીજીના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે રાંધણ ગૅસના સિલિન્ડર પાછળ સરકારને ૧,૬૦૦ રૂપિયાથી વધારે ખર્ચ થાય છે.

નિવેદનમાં જણાવ્યા મુજબ ભારતની એલપીજી આયાતનો ખર્ચ સઉદી કૉન્ટ્રાક્ટ પ્રાઈઝ સાથે સંકળયેલી છે. આ આખા વિશ્વનો માપદંડ છે. ૨૮ ફેબ્રુઆરીના યુદ્ધ પછી બેન્ચમાર્ક ૪૬ ટકા વધ્યો છે. હોર્મુઝ સામુદ્રધુની બંધ થવાથી એલપીજીનો ભાવ વધ્યો છે અને તેના પુરવઠામાં વિક્ષેપ પડ્યો છે.

સરકારે નિવેદનમાં દાવો કર્યો હતો કે એલપીજીના ઘરેલુ સિલિન્ડરના ભાવ પડોશી દેશ જેવા કે પાકિસ્તાન, નેપાળ બાંગ્લાદેશ અને શ્રીલંકા કરતાં ઘણો નીચો છે. ભારતના ભાવ વિકસિત દેશો જેવા કે અમેરિકા, ઓસ્ટ્રેલિયા કરતાં પણ ઓછા છે. સરકારી નિવેદન પ્રમાણે ગયા વર્ષના નાણાકીય વર્ષમાં અન્ડર રીકવરી ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની થઈ છે જે ગયા વર્ષે ૩૦૦૦૦ કરોડ રૂપિયા હતી. કેન્દ્ર સરકારે સરકારી તેલ કંપનીઓને ખોટ સરભર કરવા ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું વળતર આપ્યું છે. (એજન્સી) ■

## વારાણસીમાં નહીં મળે માંસ, માછલી

### માંસાહાર વેચતી દુકાનોને શહેરની બહાર ખસેડવામાં આવશે

વારાણસી (ઉત્તર પ્રદેશ) : શિવની નગરી વારાણસીમાં માંસ કે માછલી મળશે નહીં. આ માટે પાલિકાએ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે એક યોજના બનાવી છે. આ યોજના હેઠળ વારાણસીમાં તમામ માંસ અને માછલીની દુકાનોને શહેરની બહાર ખસેડવામાં આવશે. રહેવાસીઓને અસુવિધા ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે વારાણસી મ્યુનિસિપલ કોર્પોરેશને શહેર વ્યવસ્થાપન અને સ્વચ્છતાના પ્રયાસોના ભાગરૂપે શહેરની હદમાં કાર્યરત તમામ માંસ અને માછલીની દુકાનોને શહેરની બહારના વિસ્તારોમાં નક્કી કરેલી જગ્યા પર સ્થાનાંતરિત કરવાનો નિર્ણય લીધો છે.

જનસંપર્ક અધિકારી સંદીપ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે શનિવારે મૈદાગિન સ્થિત ટાઉન હોલ બિલ્ડિંગમાં મેયર અશોક કુમાર (જુઓ પાનું ૨) ▸▸

## પિત્ઝાનો ફેક ઑર્ડર આપી અમેરિકામાં હૈદરાબાદના યુવકની ગોળી મારી હત્યા

હૈદરાબાદઃ અમેરિકામાં હૈદરાબાદના એક ૨૮ વર્ષીય યુવકની પિત્ઝા ડિલિવરી કરતી વખતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાના અહેવાલ છે. આ જાણકારી મૃતક યુવકના પરિવારજનોએ આપી હતી.

પરિવારને મળેલી માહિતી અનુસાર આ ઘટના પાંચમી જૂનના રોજ અમેરિકાના ફિલાડેલ્ફિયામાં બની હતી. આ પરિવાર હૈદરાબાદ નજીક ગુંડલાપોચમપલ્લીમાં રહે છે. ન્યૂ યૉર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે એક્સ પર જણાવ્યું કે ફિલાડેલ્ફિયા, પીએમાં રહેતા ભારતીય નાગરિક અંશુલ કુંચાના અકાળે નિધનથી અમને બહુ દુઃખ થયું છે. આ કપરા સમયમાં અમારી સંવેદના તેમના પરિવાર સાથે છે. કોન્સ્યુલેટ જનરલ પરિવાર સાથે સંપર્કમાં છે અને શક્ય તમામ મદદ કરી રહ્યું છે.

મૃતકની બહેન તન્વીએ પત્રકારોને જણાવ્યું કે અંશુલ કુંચા અમેરિકાના નોર્થ ફિલાડેલ્ફિયામાં એક એમએનસીમાં (જુઓ પાનું ૨) ▸▸

## ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવાની મોદીની જવાબદારી છેઃ સીજેપી

છત્રપતિ સંભાજીનગરઃ પરીક્ષાને લગતી ગેરરીતિ બદલ કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીની છે, એમ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દિપકેએ રવિવારે કહ્યું હતું. જંતર મંતરમાં શનિવારે વિરોધ પ્રદર્શન કર્યા બાદ રવિવારે પત્રકાર પરિષદને સંબોધતા તેણે કહ્યું હતું કે પાંચ વર્ષમાં ફક્ત મતદાન કરવું એ રાજકારણ નથી. લોકોએ જે નેતાને મત આપ્યા છે એને સવાલ પૂછવા જોઈએ.

તેણે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા એક દાયકાથી દેશના રાજકારણના કેન્દ્રમાં હિન્દુ-મુસ્લિમ વિભાજન છે. તેણે કહ્યું હતું કે સરકારના અગ્રતાક્રમમાં ફેરફાર કરીને બેરોજગારને સળગતી સમસ્યા ગણવી જોઈએ.કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી) ના સ્થાપક અભિજિત દિપકેએ જણાવ્યું હતું કે પરીક્ષા અને ભરતી (જુઓ પાનું ૨) ▸▸

## 'ખાસ સંદેશ' સાથે ઈરાન પહોંચ્યા પાકિસ્તાનના પ્રધાન

### હોર્મુઝ પર ઊડી રહેલાં બે ઇરાની ડ્રૉનને તોડી પાડ્યાં અમેરિકાએઃ બૈરુતના દક્ષિણના વિસ્તારો પર ઇઝરાયલનો હુમલો

કાઈરોઃ અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટ ઉપર ઉડતા બે ઇરાની ડ્રોનને તોડી પાડ્યા હતા જેનાથી મધ્યપૂર્વમાં ફરી એકવાર તણાવ વધ્યો છે. અમેરિકન સૈન્યએ કહ્યું હતું કે તેણે હોર્મુઝ સ્ટ્રેટ ઉપર ઊડી રહેલા વધુ બે ઇરાની ડ્રોનને તોડી પાડ્યા હતા. દરમિયાન યુદ્ધ રોકવા માટે મધ્યસ્થી કરી રહેલા પાકિસ્તાનના ગૃહતૈયાન મોહસીન નકવી પણ તહેરાન પહોંચ્યા હતા. તેઓ (જુઓ પાનું ૨) ▸▸



શહીદઃ લેફ્ટનન્ટ બીરેશ્વર ગોસ્વામીએ રાજૌરી જિલ્લામાં આતંકવાદવિરોધી ઑપરેશન કરતા દાન ગુમાવ્યો હતો. તે શનિવારે સાંજે પર્વત પરથી લપસીને ખાઈમાં પડી ગયા હતા. જવાનોએ તેને અંજલિ આપી હતી. (પીટીઆઈ)

## દિલ્હીમાં મોતના અગનખેલ માટે દોષી રસોઈયાની ધરપકડ

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીના માલવીય નગર વિસ્તારમાં આવેલી એક હોટેલમાં લાગેલી ભીષણ આગમાં ૨૧ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ હૃદયદ્રાવક અગ્નિકાંડ મામલે તપાસ કરી રહેલી દિલ્હી પોલીસને એક મોટી સફળતા મળી છે. શનિવારે આશરે છ કલાકની સઘન પૂછપરછ બાદ પોલીસે હોટેલના ૬૫ વર્ષીય મુખ્ય રસોઇયા કે શેફ નેગીની ધરપકડ કરી લીધી છે. પૂછપરછ દરમિયાન આગ કેવી રીતે લાગી અને કેમ આટલા મોટા પાયે જાનહાનિ થઈ, તેની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધરપકડ કરાયેલા શેફ નેગીએ સ્વીકાર્યું છે કે બુધવારે સવારે જ્યારે તે રસોડામાં રસોઈ બનાવી રહ્યો હતો, ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. સવારે રસોડામાં ઇલેક્ટ્રિક સ્ટવ ચાલુ કર્યાના થોડી જ વારમાં તેમાં અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો. જેના કારણે આગ આખી બિલ્ડિંગમાં ઝડપથી ફેલાઈ ગઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. સ્ટવમાં આગ લાગ્યા બાદ કૂક નેગી ગભરાઈ ગયો હતો.

આ અકસ્માતમાં ૨૧ લોકોનાં મોત પાછળ હોટેલની આધુનિક સિક્યોરિટી સિસ્ટમ જવાબદાર હોવાનું સામે આવી રહ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આગ લાગ્યા બાદ હોટેલની મુખ્ય પાવર સપ્લાય (મેઈન લાઈટ) બંધ થઈ ગઈ હતી. પાવર કટ થવાના કારણે હોટેલના રૂમ અને ઈમરજન્સી એક્ઝિટના ઇલેક્ટ્રોનિક લોક સિસ્ટમ જામ થઈ ગયા હતા. દરવાજા આપમેળે લોક થઈ જતાં અંદર ફસાયેલા પ્રવાસીઓ બહાર નીકળી શક્યા ન હતા અને ગૂંગળામણ તેમજ દાઝી જવાના કારણે મોતને ભેટ્યાં હતાં.

દિલ્હી પોલીસે અત્યાર સુધીમાં હોટેલના ઘણા કર્મચારીઓના નિવેદનો નોંધ્યા છે. અકસ્માત સમયે રસોડામાં અને આસપાસ હાજર રહેલા તમામ પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો પણ ક્રોસ-વેરિફાય કરવામાં આવી રહ્યા છે. પોલીસ શેફ નેગીના નિવેદનને આગામી દિવસોમાં આવનારા ફાયર સેફ્ટી ડિપાર્ટમેન્ટ અને ફોરેન્સિક લેબોરેટરીના રિપોર્ટ સાથે મેચ કરશે. આ દરમિયાન હોટેલનો મેનેજર હાલ ફરાર છે, જેને પકડવા માટે પોલીસે શોધખોળ તેજ કરી છે. ફોરેન્સિક તપાસ પૂર્ણ થયા બાદ જ આગ લાગવાનું ચોક્કસ અને વૈજ્ઞાનિક કારણ સ્પષ્ટ થશે.

## ભારત એક પાવરહાઉસ, સીમાવિવાદ ઉકેલવો જરૂરીઃ નેપાળના વિદેશ પ્રધાન

નવી દિલ્હીઃ ભારત અને નેપાળ વચ્ચેના સદીઓ જૂના સંબંધોમાં તાજેતરના વર્ષોમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે, પરંતુ બદલાતા વૈશ્વિક પરિબળોને જોતા નેપાળના વલણમાં મોટો બદલાવ આવી રહ્યો છે. નેપાળની નવી સરકારના વિદેશ પ્રધાન શિશિર ખનાલે ભારતની વધતી વૈશ્વિક સત્તા અને આર્થિક તાકાતનો મુક્તમને સ્વીકાર કર્યો છે. તેમણે એક વિશેષ સંબોધનમાં ભારતને વૈશ્વિક સ્તરે એક 'પાવરહાઉસ' ગણાવ્યું છે અને બંને દેશો વચ્ચેના સરહદી વિવાદોને ઉકેલવા માટે મહત્વપૂર્ણ સૂચનો આપ્યા છે.

નેપાળના વિદેશ પ્રધાન શિશિર ખનાલે સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું છે કે, ભારત આજે આર્થિક, ટેક્નોલોજિકલ અને વ્યૂહાત્મક દ્રષ્ટિએ વિશ્વમાં એક મોટી શક્તિ તરીકે ઊભરી આવ્યું છે. તેમણે જણાવ્યું કે, નેપાળે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડશે કે પડોશી દેશ તરીકે ભારતની પ્રગતિ નેપાળ માટે પણ વિકાસના નવા દ્વાર ખોલી શકે છે. એક સશક્ત ભારત સાથે મજબૂત સંબંધો રાખવા તે નેપાળના હિતમાં છે. એટલું જ નહીં, પરંતુ શિશિર ખનાલે એ પણ સ્વીકાર કર્યું કે તેઓ ભારતને દુશ્મન નહીં, પરંતુ દોસ્ત માને છે.

ભારત અને નેપાળ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સરહદી વિવાદો અંગે સકારાત્મક વલણ અપનાવવાની હિમાયત કરી છે. શિશિર ખનાલે જણાવ્યું કે, બંને દેશોએ ભૂતકાળના મતભેદોને બાજુ પર રાખીને, ટેબલ પર બેસીને 'ખુલ્લા દિલથી' વાતચીત કરવી જોઈએ. કડવાશ વધારવાને બદલે રાજદ્વારી દ્વારનો ઉપયોગ કરીને સરહદી રેખાઓનું કાયમી અને સર્વસંમત નિરાકરણ લાવવું અનિવાર્ય છે, જ્યાં સુધી બંને પક્ષો એકબીજા પર પૂર્ણ વિશ્વાસ નહીં મૂકે, ત્યાં સુધી કોઈ પણ જટિલ ભૌગોલિક મુદ્દાનો ઉકેલ શક્ય નથી તેવો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

તાજેતરના વર્ષોમાં નેપાળમાં ચીનનો વધતો પ્રભાવ ભારત માટે ચિંતાનો વિષય રહ્યો છે. આ અંગે વાત કરતા રાજકીય વિશ્લેષકો અને નેપાળના નેતાઓ હવે માની રહ્યા છે કે ચીન સાથેના સંબંધો પોતાની જગ્યાએ છે, પરંતુ ભૌગોલિક અને સાંસ્કૃતિક નિકટતાના કારણે ભારતનું સ્થાન કોઈ લઈ શકે તેમ નથી.

નેપાળ હાલમાં ભારતમાં મોટા પાયે વીજળીની નિકાસ કરી રહ્યું છે. શિશિર ખનાલે આશા વ્યક્ત કરી છે કે, આગામી સમયમાં કનેક્ટિવિટી, વેપાર અને પર્યટન ક્ષેત્રે બંને દેશો વચ્ચેનો સહયોગ નવી ઊંચાઈઓ સર કરશે.

ભારતીય વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથેની મુલાકાત દરમિયાન ખાનાલે જણાવ્યું હતું કે નેપાળ ભારત સાથેના તેના સંબંધોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે અને બાલેન્દ્ર શાહના નેતૃત્વ હેઠળની સરકાર નવી દિલ્હી સાથે નોંધપાત્ર અને અર્થપૂર્ણ રીતે જોડાણ કરવા તૈયાર છે.

ભારત અને નેપાળ વચ્ચે એક ખાસ પ્રકારના સંબંધ છે, જે સરહદ પારના જોડાણ અને સહિયારી સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓના મજબૂત પાયા પર બનેલો છે. લિપુલેખ મામલે નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહે ચીન અને યુકે પ્રત્યે જે વલણ જણાવ્યું હતું તે અંગે પણ નેપાળના વિદેશ પ્રધાન દ્વારા યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવી હતી.

## ખાન સર મુશ્કેલીમાંઃ પહેલા એફઆઈઆર, હવે કોચિંગ ક્લાસને તાળા લાગવાનો ભય

પટણાઃ જાણીતા શિક્ષક ખાન સર હાલ મોટા કાનૂની વિવાદોની જાળમાં ફસાયા છે. બિહારની રાજધાની પટણામાં બીજી જૂન મંગળવારની રાત્રે તેમની સંસ્થા 'ખાન ગ્લોબલ સ્ટડીઝ'ની બહાર થયેલી હિંસા અને ફાયરિંગની ઘટના બાદ મામલો ગંભીર બન્યો છે. પટણા પોલીસે હવે આ મામલે ખાન સર વિરુદ્ધ જામીન ન મળી શકે તેવી ધારાઓ હેઠળ એફઆઇઆર નોંધ્યો છે. બીજી તરફ, ફાયર સેફ્ટીના નિયમોની અનદેખી બદલ તેમના કોચિંગ સેન્ટરને તાળા લાગી જવાની પણ નોબત આવી છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત બીજી જૂનની રાત્રે થઈ હતી, જ્યારે ખાન સરના કોચિંગ સેન્ટર અને હરીફ જ્ઞાન બિંદુ કોચિંગ વચ્ચેના વર્ચસ્વની લડાઈમાં ભારે પથ્થરમારો થયો હતો. પોલીસે આ મામલે કાર્યવાહી કરતા જ્ઞાન બિંદુ કોચિંગના સંચાલક રોશન આનંદની ધરપકડ કરી હતી. જોકે, ઘટનાના બીજા દિવસે સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાઇરલ થયો હતો જેમાં ખાન સરના બે ખાનગી સુરક્ષા ગાર્ડ્સ હવામાં રાઇફલથી ફાયરિંગ કરતા જોવા મળ્યા હતા. પોલીસે બંને ગાર્ડ્સની ધરપકડ કરી પૂછપરછ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો.

આ નિવેદનના આધારે પટના પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯ (હત્યાનો પ્રયાસ) અને આર્મ્સ એક્ટ હેઠળ ખાન સર વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. ખાન સરે આ અંગે બચાવ કરતા જણાવ્યું છે કે આ ફાયરિંગ માત્ર આત્મરક્ષણમાં કરવામાં આવ્યું હતું. શનિવારે પટણા સિવિલ કોર્ટની બહાર મીડિયા અને પોલીસનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. એવી અફવા ઊડી હતી કે, ખાન સર કોર્ટમાં સરન્ડર કરવાના છે. જો કે, કલાકોની રાહ જોયા બાદ તેમના વકીલે સ્પષ્ટ કર્યું કે સરન્ડર કરવાનો કોઇ ઇરાદો નથી.સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાન સરે પોતાના વકીલ મારફતે અનુરાગ વર્માની કોર્ટમાં અગ્રીમ જામીન અરજી દાખલ કરી દીધી છે.

## હોર્મુઝની ખાડી અમારા માટે અણુબોમ્બ જેવી, એનો અંકુશ નહીં છોડીએઃ ઈરાન

તહેરાનઃ ઇરાનના એક વરિષ્ઠ નેતાએ હોર્મુઝ સ્ટ્રેટ વિશે અમેરિકાને ચેતવણી આપી છે. ઇરાનની સંસદના ડેપ્યુટી સ્પીકર અલી નિકઝાદે જણાવ્યું છે કે, હોર્મુઝ સ્ટ્રેટ તહેરાન (ઇરાન) માટે અણુ બોમ્બ કરતાં પણ વધુ મહત્વનો છે. એક ટીવી ચેનલ પર ઇન્ટરવ્યૂ દરમિયાન તેમણે કહ્યું કે, હોર્મુઝનો આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ (દરિયાઈ માર્ગ) હવે યુદ્ધ પહેલાની સ્થિતિમાં ક્યારેય પાછો નહીં ફરે. નિકઝાદે ઉમેર્યું કે, ઇસ્લામિક રિપબ્લિક (ઈરાન)નો પરમાણુ બોમ્બ પોતે હોર્મુઝ સ્ટ્રેટ જ છે.

ઇરાનના રૂઢિચુસ્ત નેતાએ આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય ઊર્જા જળમાર્ગ (વોટરવે) પર ઇરાનના નિયંત્રણને પરમાણુ ક્ષમતા કરતાં પણ વધુ મહત્વની વ્યૂહાત્મક સંપત્તિ ગણાવી છે. નિકઝાદે આગળ કહ્યું કે, યુદ્ધવિરામ અને હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ)ને લઈને અમેરિકાનું વલણ પરસ્પર વિરોધાભાસી છે. આ સાથે તેમણે દાવો કર્યો કે આ મુદ્દે તહેરાન (ઇઈરાન)નું વલણ વ્યૂહાત્મક રીતે બિલકુલ સ્પષ્ટ છે. તેમણે કહ્યું, "હોર્મુઝ સ્ટ્રેટ અમારા માટે પરમાણુ બોમ્બ કરતાં પણ વધુ મહત્વની છે. અમારો અણુબોમ્બ હોર્મુઝ સ્ટ્રેટ જ છે.

ઇરાનના સ્પીકરે જણાવ્યું કે, સૈન્ય તાકાતના જોરે પોતાની મરજી ચલાવવાનો અમેરિકાનો સમય હવે પૂરો થઈ ગયો છે. આ સાથે તેમણે ચેતવણી આપી કે અમેરિકાએ કાં તો નવી પ્રાદેશિક વ્યવસ્થાનો સ્વીકાર કરવો પડશે અથવા ઈરાનની શરતો માનવી પડશે, નહીં તો દુશ્મનોના અપમાનનો આ સિલસિલો આમ જ ચાલુ રહેશે.

દરમિયાન, અમેરિકી સેનાએ હોર્મુઝ સ્ટ્રેટ (સામુદ્રધુની) નજીક ઇરાનના બે હુમલાખોર ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે રવિવારે સવારે એક નિવેદનમાં જણાવ્યું કે, તેમણે થોડીવાર પહેલા જ ઇઈરાનના બે એટેક ડ્રોનને નષ્ટ કરી દીધા છે. કમાન્ડે ઉમેર્યું કે, આ ડ્રોન હોર્મુઝની સામુદ્રધુનીમાં આંતરરાષ્ટ્રીય જહાજોની અવરજવર માટે જોખમ ઊભું કરી રહ્યા હતા.




પ્રાર્થના : વેનેઝુએલાનાં કાર્યવાહક પ્રમુખ ડેલ્સી ગોમેઝ (જમણેથી બીજે) આંધ્ર પ્રદેશના સત્યસાઈ જિલ્લાના પુત્તરપાર્થીના પ્રશાંતિ નિલયમમાં પ્રાર્થના કરી હતી. (પીટીઆઈ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઇ-૮૫ ફ્યુઅલ, મોદી સરકારની સારી પહેલનો ફરજિયાત અમલ જરૂરી

**અમેરિકા** અને ઈરાન વચ્ચે સમાધાન થવાની વાતો ચાલ્યા કરે છે પણ સમાધાન થતું નથા તેના કારણે ક્રૂડ ઓઈલનો કકળાટ પણ પતતો નથી. એક તરફ ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા કરે છે ને બીજી તરફ હોર્મુઝની ખાડીની નાકાબંધીના કારણે પૂરતા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ પણ મળતું નથી તેથી બીજા રૂટથી ઊંચા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદવું પડે છે તેમાં પેટ્રો-ડીઝલલના ભાવ ઊંચા ને ઊંચા જતા જાય છે. આ કટોકટીની સ્થિતિમાં નરેન્દ્ર મોદી સરકારે એક સારો નિર્ણય લઈને પેટ્રોલમાં ૮૫ ટકા ઇથેનોલ મિશ્રણ ધરાવતું 'ઇ-૮૫ ફ્યુઅલ' દિલ્હીમાં સત્તાવાર રીતે લોન્ચ કરી દીધું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઇન્ડિયન ઓઇલ (આઈઓસી)ના ભારતના પહેલા ઇ-૮૫ ફ્યુઅલ ડિસ્પેન્સિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન કરીને ભારત પેટ્રોલ-ડીઝલનો વિકલ્પ શોધવાની દિશામાં અત્યંત ગંભીર હોવાનો અને મક્કમતાથી આગળ વધી રહ્યો હોવાનો સંકેત આપી દીધો.

હાલમાં દેશભરમાં પેટ્રોલ પંપો પર જે પેટ્રોલ મળે છે એ ઇ-૨૦ છે. મતલબ કે તેમાં ૨૦ ટકા ઇથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલ છે. નવા ઇ૮૫ ફ્યુઅલમાં ૮૫ ટકા સુધી ઇથેનોલ અને માત્ર ૧૫ ટકા પેટ્રોલ છે તેથી અત્યારે મળતા પેટ્રોલ કરતાં ઇ-૮૫ ફ્યુઅલ સાવ અલગ છે. અત્યારે આપણે ત્યાં કાર અને ટૂ-વ્હિલર્સનાં મોટા પ્રમાણમાં ઈથેનોલ હોય એવાં ફ્યુઅલ ના ચાલે તેથી તેમના માટે આ ઇ-૮૫ ફ્યુઅલ કામનું નથી પણ ફ્લેક્સ ફ્યુઅલ વ્હિકલ્સ માટે કામનું છે. ભારતમાં અત્યારે મારુતિએ ફ્લેક્સ ફ્યુઅલ કાર લોંચ કરી છે અને બે ફ્લેક્સ ફ્યુઅલ બાઈક પણ લોંચ કરાયાં છે. આ વાહનોમાં ઇ-૮૫ ફ્યુઅલ વાપરી શકાશે. અત્યારે આ વાહનોની સંખ્યા બહુ ઓછી છે કેમ કે મારુતિની કાર અને બંને બાઈક હજુ હમણાં જ લોંચ થયેલાં છે. તેના કારણે તાત્કાલિક રીતે ઇ-૮૫ ફ્યુઅલ આપણને કોઈ રાહત નહીં આપે પણ લાંબા ગાળે દેશ માટે બહુ ફાયદાકારક સાબિત થશે.

અત્યારે લોંચ કરાયેલું ઇ૮૫ ફ્યુઅલ પેટ્રોલ કરતાં ૨૦ રૂપિયા પ્રતિ લિટર સસ્તું છે. દિલ્હીમાં ઇ-૮૫ ફ્યુઅલની કિંમત ₹૮૨.૧૨ પ્રતિ લિટર નક્કી કરવામાં આવી છે જ્યારે રેગ્યુલર ઇ-૨૦ પેટ્રોલની કિંમત ૧૦૨ રૂપિયા છે. ઇ-૮૫ ફ્યુઅલ સસ્તું હોવાથી હવે પછી જે લોકો નવાં વાહનો ખરીદશે એ ફ્લેક્સ ફ્યુઅલ વાહનો પસંદ કરી શકે. તેના કારણે ધીરે ધીરે ઇ-૮૫ ફ્યુઅલનો વપરશ વધશે અને પેટ્રોલનો ઘટશે તેથી ક્રુડ ઓઈલ પરની નિર્ભરતા ઘટશે.

મોદી સરકારે એક સમયે ક્રૂડ ઓઈલની આયાતનું બિલ ૧૦ ટકા ઘટાડવાનો નિર્ણય કરો પણ અત્યાર સુધી એ દિશામાં કશું ના થયું કેમ કે ઇ-૮૫ ફ્યુઅલ ઉપલબ્ધ કરાવવા જેવાં કોઈ નક્કર પગલાં જ નહોતાં લેવાયાં. હવે પહેલું કદમ ભરાયું છે ત્યારે લાંબા ગાળે ક્રૂડ ઓઇલની આયાત ઘટાડી શકાશે.

મોદી સરકાર તો ધીરે ધીરે ઇ-૧૦૦ એટલે કે ૧૦૦ ટકા ઇથેનોલ હોય ફ્લેક્સ ફ્યુઅલ તરફ આગળ વધવા માગે છે પણ એ તાત્કાલિક શક્ય નથી તેથી હાલના તબક્કે ઇ-૮૫ ફ્યુઅલનો વપરાશ વધારવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. એ એ માટે પહેલા તબક્કામાં દિલ્હી અને મુંબઈ-પુણે-નાગપુર કોરિડોરમાં લગભગ ૧૦૦ જેટલા ઇ-૮૫ ફ્યુઅલ સ્ટેશન ઉભાં કરાશે અને આ વર્ષના અંત સુધીમાં દેશમાં લગભગ ૫૦૦ ઇ-૮૫ ફ્યુઅલ પંપ હશે. ૨૦૨૭ના અંત સુધીમાં દેશના તમામ મુખ્ય શહેરોમાં લગભગ ૫૦૦૦ ઇ-૮૫ ફ્યુઅલ પંપ શરૂ કરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. મોદી સરકારનો ઈરાદો શુભ છે અને દેશ માટે ફાયદાકારક છે તેમાં શંકા નથી પણ ભારત જેવા ટેક્નોલોજી માટે બીજા પર નિર્ભર દેશ માટે આ ઉદ્દેશને પાર પાડવો કપરો તો છે જ. તેનું કારણ એ કે, ભારત વ્હિકલ્સના ઉત્પાદન માટે બીજા દેશો પર વધારે પડતો નિર્ભર છે. ભારતમાં ટ્રક સહિતનાં મોટાં વાહનોમાં ભારતીય કંપનીઓની બોલબાલા છે પણ કાર તથા બીજાં વાહનોમાં વિદેશી કંપનીઓનો પ્રભાવ છે.

ભારત પાસે કાર ઉત્પાદનમાં પોતાની કહેવાય એવી ટેક્નોલોજી નથી તેથી વિદેશી કંપનીઓ પોતાનો ધૂમ માલ વેચે છે. ભારતમાં સૌથી વધારે વેચાતી મોટા ભાગની કાર વિદેશી કંપનીઓની છે. આ કારના એન્જિન સહિતની ટેક્નોલોજી વિદેશથી આવે છે ને ભારતના પ્લાન્ટમાં માત્ર તેનું એસેમ્બલિંગ થાય છે. ટાટાને બાદ કરતાં ભારત પાસે પોતાની કહેવાય એવી કોઈ મોટી કાર ઉત્પાદક કંપની નથી. સીએનજીથી ચાલતી કાર્સમાં પણ ઈટાલિયન બનાવટની સીએનજી કિટ વપરાય છે ત્યારે ફ્લેક્સ-ફ્યુઅલ કાર માટેની ટેક્નોલોજી ભારત પોતે વિકસાવી શકે એ અઘરું છે.

ભારતમાં કારનું મોટું બજાર છે પણ લોકોની ખરીદશક્તિ બહુ નથી. આ કારણે કંપનીઓ પરંપરાગત રીતે પેટ્રોલ-ડીઝલ પર ચાલતાં વાહનો બનાવીને વેચે છે. અમેરિકા કે યુરોપની જેમ હાયબ્રિડ કાર્સ ભારતમાં છે જ નહીં. હવે ફ્લેક્સ-ફ્યુઅલ કાર બનાવવી હોય તો કંપનીઓએ નવી ટેક્નોલોજી અપનાવીને પ્રોડક્શન લાઈન બદલવી પડે. નવી ટેક્નોલોજીમાં રોકાણમાં જંગી ખર્ચ થાય તેથી કારની પડતર કિંમત વધે. ભારતમાં ઊંચી કિંમતની કાર ખરીદનારા બહુ ઓછા છે તેથી કંપનીઓને તેમાં રસ ના પડે. ભારતમાં લોકો લાખ રૂપિયામાં કાર મળે એવાં સપનાં જોતા હોય ત્યારે ને કંપનીઓ તેમને સંતોષવા સસ્તી કાર બનાવવા મથે છે ત્યારે ફ્લેક્સ-ફ્યુઅલ કાર કોણ ખરીદે એ સવાલ છે.

આ સવાલ યોગ્ય છે કેમ કે મારુતિએ બજારમાં મૂકેલી ફ્લેક્સ ફ્યુઅલ કારની કિંમત લગભગ સાડા આઠ લાખ રૂપિયા હશે, ટેક્સ ને બીજું બધું અલગ એ જોતાં ઓન રોડ ૧૦ લાખ રૂપિયામાં પડે. ૬ લાખ રૂપિયામાં મળતી કાર ૧૦ લાખમાં કોણ લે ? ભારતમાં ઈલેક્ટ્રિક કાર સહિતના પેટ્રોલના વિકલ્પરૂપ વાહનોને નડતી સમસ્યા ફ્લેક્સ ફ્યુઅલ વ્હિકલ્સને પણ નડે જ તેથી કંપનીઓને તેમાં રસ ના પડે એ સ્વાભાવિક છે. આ કારણે જ ચાર વર્ષ પહેલાં નીતિન ગડકરી દરેક કંપનીએ ફરજિયાત ફ્લેક્સ ફ્યુઅલ કારનું ઉત્પાદન લાવવાનું ફરમાન કર્યા પછી પાણીમાં બેસી ગયેલા.

ભારતે આ સમસ્યાના નિવારણ માટે બ્રાઝિલ મોડલ અપનાવવું પડે. વિશ્વમાં ફ્લેક્સ ફ્યુઅલ વ્હિલ્સમાં સૌથી સફળ બ્રાઝિલ છે. અત્યારે રસ્તા પર દોડતી કારમાંથી ૨૦ ટકા કારમાં બળતણ તરીકે માત્ર ને માત્ર ઈથેનોલનો ઉપયોગ થાય છે. વિશ્વમાં ૧૯૭૦માં ક્રૂડ ઓઈલની કટોકટી વખતે બ્રાઝિલે ઇથેનોલનો વાહનોમાં બળતણ તરીકે ઉપયોગ શરૂ કર્યો અને આ પ્રયોગને સફળ કરવા સરકારે પ્રો-આલ્કુલ પ્રોગ્રામ જાહેર કર્યો. આ પ્રોગ્રામ હેઠળ ઈથેનોલ આધારિત ટેક્નોલોજીને વિકસાવવામાં સરકારે મદદ કરી. બ્રાઝિલે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં એક કદમ આગળ વધીને ફ્લેક્સ-ફ્યુઅલ ક્રાંતિ દ્વારા ઈલેક્ટ્રોનિક સેન્સરથી સજ્જ એન્જિન બનાવ્યાં. આ સેન્સર ક્યા પ્રકારનું બળતણ ટાંકીમાં છે તે શોધી કાઢે છે ને એન્જિન તેના આધારે ચાલે છે તેથી ૧૦૦ ટકા ઈથેનોલ નાંખો તો પણ કાર ચાલે છે. ભારત સરકારે બ્રાઝિલની મદદથી કે પોતાની તાકાત પર ભારત માટેની ફ્લેક્સ-ફ્યુઅલ ટેક્નોલોજી વિકસાવીને કંપનીઓને આ ટેક્નોલોજીનો ઉપયોગ ફરજિયાત કરવાની ફરજ પાડવી પડે. તેના કારણે ધીરે ધીરે ફ્લેક્સ ફ્યુઅલ વ્હિકલ્સનું ઉત્પાદન વધશે ને લોકોએ ફરજિયાત એ જ ખરીદવાં પડશે. આ વિકલ્પ થોડો આકરો છે પણ વરસે ૧૦ લાખ કરોડ રૂપિયા ક્રૂડની આયાત પાછળ વેડફી દેતા ભારત પાસે બીજો વિકલ્પ જ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, સોમવાર, તા. ૮-૬-૨૦૨૬, કાલાષ્ટમી, પંચક

- ભારતીય દિનાંક ૧૮, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૩મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા સવારે ક. ૦૯-૦૯ સુધી પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૬ (તા. ૯).
- ઓટઃ સવારે ક. ૧૦-૩૫, મધ્ય રાત્રે ક. ૦૦-૦૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ - અષ્ટમી. કાલાષ્ટમી, પંચક, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં બપોરે ક. ૧૩-૩૪, વાહન, દેડકો (સંયોગિયું નથી). પંચક શુક્ર કર્ક ક. ૧૭-૪૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ભૈરવદેવતાનું પૂજન, દેવી દુર્ગાનું પૂજન, સપ્તસતી પાઠ વાંચન, કદંબનું વૃક્ષ વાવવું. ચંદ્ર-ગુરુ-રાહુ દેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, પશુ લે-વેંચ, આંબો વાવવો.
- પુરુષોત્તમ માસ મહિમાઃપુરુષોત્તમ માસનું વ્રત સવાયું છે. સાધારણ પણ સત્કર્મ થાય. સમય અનુસાર શ્રદ્ધાથી થોડી પણ ભક્તિ થાય તો પણ અલ્પકાળમાં ઘણું ઘણું પુણ્ય પ્રાપ્ત થાય છે. પુરુષોત્તમ માસમાં સહજ અને શ્રદ્ધાપૂર્વકની એક સમયની ભક્તિ પણ હજારગણું પુણ્યફળ આપે છે. આ માસમાં ઓમ નમો નારાયણ મંત્રનો સતત માનસિક જાપ કરવાથી માનસિક તણાવ દૂર થાય છે.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ સામાન્ય વ્યવહારમાં મુશ્કેલી પડે, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૯) સૂર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-મિથુન/કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ભારતમાં ઘટતા જન્મદરથી મસ્ક પરેશાન, ભાવિ વિશે આપી ચેતવણી

વોશિંગ્ટનઃ ટેસ્લા અને સ્પેસએક્સના સીઇઓ ઇલોન મસ્કે ભારતના ઘટતા જન્મદર અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ભારતનો જન્મદર હવે રિપ્લેસમેન્ટ લેવલથી નીચે પહોંચી ચૂક્યો છે જે લાંબા ગાળે વસ્તી માળખા પર મોટી અસર કરી શકે છે. મસ્કે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ભારતનો જન્મ દર ઘણા વર્ષો પહેલા જ શિક્ષિત વર્ગમાં રિપ્લેસમેન્ટ લેવલથી નીચે આવી ગયો છે. ભારતનો કુલ પ્રજનન દર ઘટીને ૧.૯ની આસપાસ થઈ ગયો છે, જ્યારે રિપ્લેસમેન્ટ લેવલ ૨.૧ માનવામાં આવે છે.મસ્કે ભારતના ડેમોગ્રાફિક ફેરફાર પર પોતાનો મત વ્યક્ત કર્યો હતો અને ચેતવણી આપી હતી કે દેશનો જન્મ દર રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે આવી ગયો છે. ભારતનો ઘટતો પ્રજનન દર ઘણા દેશોમાં જોવા મળતા ટ્રેન્ડ જેવો જ છે. દેશની સૌથી વધુ શિક્ષિત વસ્તીમાં જન્મ દર વર્ષો પહેલા રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે આવી ગયો હતો. ૨૦૨૪ના સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (એસઆરએસ) રિપોર્ટ અનુસાર, ભારતનો પ્રજનન દર રિપ્લેસમેન્ટ લેવલથી નીચે આવી ગયો છે. રિપોર્ટમાં બતાવવામાં આવ્યું છે કે દેશનો કુલ પ્રજનન દર પ્રતિ મહિલા ૨.૧થી ઘટીને ૧.૯ બાળકો થયો છે. ફર્ટિલિટીનો રિપ્લેસમેન્ટ લેવલ પ્રતિ મહિલા ૨.૧ બાળકો નક્કી કરવામાં આવ્યો છે. તે એવું જરૂ રી સ્તર માનવામાં આવે છે જેનાથી કોઈ વસ્તી સ્થળાંતર વિના એક પેઢીથી બીજી પેઢીમાં બદલાવ કરી શકે. ડેટા પરથી જાણવા મળે છે કે મોટાભાગના ભારતીય રાજ્યો હવે આ બેન્ચમાર્કથી નીચે સરકી ગયા છે.

# આજે 'ઇન્ડિ' ગઠબંધનની બેઠકમાં ૨૩ પક્ષ હાજરી આપશે

નવી દિલ્હીઃ 'ઇન્ડિ' ગઠબંધનની બેઠક આજે સોમવારે નવી દિલ્હીમાં મળશે, જેમાં ૨૩ રાજકીય પક્ષો સામેલ થશે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે આ ગઠબંધન મોદી સરકારની નીતિઓ, મોંઘવારી, બેરોજગારી અને બંધારણીય મુદ્દાઓ પર એક થઈને ચર્ચા કરશે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે 'ઇન્ડિ' ગઠબંધનની બેઠક આજે બપોરે ૧૨ વાગ્યે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે યોજાશે. તેમણે જણાવ્યું હતું કે ૨૩ રાજકીય પક્ષોએ બેઠકમાં સામેલ થવાની પુષ્ટી કરી છે. કેટલાક પક્ષો વ્યક્તિગત કારણોસર હાજરી આપી શકશે નહીં, પરંતુ તેમણે ગઠબંધનના મુદ્દાઓ અને એજન્ડા પ્રત્યે સમર્થન આપ્યું છે.ન્યૂઝ એજન્સીના મતે ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસે બેઠકને મજબૂત સમર્થન આપ્યું છે જેમાં પાર્ટીના વડા મમતા બેનરજી રવિવારે દિલ્હીમાં હાજરી આપવા માટે રવાના થયા હતા. ટીએમસી રાજ્યસભાના સાંસદ ડેરેક ઓ'બ્રાયને રમેશની પોસ્ટનો જવાબ આપતા કહ્યું હતું કે એક સમાન હેતુ અને સ્પષ્ટ ઇરાદા સાથે બેઠક. 'ઇન્ડિ' ગઠબંધન એક છે. ઘણા પક્ષો પરસ્પર ભાઈચારાની ભાવના સાથે બેઠક કરવા માટે આતુર છે. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, મમતા બેનરજી, પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી, ઉદ્ધવ ઠાકરે, અખિલેશ યાદવ, રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતના નેતાઓ બેઠકમાં સામેલ થાય તેવી અપેક્ષા છે. બેઠકનો ઔપચારિક એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી પરંતુ કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે વિરોધ પક્ષો ચોક્કસ મુદ્દાઓ પર એક છે.

# તૂર્કી અને બાંગ્લાદેશ વચ્ચે સંરક્ષણ કરાર

નવી દિલ્હીઃ બાંગ્લાદેશ અને તૂર્કીએ દ્વિપક્ષી સંબંધો મજબૂત બનાવવા સંરક્ષણ અને વિદેશી બાબત પર પ્રધાન કક્ષાની સંયુક્ત સમિતિ બનાવાની સહમતી સધાઈ છે. બાંગ્લાદેશના વડા પ્રધાન તારીક રહમાન અને તુર્કીના વિદેશપ્રધાન હકમન ફિદાન વચ્ચેની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બાંગ્લાદેશની સરકારી સમાચાર એજન્સીએ વડા પ્રધાનને ટાંકીને કહ્યું હતું કે બાંગ્લાદેશ અને તૂર્કીએ સંરક્ષણ અને વિદેશી બાબતોમાં સંબંધો મજબૂત બનાવવા સંયુક્ત સમિતિ રચવાનો નિર્ણય લીધો છે.

ફિદાને કહ્યું હતું કે મારી મુલાકાતથી બે દેશ વચ્ચેના સંબંધો વ્યૂહાત્મક સ્તરે પહોંચ્યા છે. તેમણે તૂર્કીના પ્રમુખ રેસેપ તાયીપ ઈર્દોગનની વધાઈ બાંગ્લાદેશને વ્યકત કરી હતી. રહેમાને ફિદાન સાથે રોહિંગ્યા કટોકટી, ઋતુપરિવર્તન વેપાર અને રોકાણ. સંયુક્ત ઉત્પાદન તેમજ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય બાબતો પર ચર્ચા કરી હતી. (એજન્સી)

# ભારતની તોતિંગ ઊર્જા માગ વૈશ્વિક બજારનું નવઘડતર કરશે

સેન્ટ પિટર્સબર્ગ (રશિયા): આગામી દસકામાં વિશ્વની ઑઈલ ડિમાન્ડની અડધી માગ ભારતની હશે અને વૈશ્વિક તેલ માગના વધારામાં ૧૫ ટકાનું યોગદાન ભારતનું હશે, એમ રશિયાના તેલ ઉત્પાદક રોસનેફ્ટના ચીફ એક્ઝિક્યુટિવ ઈગોર સેચિને કહ્યું હતું.

સેન્ટ પિટર્સબર્ગ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમમાં બોલતા સેચિને કહ્યું હતું કે ભારતનો તેલ વપરાશ ૨૦૩૫ સુધી ૪૪ ટકા વધીને દરરોજનો ૮૦ લાખ બેરલ થઈ જશે, જ્યારે વીજળીની માગ ૮૦ ટકા વધીને ૩,૦૦૦ ટેરોવોટ-અવર્સ થશે જે યુરોપિયન યુનિયનના સ્તરે પહોંચશે. તેમણે કહ્યું હતું કે અમારા વ્યૂહાત્મક ભાગીદારની વાત કરતા મારે ભારતનો ખાસ ઉલ્લેખ કરવો પડે. ભારતનું અર્થતંત્ર વિશ્વનો ઊર્જા વપરાશ વધારનાર મુખ્ય દેશ હશે.

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના અંદાજ પ્રમાણે આગામી દસ વર્ષમાં વીજળીની વૈશ્વિક માગના વધારામાં ૨૦ ટકા ફાળો ભારતનો હશે. આગામી દસ વર્ષમાં તેલના બજારમાં પણ અજોડ સ્થિતિમાં હશે.

વિશ્વની કુલ માગની પચાસ ટકા માગ ભારતની હશે. જોકે સેચિને ચેતવણી આપી હતી કે હોર્મુઝની ખાડીની લડાઈ અને ભૂરાજકીય તંગદિલીને લીધે ભારતની ઊર્જા સુરક્ષા સામે મોટો ભય ઊભો થઈ શકે. પશ્ચિમ એશિયાની લડાઈની ભારતીય અર્થતંત્રની જરૂરિયાત પર નકારાત્મક અસર પડશે. (એજન્સી)

# અમેરિકામાં ઓહાયો ફેસ્ટિવલમાં આડેધડ ગોળીબાર, ૧૨ જણને ઈજા

ટોલેડોઃ અમેરિકાના ટોલેડોમાં ઓહાયો ફેસ્ટિવલમાં શનિવારે ગોળીબારની ઘટના બની હતી. જેમાં ૧૨ લોકો ઘાયલ થયા હતા. ઘટના દરમિયાન ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. ગોળીબારનો અવાજ સાંભળીને લોકો પોતાનો જીવ બચાવવા આમતેમ દોડવા લાગ્યા હતા. પોલીસ શકમંદોની શોધખોળ કરી રહી છે.ટોલેડોના ડેપ્યુટી ચીફ જો હેફર્નને જણાવ્યું કે ઘાયલોમાંથી બેની હાલત ગંભીર છે. તેમણે કહ્યું કે ઓછામાં ઓછા બે લોકો હથિયારો ચલાવી રહ્યા હતા. કદાચ તેઓ એકબીજા પર ગોળીબાર કરી રહ્યા હતા. ટોલેડો પોલીસ વિભાગે જણાવ્યું કે ગોળીબાર ઓલ્ડ વેસ્ટ એન્ડ ફેસ્ટિવલ નજીક થયો હતો. જે શહેરના એક ઐતિહાસિક વિસ્તારમાં થતું વાર્ષિક આયોજન છે. જેમાં લાઇવ મ્યુઝિક અને હોમ ટુરનો સમાવેશ થાય છે.વિભાગે જણાવ્યું કે ઘટના પાછળ જવાબદાર લોકોની શોધખોળ ચાલુ છે. સોશ્યલ મીડિયા પર ફરતાં ઘણા વીડિયોમાં લોકો ગોળીનો અવાજ સાંભળીને આમતેમ દોડતા જોવા મળી રહ્યા હતા. તેમજ ઇમરજન્સી અધિકારીઓ ઘાયલોને મદદ કરતાં જોવા મળી રહ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે ઓલ્ડ વેસ્ટ એન્ડ ફેસ્ટિવલ ટોલેડોના ઐતિહાસિક વિસ્તારમાં બે દિવસ સુધી ચાલતો એક ઉત્સવ છે.

# ટ્રમ્પના એઆઈની બાબતોના સલાહકાર કૃષ્ણન હોદ્દો છોડશે

નવી દિલ્હીઃ વાઇટ હાઉસમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (અઈ) પોલિસી એડવાઇઝર (સલાહકાર) શ્રીરામ કૃષ્ણન રાજીનામું આપશે. શનિવારે તેમણે આ અંગેની જાહેરાત કરી હતી. કૃષ્ણનને જણાવ્યું કે તેઓ જૂનના અંતમાં પોતાનું પદ છોડી દેશે. કૃષ્ણનને આ નવી અને મહત્વની ટેક્નોલોજી માટે નીતિઓ બનાવવામાં અમેરિકાની મદદ કરી હતી.કૃષ્ણનને કહ્યું કે આ સફર તેમના માટે જીવનભરનો એક ખાસ અનુભવ રહ્યો છે. જોકે, તેમણે પદ છોડવા પાછળનું કોઈ ચોક્કસ કારણ જણાવ્યું નથી.શ્રીરામ કૃષ્ણનનું ભારત સાથે ખૂબ જ ઊંડું કનેક્શન (જોડાણ) છે, જોકે તેઓ હવે અમેરિકાના નાગરિક છે. તેમનો જન્મ તમિળનાડુના ચેન્નઇમાં થયો હતો. તેમણે ચેન્નાઇની એસઆરએમ યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો અને ૨૦૦૭માં તેઓ અમેરિકા જતા રહ્યા હતા. ત્યારબાદ તેમણે માઈક્રોસોફ્ટ, યાહૂ, ફેસબુક, ટ્વિટર અને સ્નેપ જેવી મોટી ટેક કંપનીઓમાં કામ કર્યું.

# ઇઝરાયલમાં ગોળીબારમાં એકનું મોત, પાંચ ઘાયલ

તેલ અવીવઃ ઇઝરાયલના મધ્ય વિસ્તાર કોખાવ યાઇર નજીક થયેલી ગોળીબારની ઘટનાને પગલે સમગ્ર દેશમાં સુરક્ષાને લઇને ચિંતાઓ વધી છે. રવિવારે ઇઝરાયલી નાગરિકતા ધરાવતા એક પેલેસ્ટિનિયન વ્યક્તિએ ગોળીબાર કર્યો હતો. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે પાંચ ઘાયલ થયા હતા.

ઇઝરાયલ પોલીસના જણાવ્યા મુજબ હુમલાખોરને પોલીસે ઠાર માર્યો હતો. બચાવ સેવા મેગેન ડેવિડ એડોમે જણાવ્યું કે વેસ્ટ બૅન્કની સરહદ નજીક ઇઝરાયલી પ્રદેશમાં સ્થિત કોખાવ યાઇર નજીક એક ગેસ સ્ટેશન પર ગોળીબાર થયાની પહેલી સૂચના મળી હતી. ત્યારબાદ ત્સુર નતાન, ત્સુર યિત્ઝાક નગરો અને વેસ્ટ બેંકની અંદર આવેલી ઈઝરાયલી વસાહત સલિત નજીક ગોળીબારના સમાચાર મળ્યા હતા.

પોલીસે રવિવારે હુમલામાં સંડોવાયેલા બીજા શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે ધરપકડ દરમિયાન આ શખ્સે કાચની બોટલથી પોલીસ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઇને ઇજા થઇ ન હતી. આ મામલાની વધુ તપાસ ચાલી રહી છે.

ઇઝરાયલની બચાવ સેવા મેગેન ડેવિડ એડોમના જણાવ્યા અનુસાર કોખાવ યાઇર નગરમાં એક ૩૫ વર્ષીય ઇઝરાયલી વ્યક્તિનું મૃત્યુ થયું હતું. ગોળીબારમાં કુલ પાંચ લોકો ઘાયલ થયા છે. જેમાંથી બેની હાલત ગંભીર હતી.

પહેલા પાનાનું ચાલુ

## ધર્મેન્દ્ર પ્રધાનનું

પ્રક્રિયાઓમાં કથિત અનિયમિતતાઓ સામેનું તેમનું આંદોલન જ્યાં સુધી કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી અટકશે નહીં. તેમણે દાવો કર્યો હતો કે જંતર મંતર પરનું તેમનું પ્રદર્શન સફળ રહ્યું છે અને હવે આ આંદોલનને દેશવ્યાપી વિસ્તારવામાં આવશે.

અભિજિતે જણાવ્યું હતું કે જો પ્રધાન રાજીનામું નહીં આપે તો તેઓ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરશે.

પત્રકારો સાથે વાત કરતા દિપકેએ એવો પણ દાવો કર્યો હતો કે શનિવારે નવી દિલ્હીમાં જંતરમંતર ખાતે કરવામાં આવેલુ વિરોધ પ્રદર્શન સફળ રહ્યું હતું. જેમાં લગભગ ૭,૦૦૦ લોકોએ ભાગ લીધો હતો. તેમણે ઉમેર્યું હતું કે આ આંદોલન હવે દેશભરમાં ફેલાવવામાં આવશે. આ એક યુવા નેતૃત્વ હેઠળનું ઓનલાઈન આંદોલન છે જે નીટ, સીબીએસઈ, સીયુઈટી અને એસએસસી પરીક્ષાઓ સહિતની પરીક્ષાઓ અને ભરતી પ્રક્રિયાઓમાં કથિત ગેરરીતિઓ માટે જવાબદારીની માંગ કરી રહ્યું છે.

અભિજિત રવિવારે સવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લાના એમઆઈડીસી વાલુજ વિસ્તારમાં તેમના નિવાસસ્થાને પહોંચ્યા અને તેમના પરિવારના સભ્યો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે કોકરોચ જનતા પાર્ટી દ્વારા હાથ ધરવામાં આવેલું આંદોલન જ્યાં સુધી કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી બંધ થશે નહીં.

તેમણે કહ્યું કે અમે (જંતરમંતર પર) જે વિરોધ પ્રદર્શન કર્યું હતું તે સફળ રહ્યું, કારણ કે તેમાં ૬,૦૦૦ થી ૭,૦૦૦ લોકો હાજર રહ્યા હતા. આ આંદોલન દેશભરમાં ફેલાશે. જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી અમે પીછેહટ કરીશું નહીં. આ આંદોલનને દેશભરમાં લઈ જવા માટે અમે યોજના બનાવીશું. દરમિયાન દિપકના નિવાસસ્થાન પર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

એમઆઈડીસી વાલુજ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ કહ્યું કે ''અમે આજથી તેમના નિવાસસ્થાન પર સુરક્ષા વધારી દીધી છે. પહેલા ૧૧ સુરક્ષા કર્મચારીઓ તૈનાત હતા, હવે તેમની સંખ્યા ૧૫ થઈ ગઈ છે. તહેનાત કરાયેલા કર્મચારીઓ સ્થાનિક પોલીસ સ્ટેશન તેમજ શહેર પોલીસ મુખ્યાલયના છે.''

રાષ્ટ્રીય રાજધાનીમાં એક પત્રકાર પરિષદમાં સીજેપીના પ્રવક્તાઓએ જાહેરાત કરી હતી કે તેઓ કેન્દ્ર દ્વારા પ્રધાનને હટાવવા અથવા તેમના સ્વૈચ્છિક રાજીનામાની રાહ જોવા માટે એક અઠવાડિયાની રાહ જોશે, ત્યારબાદ તેઓ દેશવ્યાપી વિરોધ શરૂ કરશે. દિપક શનિવારે સવારે અમેરિકાથી દિલ્હી પહોંચ્યા હતા.

## 'ખાસ સંદેશ'

ઇરાન અને અમેરિકા વચ્ચે વાટાઘાટો ફરી શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ઇરાનના સુપ્રીમ લીડર માટે અસિમ મુનીરનો સંદેશ લઈને ગયા હતા. નોંધનીય છે કે આઠમી એપ્રિલના રોજ પ્રારંભિક યુદ્ધવિરામ સાથે ઇરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધનો અંત આવ્યો હતો પરંતુ બંન્ને પક્ષો હજુ સુધી લાંબા યુદ્ધવિરામ માટે સહમત થયા નથી. જોકે ગયા સપ્તાહમાં અમેરિકાની મધ્યસ્થતામાં યુદ્ધવિરામ વધારવાની જાહેરાત થતાં ઇઝરાયલ અને લેબેનીઝ આતંકવાદી જૂથ હિઝબુલ્લાહ વચ્ચેની લડાઈ ચાલુ રહી હતી.

ઇરાની સરકારે એક નિવેદનમાં કહ્યું હતું કે પાકિસ્તાનના ગૃહપ્રધાન ખાસ સંદેશો સાથે મોહસીન નકવીએ રવિવારે તેહરાનમાં ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી સાથે મુલાકાત કરી હતી અને વડાપ્રધાન શાહબાઝ શરીફનો લેખિત સંદેશ આપ્યો હતો. આ સંદેશ ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામનેઈને સંબોધીને લખવામાં આવ્યો છે.

ઇરાની સરકારે એક પોસ્ટમાં લખ્યું કે પાકિસ્તાનના ગૃહપ્રધાન મોહસીન નકવીએ શનિવારે તહેરાનમાં વિદેશ પ્રધાન અરાઘચી સાથે મુલાકાત કરી હતી, જેમાં ઈસ્લામિક ક્રાંતિના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા ખામનેઈને સંબોધીને લખવામાં આવેલા પીએમ શાહબાઝ શરીફનો લેખિત સંદેશ આપવામાં આવ્યો હતો.

યુદ્ધવિરામ કરારના થોડા દિવસો પછી ઇઝરાયલે બૈરૂતના દક્ષિણ વિસ્તારો પર હુમલો કર્યો હતો. ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે આ હુમલાઓ હિઝબુલ્લાહ આતંકવાદી જૂથ દ્વારા ઉત્તર ઇઝરાયલ તરફ અગાઉ કરવામાં આવેલા ફાયરિંગનો બદલો હતો. હિઝબુલ્લાહે તાત્કાલિક તે હુમલાઓની જવાબદારી સ્વીકારી ન હતી.

## વારાણસીમાં

તિવારીની અધ્યક્ષતામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી જેમાં આ પ્રસ્તાવને મંજૂરી અપાઈ હતી. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે શહેરના વિકાસના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, જે દરમિયાન સભ્યોએ માંસ અને માછલીની દુકાનોને શહેરની બહારના વિસ્તારમાં સ્થાનાંતરિત કરવાની યોજનાને ટેકો આપ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનર હિમાંશુ નાગપાલે માહિતી આપી હતી કે પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે પાંચ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ સ્થળો શહેરના બહારના વિસ્તારોની નજીક છે જેથી રહેવાસીઓને ઓછામાં ઓછી અસુવિધા થાય. અધિકારીઓએ જણાવ્યું હતું કે યોજનાના ભાગરૂપે શહેરમાં હાલમાં કાર્યરત માંસ અને માછલીની દુકાનોને આગામી દિવસોમાં રામનગર, સુજાબાદ, ગણેશપુર, અવલેશપુર અને શિવપુરમાં સ્થાનાંતરિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ પગલાનો હેતુ સ્વચ્છતામાં સુધારો કરવાનો અને આવા બજારોની કામગીરીને સુવ્યવસ્થિત કરવાનો છે, સાથે સાથે ગ્રાહકો માટે આ વસ્તુઓની સરળ પહોંચ સુનિશ્ચિત કરવાનો છે.

## પિત્ઝાનો ફેંક

કામ કરતો હતો. વધુ પૈસા કમાવવા માટે વીકએન્ડમાં પિત્ઝા ડિલિવરીનું કામ કરતો હતો. તેણીએ કહ્યું કે તેને(અંશુલ) માથામાં ત્રણ ગોળી મારીને રસ્તા પર ફેંકી દેવામાં આવ્યો હતો.તેણીએ વધુમાં જણાવ્યું કે તેની પાસેથી કોઇ લૂંટ થઇ નથી. તેને એક સૂમસામ વિસ્તારમાં પિત્ઝા ડિલિવરી માટે બોલાવવામાં આવ્યો હતો અને બાદમાં તે એક ષડ્યંત્ર હોવાની જાણ થઇ હતી. તે એક જાળ હતી. ઇરાદો તેને મારી નાખવાનો હતો. મૃતકની બહેને ન્યાયની માંગ કરી અને વિદેશ મંત્રાલયને તેમના ભાઇના મૃતદેહને જલદી પરત લાવવાની અપીલ કરી હતી.અમેરિકન મીડિયા અહેવાલોમાં હત્યારાઓ કાળા માસ્ક અને બેકપેક પહેરેલા બે બંદૂકધારી હોવાનું જણાવાયું છે.

### શેત્રુંજય મહાતીર્થની સુરક્ષા સામે સવાલ

# ડુંગર પર સિંહ યાત્રિકની બેગ ખેંચી જતા ભયનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જૈનોના પરમ પવિત્ર અને આસ્થાના કેન્દ્ર સમાન પાલીતાણાના શ્રી શેત્રુંજય મહાતીર્થ પર યાત્રિકોની સુરક્ષા અને સલામતીને લઈને ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. રોજ હજારોની સંખ્યામાં દેશ-વિદેશથી ભાવિકો અહીં પવિત્ર ડુંગરની યાત્રા તેમજ દેરાસરોના દર્શન-વંદન કરવા માટે આવે છે. જોકે તાજેતરમાં બનેલી એક ચોંકાવનારી ઘટનાને પગલે યાત્રિકોમાં ભારે ગભરાટ અને ભયનો માહોલ ફેલાયો છે.

ભાવનગરના જૈન અગ્રણી દિવ્યકાંત સલોત એ મીડિયા સમક્ષ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તા. ૬ જૂન રોજ શેત્રુંજય ડુંગર ઉપરથી એક યાત્રિકની બેગ સિંહ ઉઠાવી (ખેંચી) ગયો હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટનાને પગલે ડુંગર પર હાજર યાત્રિકોમાં અફરાતફરી અને ફફડાટ વ્યાપી ગયો હતો. હાલમાં ડુંગર પર અનેક યાત્રિકો આરાધના કરી રહ્યા છે, જેમાં ખાસ કરીને '૯૯ ની યાત્રા' કરી રહેલા નાનાં બાળકો અને પરિવારો ભારે મૂંઝવણ અને ડરના ઓથાર હેઠળ આવી ગયા છે. જૈન અગ્રણીઓએ આક્રોશ સાથે જણાવ્યું છે કે આ કોઈ પ્રથમ ઘટના નથી. અગાઉ પણ પવિત્ર ડુંગર ઉપર યાત્રિકોને રસ્તામાં લૂંટી લેવાના બનાવો, ડુંગર પર આવેલા પવિત્ર જિનાલયોમાં (દેરાસરોમાં) ચોરી થવાની ઘટનાઓ,

વન્યજીવો અને ખાસ કરીને સિંહોની ડુંગર પર અવારનવાર અવરજવર થવી.આવા વિવિધ બનાવોને કારણે યાત્રિકોની જાનમાલની સલામતી સામે વારંવાર મોટા પ્રશ્નાર્થ ચિહ્નો મુકાયા છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તથા સ્થાનિક તંત્રને આ અંગે અગાઉ પણ અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં હજુ સુધી કોઈ નક્કર કે સંતોષકારક પરિણામ આવ્યું નથી.

"પવિત્ર શેત્રુંજય ડુંગર પર રોજ હજારો ભાવિકો આવે છે. ભવિષ્યમાં આવી કોઈ મોટી હોનારત કે અનિચ્છનીય ઘટના ન બને તે માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને વહીવટી તંત્રે તાત્કાલિક અસરથી સુરક્ષા અને સલામતીના કડક પગલાં લેવા અનિવાર્ય બન્યા છે. સમગ્ર જૈન સમાજ વતી વહીવટી તંત્ર અને પેઢી સમક્ષ માગ કરવામાં આવી છે કે, ડુંગર પર સિક્યોરિટી ગાર્ડ્સનું પેટ્રોલિંગ વધારવામાં આવે, વન વિભાગ સાથે સંકલન સાધી વન્યજીવોથી યાત્રિકોનું રક્ષણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે અને સમગ્ર યાત્રાધામ સુરક્ષિત બને તે માટે યુદ્ધનાં ધોરણે પગલાં ભરવામાં આવે.

# અમદાવાદ મનપાની ચેતવણીઃ ચોમાસામાં પાણી ભરાયેલા અંડરબ્રિજમાં વાહનચાલકોએ જવું નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સખત ગરમી છે અને લોકો વરસાદ આવે તો રાહત મળે તેવું ઈચ્છી રહ્યા છે, પરંતુ વરસાદની સાથે પાણી ભરાવાની શક્યતાઓ પણ હોય છે ત્યારે અમદાવાદ પાલિકાએ નાગરિકોને ચેતવણી આપી દીધી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એએમસી દ્વારા ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખીને શહેરના નાગરિકો માટે એક 'જાહેર જનતા જોગ ચેતવણી' બહાર પાડીને શહેરના ૨૫ જેટલા જૂના અને નવા અંડરપાસમાં ભારે વરસાદના કારણે જો કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી નાગરિકોની રહેશે તેમ જણાવી દીધું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખીને શહેરના નાગરિકો માટે એક 'જાહેર જનતા જોગ ચેતવણી' બહાર પાડવામાં આવી છે. શહેરમાં આવેલા સ્ટેડિયમ, ઉસ્માનપુરા, પરિમલ, અખબારનગર અને મીઠાખળી સહિત કુલ ૨૫ જેટલા જૂના અને નવા અંડરપાસમાં ભારે વરસાદના કારણે પાણી ભરાવવાની સમસ્યા સર્જાય છે.

મનપાની જાહેર જનતા જોગ ચેતવણીમાં જણાવવામાં આવ્યું છે કે તંત્રની સૂચના છતાં ઘણા વાહનચાલકો જોખમ ખેડીને આ રસ્તાઓનો ઉપયોગ કરે છે. આ પ્રકારની બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે અને ગંભીર અકસ્માત કે જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા રહેલી હોવાથી કોર્પોરેશને નાગરિકોને સાવચેત કર્યા છે.

# વલસાડમાં ઇન્સ્ટા પર "I quit bye world" સ્ટેટસ મૂકી યુવકનો ૧૩મા માળેથી કૂદીને આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લામાં આપઘાતનો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. જેમાં સરદાર હાઇટ્સ સોસાયટીની દમણગંગા વિંગના ૧૩મા માળેથી કૂદીને એક ૨૨ વર્ષીય યુવકે આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ હતી. મૃતક યુવકની ઓળખ માનવ પટેલ તરીકે થઈ છે. ૧૩મા માળેથી નીચે પટકાતાં જ યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંતિમ પગલું ભરતાં પહેલાં યુવકે તેના ઇન્સ્ટાગ્રામ સ્ટેટસમાં "I quit bye world" લખીને આપઘાત કરી લીધો હતો. શહેરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા મધ્યમ વર્ગના પરિવારો માટે બનાવવામાં આવેલી સરદાર હાઇટ્સ સોસાયટીમાં માનવ પટેલનો પરિવાર રહેતો હતો. માનવ જાણીતી પિઝા ફ્રેન્ચાઈઝી માટે પાર્ટ-ટાઇમ નોકરી કરતો હતો અને ઘટનાના દિવસે તે રજા પર હતો. પ્રાથમિક માહિતી મુજબ, યુવકની આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે તે છેલ્લા કેટલાક સમયથી ભારે માનસિક તણાવ અને મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો હતો, જેના પરિણામે જ તેણે જીવન ટૂંકાવવા જેવું અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

# અમદાવાદના શિલજની બિઝનેસવુમન દિવસના ૪૦ ફોનકોલ્સથી પરેશાન, પોલીસ ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના શિલજ વિસ્તારમાં રહેતી અને ફૂડ ઈમ્પોર્ટ એક્સપોર્ટનો બિઝનેસ કરતી મહિલાએ દિવસમાં ૩૫-૪૦ ફોનકોલ્સથી કંટાળી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ અનુસાર છેલ્લા એક વર્ષથી સતત ફોનકોલ્સ આવે છે અને તેમાં દેવુ ચૂકતે કરવાની વાત કરી ધમકી આપવામાં આવે છે. જ્યારે મહિલાનો દાવો છે કે તેણે આ પ્રકારે કોઈ પાસેથી પૈસા લીધા જ નથી, તેવી માહિતી એક અહેવાલ દ્વારા મળી હતી.

કેરલમ અને મધ્ય પ્રદેશમાં બિઝનેસ માટે કોઓર્ડિનેશન કરતી ફરિયાદી મહિલાએ જણાવ્યું હતું કે આ કોલ્સ જયપુર સ્થિત એક વસૂલાત એજન્સીના એજન્ટના આવે છે. કોલ કરનારાઓનો આરોપ છે કે મહિલાની કંપનીએ કોઈ થર્ડ પાર્ટીને પૈસા આપવાના બાકી છે. મહિલાએ જ્યારે આ પ્રકારે પૈસા આપવાના બાકી નથી તેમ જણાવ્યું હતું ત્યારે તેમણે વધારે આક્રમક થઈ ફોન પર વાત કર્યાનું પણ ફરિયાદમાં જણાવ્યું હતું. મહિલાએ ફોન નંબર બ્લોક કર્યા કે બદલ્યા તો પણ આ પરેશાની ઓછી થઈ નથી. રિકવરી એજન્ટ્સ દિવસ-રાત તેમનાં અંગત નંબર પર ફોન કરી તેમને પરેશાન કરી રહ્યા છે. આના કારણે તેમના ધંધાને અસર થઈ રહી છે અને તેઓ માનસિક ત્રાસ અનુભવે છે, તેમ તેમણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું.

મહિલાની ફરિયાદનું કારણ અગાઉથી ચાલી રહેલા એક ધંધાકીય વિવાદ હોવાનું જણાઈ આવે છે. મહિલાના કહેવા અનુસાર જે પૈસાની વાત કરી રહ્યા છે તે કેસ પહેલેથી કોર્ટમાં છે. આ અંગે પોલીસ ફરિયાદ પણ અમદાવાદમાં થઈ છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ ફોનકોલ્સ તેમનાં પર દબાણ વધારવા અને વેપારી વર્તુળમાં તેમની બદનામી કરવા માટે થઈ રહ્યા છે.

# ખારેકનો પાક વહેલો પાકતાં વૃક્ષો લચી પડ્યાં, સાત સમંદર પાર નિકાસની તડામાર તૈયારી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની આગવી ઓળખ અને 'કચ્છી મેવા' તરીકે જગવિખ્યાત એવી કચ્છી ખારેકની મોસમનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ વર્ષે ઉનાળા દરમિયાન પડેલી ભારે ગરમીના કારણે ખારેકનો ફાલ સમય કરતાં વહેલો પાકી ગયો છે અને વાડીઓમાં પીળી તેમજ લાલ ચટક ખારેકના ઝૂમખાંથી વૃક્ષો લચી પડયાં છે. સ્થાનિક ખેડૂતો માટે 'કમાઉ દીકરા' સમાન ગણાતો આ પાક ચોમાસાના આગમન પૂર્વે જ બજારમાં ઉતારવા માટે કિસાનોએ કમર કસી લીધી છે, જેને પગલે સરહદી જિલ્લાના ખેડૂતોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

કચ્છના મુંદરા, ઝરપરા, મઉં, ગઢશીશા, માંડવી, નાની ખાખર, ધ્રબ, કુકમા, કેરા, કુંદનપર અને જદુરા જેવા વિસ્તારો ખારેકના હબ ગણાય છે. અહીંની વાડીઓમાં દેશી ખારેક ઉપરાંત અદ્યતન ઇઝરાયલી પદ્ધતિથી ઉછેરાયેલી ટિશ્યુ કલ્ચર ખારેકનો મબલક પાક ઉતરી રહ્યો છે, જેનો સ્વાદ અને પૌષ્ટિકતા અનોખી હોય છે.

# વડોદરામાં ગેરકાયદે કતલખાનાનો પર્દાફાશ

અમદાવાદઃ વડોદરાના સમા વિસ્તારમાં આવેલા સંજયનગરમાં ગેરકાયદે ચાલી રહેલું કતલખાનું ઝડપાતા ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદ સ્થિત દર્શના એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશનની ટીમે સ્થાનિક પોલીસ સાથે મળીને આ સમગ્ર વિસ્તારમાં દરોડા પાડી આ ગેરકાયદે કતલખાનાનો પર્દાફાશ કર્યો હતો. આ દરોડા દરમિયાન બે દુકાનમાંથી મોટા પ્રમાણમાં માંસનો જથ્થો અને કતલ માટેનાં સાધનો મળી આવ્યાં હતાં. કબજે કરાયેલા માંસની ગુણવત્તા ચકાસવા અને તે કયા પ્રાણીનું છે તેની તપાસ માટે એફએસએલની મદદ લેવામાં આવી છે. અમદાવાદની દર્શના એનિમલ વેલ્ફેર સંસ્થાને સમા સંજયનગર વિસ્તારમાં ગેરકાયદે રીતે ભૂંડનું કતલ કરી માંસનું વેચાણ થતું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# ભૂકંપના આંચકાથી લોકો ભયભીત, રિક્ટર સ્કેલ પર ૨.૭ની તીવ્રતા નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાપી જિલ્લાના ઉકાઈ અને તેની આજુબાજુના ગ્રામીણ વિસ્તારોમાં આજે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના કારણે આસપાસના વિસ્તારના લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ૭ જૂનના રોજ વહેલી સવારે આ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ' આઇએસઆર દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે વહેલી સવારે ૫:૦૧ વાગ્યે આ ધરતીકંપ નોંધાયો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૭ માપવામાં આવી હતી.ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ આંચકો હળવો હોવાના કારણે કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. અચાનક આવેલી ધ્રુજારીને કારણે લોકો ગભરાઈને જાગી ગયા હતા.

# સુરતમાં ઈટીપી ટૅન્ક સાફ કરવા ઊતરેલા ચાર શ્રમિકનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ફરી ટાંકી સાફ કરવા ઉતરેલા શ્રમિકોનાં મોતની ઘટના ઘટી છે. અહીંની ખાંડ બજારમાં આવેલા જ્વેલરી પ્રોસેસિંગ યુનીટની ઈટીપી ટેંકમાં સફાઈ કરવા ઉતરેલા ચાર શ્રમિકનાં મોત નિપજ્યાં હતાં. આ ઘટના ચોર્યાસી ડેરી પરિસરની નજીક આવેલા રતિ હાઉસ (રતિહ જ્વેલર્સ) માં બની હતી. ફાયર બ્રિગેટના અધિકારીઓના જણાવ્યા અનુસાર, કામદારો નિયમિત સફાઈ માટે ભૂગર્ભ ટાંકીમાં ઊતર્યા હતા ત્યારે તેઓ બેભાન થઈ ગયા અને અંદર ફસાઈ ગયા હતા.

સવારે લગભગ ૧૦:૨૨ વાગ્યે ઇમરજન્સી કોલ મળતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ચારેય કામદારોને બહાર કાઢીને સ્મીમર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

## વેપાર વાણિજ્ય

# મિસાઈલ, ક્રૂડ અને અમેરિકન શૅરબજારના કડાકા બજારને દબાણ હેઠળ રાખશે

*નિલેશ વાઘેલા*

મુંબઇઃ શેરબજારમાં સપ્તાહની શરૂઆત સાવચેતીના માનસ વચ્ચે નિરસ અંડરટોન સાથે થવાની શક્યતા છે, કારણ કે રોકાણકારો પશ્ચિમ એશિયાના તણાવ, ક્રૂડ ઓઇલના ભાવ, એફઆઇઆઇના વલણ અને મુખ્ય આર્થિક ડેટા પર નજર રાખીને આગળ વધવાનું પસંદ કરશે. યુએસ ફુગાવાના આંકડા, ભારતના ફુગાવાના આંકડા, ચોમાસાની પ્રગતિ અને વૈશ્વિક બજારના વલણો રોકાણકારોના સેન્ટિમેન્ટને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ તરફ અમેરિકાના બજારોમાં શુક્રવારે કડાકા બોલાયો છે અને બીજી તરફ હોર્મુઝ સ્ટ્રેઇટ પર અમેરિકા અને ઇરાનની મિસાઇલ તથા ડ્રોણની અથડામણો ચાલુ જ રહી છે. બજાર નિષ્ણાતો માને છે કે ભૂરાજકીય તણાવ અને વૈશ્વિક આર્થિક ડેટા આગામી દિવસોમાં અસ્થિરતા વધારી શકે છે. ટેકનોલોજી-હેવી નાસ્ડેક કમ્પોઝિટમાં ૪.૧૮ ટકાનો કડાકો હતો, જે એપ્રિલ ૨૦૨૫ પછીનો સૌથી મોટો એક દિવસીય કડાકો દર્શાવે છે. એસએન્ડપી ૫૦૦ ૨.૬૪ ટકા, જ્યારે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૧.૩૫ ટકા તૂટ્યો હતો.

રોકાણકારો યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇરાનને લગતા ચાલી રહેલા તણાવ પર નજીકથી નજર રાખશે. જો લશ્કરી અથડામણો વધશે તો ગ્લોબલ ક્રૂડ ઓઇલ સપ્લાય અને ભાવ પર ઝડપી અસર થઈ શકે છે, જે બદલામાં ફુગાવા, ચલણોના મૂલ્ય અને એકંદર બજાર સેન્ટિમેન્ટ પર અસર કરી શકે છે. સ્થાનિક રોકાણકારો મે મહિનાના ભારતના ફુગાવાના ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ૧૨ જૂને જાહેર થવાનો છે. વિદેશી વિનિમય અનામત ડેટા, જે તે જ દિવસે રજૂ થવાનો છે, તે દેશની બાહ્ય નાણાકીય સ્થિતિ વિશે વધુ સંકેતો આપશે.

વૈશ્વિક સ્તરે, બજારના સહભાગીઓ યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીનના મહત્વપૂર્ણ આર્થિક ડેટા પર નજર રાખશે. આ અઠવાડિયે એક મોટી ઘટના યુએસ ગ્રાહક ફુગાવાના ડેટાની જાહેરાત છે. અપેક્ષા કરતાં ઓછું ફુગાવાનું સ્તર ફેડરલ રિઝર્વ દ્વારા ભવિષ્યમાં વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓને મજબૂત બનાવી શકે છે, જે વૈશ્વિક ઇક્વિટી બજારોને ટેકો આપી શકે છે. જોકે, ફુગાવો ઊંચો હશે તો ઇક્વિટી બજારમાં અનિશ્ચિતતા અને વેચવાલીનું દબાણ વધારી શકે છે.

વૈશ્વિક ચિંતાઓ છતાં, વિશ્લેષકો ભારતીય બજારો માટે કેટલાક સકારાત્મક પરિબળો તરફ નિર્દેશ કરે છે. મજબૂત જીડીપી વૃદ્ધિ, આરબીઆઇના તાજેતરના નીતિગત નિર્ણય પછી રૂપિયામાં મજબૂતી અને ક્રૂડ ઓઇલના નીચા ભાવ રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો આપી શકે છે. જોકે, આરબીઆઇ દ્વારા જીડીપીમાં ઘટાડા અને ફુગાવામાં વધારાની આગાહી વચ્ચે સપ્તાહના અંતિમ સત્રમાં ભારતીય શેરબજારમાં પીછેહઠ જોવા મળી હતી. ગયા અઠવાડિયે, સેન્સેક્સ ૦.૭૧ ટકા ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૦.૭૬ ટકા ઘટ્યો હતો.

આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) દ્વારા રેપો રેટમાં ફેરફાર ન કરવાની અને તટસ્થ નીતિ વલણ જાળવી રાખવાની જાહેરાત સાથે વિકાસદર અંગે ચિંતા વ્યક્ત કરી છે. આરબીઆઇએ પશ્ચિમ એશિયાની અથડામણો ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષ ૨૦૨૭ના જીડીપીનો અંદાજ ઘટાડીને ૬.૬ ટકા જાહેર કર્યો છે, જે એપ્રિલમાં ૬.૯ ટકા જાહેર કરાયો હતો.

એકંદરે, કોર્પોરેટ કમાણીની મોસમ મોટાભાગે પૂર્ણ થયા પછી રોકાણકારોનું ધ્યાન ચોમાસાની પ્રગતિ, ફુગાવાના વલણો અને નાણાં પ્રવાહિતાની સ્થિતિ સહિતના મુખ્ય મેક્રો પરિબળો પર છે. અલ નીનોનું જોખમ તોળાઇ રહ્યું હોવાથી વરસાદ લાંબા ગાળાના સરેરાશથી નીચે રહેવાનો અંદાજ છે. જોકે એ સાથે જળાશય સ્તર અને અનાજના બફર સ્ટોક હાલ તો સંતોષજનક છે. દરમિયાન ભારતના ઉત્પાદન ક્ષેત્રે મે મહિનામાં મજબૂત વૃદ્ધિ નોંધાવી, એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ એપ્રિલમાં ૫૪.૭થી વધીને ૫૫.૦ થયો અને ફ્લેશ રીડિંગ ૫૪.૩ થયું, જે ત્રણ મહિનામાં શ્રેષ્ઠ સુધારો દર્શાવે છે. જીએસટી કલેક્શન મે ૨૦૨૬માં ૩.૨ ટકા વધીને રૂ. ૧.૯૪ લાખ કરોડ થયું, જે મે ૨૦૨૫માં રૂ. ૧.૮૮ લાખ કરોડ હતું.

# મ્યુચ્યુઅલ ફંડમાં મહિલા રોકાણકારોની એયુએમ ₹ ૧૧ લાખ કરોડ

મુંબઇઃ મહિલા રોકાણકારો હવે મ્યુચ્યુઅલ ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ)માં રૂ. ૧૧.૩ લાખ કરોડનો હિસ્સો ધરાવે છે. એક રિપોર્ટ અનુસાર, મહિલાઓએ નાણાકીય વર્ષ ૨૦૨૬માં રૂ. ૩ લાખ કરોડનું રોકાણ કર્યું હતું, જે કુલ રોકાણ પ્રવાહના ૩૫%નું પ્રતિનિધિત્વ કરે છે. આ ભારતના મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં મહિલાઓની વધતી જતી ભાગીદારી અને લાંબા ગાળાના અને વ્યવસ્થિત રોકાણ તરફના તેમના વલણને પ્રતિબિંબિત કરે છે. સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન(સિપ)માં મહિલાઓ હવે ૨૯ ટકા હિસ્સો ધરાવે છે, જે શિસ્તબદ્ધ અને લાંબા ગાળાના રોકાણ માટે તેમની વધતી પસંદગીને પ્રતિબિંબિત કરે છે. મહિલા રોકાણકારોની સંખ્યા વધીને ૧૩.૨ મિલિયન થઈ ગઈ છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન ૨.૨ મિલિયન નવા રોકાણકારો જોડાયા છે. લગભગ ૭૫ ટકા મહિલા રોકાણકારો ૫૦ વર્ષથી ઓછી ઉંમરના છે, જ્યારે ૩૫ વર્ષથી ઓછી ઉંમરના રોકાણકારોની સંખ્યામાં મજબૂત વધારો જોવા મળ્યો છે. રિપોર્ટના તારણો દર્શાવે છે કે મહિલા રોકાણકારો હવે ફક્ત પ્રારંભિક ભાગીદારી સુધી મર્યાદિત નથી, પરંતુ ધ્યેય-આધારિત રોકાણ વર્તન તરફ આગળ વધી રહ્યા છે. મહિલાઓ વધુને વધુ વૈવિધ્યસભર અને વ્યવસ્થિત રોકાણ વ્યૂહરચના અપનાવી રહી છે. દેશના મુખ્ય મહાનગરોથી લઈને ઉભરતા શહેરો સુધી, નાણાકીય સ્વતંત્રતા અને સંપત્તિ નિર્માણ વિશે મહિલાઓની વધતી જાગૃતિ રોકાણના લેન્ડસ્કેપને બદલી રહી છે.

# લેબર કૉડની વિસંગતીઓ દૂર કરવા અપીલ

મુંબઈઃ બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ એક્ટ, ૧૯૯૬ અને સામાજિક સુરક્ષા સંહિતા ૨૦૨૦ એકસાથે લાગુ થવાથી બાંધકામ ઉદ્યોગ પર લાગુ થતાં સોશિઅલ સિક્યુરીટીઝના બમણાં બોજની વધતી જતી ચિંતા દૂર કરવા બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ સરકારને અપીલ કરી છે. પ્રોજેક્ટની કાર્યક્ષમતા, માળખાગત વિકાસ અને રોજગાર સર્જન પર પ્રતિકૂળ અસર વિના શ્રમ સુધારાઓ ઇચ્છિત ઉદ્દેશ હાંસલ કરે તે સુનિશ્ચિત કરવા માટે સંતુલિત, વ્યવહારુ અને ઉદ્યોગ માટે મૈત્રીપૂર્ણ અમલીકરણ માળખું આવશ્યક હોવાનું, બીએઆઈ મુંબઈ સેન્ટરે વર્લ્ડ ઓફ કોંક્રીટ એક્સ્પો દરમિયાન, નેવિગેટિંગ ધ ન્યૂ લેબર કોડ્સઃ સ્ટ્રેટેજિક ઇમ્પ્લિકેશન્સ ફોર ધ કન્સ્ટ્રક્શન ઇન્ડસ્ટ્રીઝ શીર્ષક હેઠળના પરિસંવાદ દરમિયાન સંપૂર્ણ સમર્થન જાહેર કરવા સાથે જણાવ્યું હતું.

# એફઆઇઆઇએ સપ્તાહમાં ₹ ૪૩,૦૦૦ કરોડના શેર વેચ્યા

મુંબઇઃ ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સે જૂનના પ્રથમ સપ્તાહમાં ભારતીય ઇક્વિટીમાંથી લગભગ રૂ. ૪૩,૦૦૦ કરોડ ઉપાડી લીધા હતા, જે ૨૦૨૬માં કુલ આઉટફ્લો રૂ. ૨.૬૭ લાખ કરોડ સુધી પહોંચાડી છે. નિષ્ણાતો વૈશ્વિક એઆઇ-સંબંધિત રોકાણની તકો, નબળી કોર્પોરેટ કમાણી અને રૂપિયાના અવમૂલ્યનને વલણ પાછળના મુખ્ય કારણો તરીકે ટાંકે છે.

# અમદાવાદની શાળાઓમાં શિક્ષણાધિકારીની ટીમ ફાયર સેફ્ટીનું સરપ્રાઇઝ ચેકિંગ કરશે

અમદાવાદઃ શહેરની શાળાઓમાં આગ લાગવાની ઘટના ન બને તે માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી હેઠળનું તંત્ર સક્રિય થયું છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ અગમચેતીના ભાગરૂપે તમામ શાળાઓમાં ફાયર સેફ્ટી અંગે સરપ્રાઈઝ ચેકિંગ કરશે. તે માટે શહેરની શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો ચાલુ છે કે બંધ તેની તપાસ કરી રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. જો કોઈ શાળા ફાયર સેફ્ટીની બાબતમાં બેદરકારી દાખવશે તો તેની સામે કડક કાર્યવાહી પણ કરવામાં આવશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા તમામ શાળાઓમાં ફાયર સેફ્ટીનાં સાધનોની ચકાસણી કરી રિપોર્ટ તૈયાર કરી ડીઇઓને સોંપવામાં આવશે.

૮ જૂનથી અમદાવાદ શહેરની તમામ શાળાઓ શરૂ થવા જઈ રહી છે. શાળાઓમાં એસી અને કોમ્પ્યુટર સહિતના ઇલેક્ટ્રિક ઉપકરણનો ઉપયોગ વધારે થતો હોય છે.

# અમદાવાદમાં હત્યાની તપાસ કરતી પોલીસે નકલી ચલણી નોટોનું રેકેટ પકડી પાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસો પહેલા અમદાવાદના વટવા વિસ્તારના એક ફ્લેટમાંથી કહોવાયેલી લાશ મળી હતી. આ લાશ ઈમરાન સિંધાની હોવાનું અને તેની સાથે રહેલા રૂમ પાર્ટનરે જ તેની હત્યા કરી હોવાનું ખુલ્યું હતું. આ હત્યા ભોજનમાં કીડી નીકળી હોવાથી થયેલી માથાકૂટના કારણે થઈ હોવાનું પોલીસ પૂછપરછમાં ખૂલ્યું હતું, પરંતુ હવે આ હત્યાની તપાસ નકલી નોટો છાપવાના રેકેટ સુધી પહોંચી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

વટવા પોલીસ અને સ્થાનિક ગુના શાખા (એલસીબી)એ નકલી ચલણી નોટોના રેકેટનો પર્દાફાશ કર્યો છે અને આશરે રૂ. ૨૮.૯૪ લાખની નકલી ભારતીય ચલણી નોટો જપ્ત કરી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસે એક કથિત સપ્લાયર સહિત છ લોકોની ધરપકડ કરી છે, જ્યારે આ કેસમાં એક આરોપી ઈમરાન મૃત્યુ પામ્યો છે. ઈમરાન આ રેકેટનો મુખ્ય સૂત્રધાર હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૧૦૩(૧) હેઠળ વટવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના કેસની તપાસ દરમિયાન આ કેસનો પર્દાફાશ થયો હતો. તપાસ દરમિયાન, પોલીસે મૃત આરોપી ઇમરાન સિંધા સાથે જોડાયેલા વટવાના એક ફ્લેટમાંથી નકલી ભારતીય ચલણી નોટો છાપવા માટે વપરાતા સાધનો જપ્ત કર્યા હતા.

ત્યારબાદની તપાસમાં જાણવા મળ્યું હતું કે ઇમરાન અને તેના સાથીઓએ માર્ચ ૨૦૨૬ માં વટવામાં એક ઘર ભાડે લીધું હતું અને નકલી ચલણ છાપવાનું શરૂ કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ નકલી ૫૦૦ રૂપિયાની નોટો છાપવા અને તેને વિવિધ વ્યક્તિઓ દ્વારા બજારમાં ફેલાવવા માટે પ્રિન્ટર, લેપટોપ અને અન્ય સાધનોનો ઉપયોગ કરતા હતા. વટવા પોલીસ દ્વારા સંબંધિત જોગવાઈઓ હેઠળ એક અલગ કેસ નોંધવામાં આવ્યો હોવાની માહિતી પણ સૂત્રોએ આપી હતી.

# નફાકારકતાના માપદંડમાં નિષ્ફળ સરકારી કંપનીના મહારત્ન દરજ્જા જોખમમાં

નવી દિલ્હી : મહારત્ન દરજ્જા માટે જરૂરી નફાકારકતાના માપદંડને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ કેન્દ્ર દ્વારા પીએસયુ સાહસો ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ) અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (સેઈલ)ને એક વર્ષના સમીક્ષા સમયગાળા હેઠળ મૂકવામાં આવ્યા છે.જો આ સમીક્ષા સમયગાળા દરમિયાન કંપનીઓ નાણાકીય કામગીરીમાં સુધારો નહીં થાય, તો બે જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ)ને નવરત્ન દરજ્જામાં ડાઉનગ્રેડ કરી શકાય છે, જેનાથી તેમના બોર્ડને હાલમાં ઉપલબ્ધ સ્વાયત્તતામાં ઘટાડો થઈ શકે છે. ભારતના ૧૪ મહારત્ન કંપનીઓમાં ભેલ અને સેઈલ એકમાત્ર બે કંપનીઓ છે, જે પાછલા ત્રણ વર્ષ દરમિયાન રૂ.૫૦૦૦ કરોડથી વધુનો સરેરાશ વાર્ષિક કરવેરા બાદનો નફો (ચોખ્ખો નફો) જાળવવાની જરૂરિયાતને પૂર્ણ કરતી નથી. મહારત્ન તરીકે લાયક બનવા માટે, કેન્દ્રિય જાહેર ક્ષેત્રના સાહસ (સીપીએસઈ) પાસે રૂ.૨૫,૦૦૦ કરોડથી વધુનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર, પાછલા ત્રણ વર્ષમાં રૂ.૧૫,૦૦૦ કરોડથી વધુ નેટવર્થ અને નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય હાજરી હોવી આવશ્યક છે.

જો ડાઉનગ્રેડ કરાશે તો આ કંપનીઓની નફાશક્તિમાં ઘટાડો થઈ શકે છે. મહારત્ન કંપનીઓ સરકારની પૂર્વ મંજૂરી વિના રૂ.૫૦૦૦ કરોડ સુધી ઈક્વિટી રોકાણ કરી શકે છે, જ્યારે નવરત્ન કંપનીઓ માટે મર્યાદા રૂ.૧૦૦૦ કરોડની છે. સીપીએસઈની વ્યાપક સમીક્ષાના ભાગરૂપે કેબિનેટ સચિવ ટીવી સોમનાથનની આગેવાની હેઠળની સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવી હતી, એમ અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે.

પેનલે મહારત્ન માળખાની સમીક્ષા કરી અને કડક નાણાકીય અને શાસન ધોરણોની ભલામણ કરી, જેમાં નિર્ધારિત માપદંડોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેતી કંપનીઓ પાસેથી રત્નનો દરજ્જો પાછો ખેંચવાની જોગવાઈઓનો સમાવેશ થાય છે.

# દક્ષિણ ગુજરાતના વિલ્સન હિલ સ્ટેશનમાં ₹ ૧૦ કરોડના ખર્ચે ઉમેરાશે નવા આકર્ષણો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પર્યટકોના પ્રિય રાજ્યોમાંનું એક છે. ધાર્મિક સ્થળો સાથે અહીંની કુદરતી સુંદરતા અને વિવિધતા પણ પર્યટકોને આકર્ષે છે. દક્ષિણ ગુજરાતમાં આવેલા વિલ્સન હિલ સ્ટેશનમાં નવા આકર્ષણ ઉમેરવાનું સરકારે નક્કી કર્યું છે. આ માટે ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડે (ટીસીજીએલ) લગભગ ₹૧૦ કરોડનો ઇકો-ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ પ્રોજેક્ટ લગભગ રૂ. દસ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ ૧૬ મહિનામાં પૂર્ણ થશે, તેવી સંભાવના છે. આ માટે ટીસીજીએલ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

# ૪૫૦૦ જેટલા શિક્ષકો આપશે ઓટો-ટેક્સી ડ્રાઈવરોને મરાઠી ભાષાની તાલીમ

મુંબઈ : મહારાષ્ટ્ર સરકાર દ્વારા નવી પહેલ શરૂ કરવામાં આવી રહી છે. આ પહેલ અંતર્ગત જે ઓટો ડ્રાઈવરોને મરાઠી ભાષા નથી આવડતી, તેવા ઓટો અને ટેક્સી ડ્રાઇવરોને મરાઠી ભાષા શીખવવામાં આવશે. ઓટો અને ટેક્સી ડ્રાઈવરો તરફથી પણ સરકારને આ બાબતે સારો પ્રતિસાદ મળ્યો હતો. સમગ્ર મુંબઈ મેટ્રોપોલીટન રિજનના હજારો ડ્રાઈવરો સ્વેચ્છાએ મરાઠી શીખવાની આ પહેલમાં સહકાર આપ્યો હતો. આ આયોજન કોંકણ મરાઠી સાહિત્ય પરિષદ અને મુંબઈ સાહિત્ય સંઘના સહયોગથી પરિવહન વિભાગ દ્વારા પહેલી જૂનથી શરૂ કરવામાં આવશે. ઓટો અને ટેક્સી ડ્રાઈવરો તેમના પ્રવાસીઓ સાથે સરળતાથી મરાઠી ભાષામાં અસરકારક રીતે વાતચીત કરી શકે તે હેતુથી સરકાર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકના જણાવ્યા મુજબ આ અભિયાન માટે ૪૫૦૦ જેટલા શિક્ષકોની નિમણુક કરવામાં આવી છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં તાલીમ માટેની આ પહેલમાં કેટલાક ટેક્સી અને રીક્ષા સંઘ પણ આ અભિયાનમાં ભાગીદાર બનશે. સરકાર દ્વારા એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે, ૧૫મી ઓગસ્ટ સુધીના સમયગાળામાં દરેક નોન-મરાઠી ઓટો-ટેક્સી ડ્રાઇવરોને મરાઠી ભાષાની તાલીમ અને પૂર્ણ કરવી પડશે.

# બેંકમાં નકલી ચલણી નોટો ડિપોઝિટ કરવાનો પ્રયાસ: થાણે કોર્ટે વેપારીને નિર્દોષ જાહેર કર્યો

થાણે: થાણેની સેશન્સ કોર્ટે ૨૦૧૬માં નોટબંધી બાદ એક હજાર રૂપિયાના દરની છ નકલી નોટો બેંકમાં ડિપોઝિટ કરવાનો પ્રયાસ કરવાના આરોપનો સામનો કરી રહેલા ૩૮ વર્ષના વેપારીને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પુરાવા દર્શાવે છે કે તેને અગાઉથી કોઇ જાણ નહોતી કે નોટો નકલી છે. એડિશનલ સેશન્સ જજ આર. એસ. ભાકરેએ અવલોકન કર્યું હતું કે એક સામાન્ય વ્યક્તિ નરી આંખે નોટને નકલી તરીકે ઓળખી શકતી નથી. ખાસ કરીને નવેમ્બર, ૨૦૧૬માં નોટબંધીના સમયગાળામાં, જ્યારે આ ઘટના બની હતી. જજે નોંધ્યું હતું કે નકલી ચલણી નોટોનું સ્પષ્ટ જ્ઞાન ધરાવતી વ્યક્તિ તેને સીધી બેંકમાં લઇ જવાનું ટાળશે, જ્યાં સ્કેનિંગ પ્રોટોકોલ લાગુ હોય. વધુમાં જે વ્યક્તિ પાસે નકલી ચલણી નોટો હશે તે બેંકમાં જઇને જમા ન કરાવે, જ્યાં મશીન દ્વારા નોટોની તપાસ કરવામાં આવી રહી હોય. તેણે એ નોટોનો ઉપયોગ બજારમાં કર્યો હોત.

આ કેસ ૯ ડિસેમ્બર, ૨૦૧૬નો છે, જ્યારે નદીમ શેખ ૨૩ હજાર રૂપિયા ડિપોઝિટ કરવા થાણેની ખાનગી બેંકમાં ગયો હતો. જોકે તેમાંથી એક હજાર રૂપિયાના દરની છ નોટ નકલી હોવાનું મશીન દ્વારા જણાયું હતું. આથી પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી, જેને આધારે નદીમ શેખ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# લાડકી બહેનોના મે મહિનાના રૂપિયા ક્યારે મળશે?

મુંબઈ: લાડકી બહિણ યોજના હેઠળ બહેનોને હાલમાં જ માર્ચ અને એપ્રિલ મહિનાના મળીને કુલ ૩,૦૦૦ રૂપિયા મળ્યા હતા. મે મહિનાની ૧૫ તારીખ પછી આ પૈસા મહિલાઓના બેંક ખાતામાં આવવાનું શરૂ થયું હતું. હવે જૂન મહિનાના સાત દિવસ વીતી ગયા હોવા છતાં હજી સુધી પાત્ર મહિલાઓને મે મહિનાના ૧૫૦૦ રૂપિયા મળ્યા નથી. હવે આ પૈસા ક્યારે મળશે? મહિલા અને બાળ વિકાસ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, જૂન મહિનાની ૧૨ થી ૧૫ તારીખ દરમિયાન ગમે ત્યારે મહિલાઓના બેંક ખાતામાં ૧૫૦૦ રૂપિયા જમા થઈ શકે છે, એવું કહેવામાં આવી રહ્યું છે.

# વાશીમાં પાર્કિંગમાં ઊભેલી ટ્રક નીચેથી બે જણના મૃતદેહ મળ્યા

નવી મુંબઈ: નવી મુંબઈના વાશી ખાતેની એપીએમસી માર્કેટ પરિસરમાં પાર્ક કરવામાં આવેલી ટ્રક નીચેથી બે જણના મૃતદેહ મળી આવ્યા હતા. બન્નેના મૃત્યુનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

વાશી પોલીસે બન્ને મૃતકોની ઓળખ જાહેર કરી નહોતી. જોકે બન્ને ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર હોવાનું કહ્યું હતું. બન્નેને નશો કરવાની આદત હોવાથી તેમને નોકરી પરથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર રવિવારની સવારે પાર્કિંગમાં ઊભેલી ટ્રક નીચેથી બન્ને શખસના મૃતદેહ શંકાસ્પદ સ્થિતિમાં મળી આવ્યા હતા. પોલીસના પ્રાથમિક અંદાજ મુજબ વધુપડતા નશાને કારણે અથવા કોઈ ઝેરી વસ્તુ ખાવાને કારણે બન્નેનાં મૃત્યુ થયાં હશે. તેમના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી દેવાયા હતા.

# રંગીન મિથેનોલનો વણઉકેલાયેલો મુદ્દો, 30 વર્ષમાં ૪૩૬ લોકોને ભરખી ગયો

મુંબઈ: રંગીન મિથેનોલનો મુદ્દો ૩૦ વર્ષથી એક સમસ્યા રહ્યો છે અને ત્યારથી રાજ્યમાં ઝેરી દારૂ પીવાથી આઠ દુર્ઘટનામાં ૪૩૬ લોકો મૃત્યુ પામ્યા છે.

ગયા અઠવાડિયે પુણેમાં ઝેરી દારૂ પીને વીસ લોકોના મોત થયા બાદ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા મિથેનોલના ગેરકાયદેસર વેચાણ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ૧૯૯૧માં તાડદેવના છાયા બાર દારૂ દુર્ઘટનામાં ૯૫ લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ તત્કાલીન અધિક પોલીસ મહાનિર્દેશક પી. આર. પાર્થસારથીની આગેવાની હેઠળ એક સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. સમિતિએ ૧૯૯૩માં ૧૭ ભલામણો સાથેનો અહેવાલ રજૂ કર્યો હતો.

તે મુજબ મિથેનોલ ઉત્પાદકોએ ૧૦૦ લિટર મિથેનોલમાં એક ગ્રામ મિથિલિન અને ૪ ગ્રામ ડેનાટોનિયમ ભેળવવું જરૂરી હતું, જે મિથેનોલને રંગ અને કડવો સ્વાદ આપે, જેથી ગામડામાં મિથેનોલમાં ભેળસેળ રોકી શકાય. ૨૦૦૪માં વિક્રોલી લઠ્ઠાકાંડમાં ૧૦૪ લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ રાજ્ય સરકારે ઠેઠ ૨૦૧૧માં પાર્થસારથી સમિતિની ભલામણોને લાગુ કરવા માટે એક જાહેરનામું બહાર પાડ્યું. તે મુજબ મિથેનોલ ઉત્પાદકોને રંગ અને સુગંધ મિશ્રિત કરવાની ફરજ પડી. ઇન્ડિયન કેમિકલ કાઉન્સિલે ૨૦૧૨માં બોમ્બે હાઇ કોર્ટમાં સરકારના નવા નિયમોને પડકાર્યા હતા. કોર્ટે સરકારના નિયમો પર ત્યારે સ્ટે મૂક્યો હતો. આખરે ૨૦૧૯ માં કોર્ટે સરકારના જાહેરનામાને સમર્થન આપ્યું હતું અને ફાર્માસ્યુટિકલ કંપનીઓને બાકાત રાખીને ફક્ત રંગીન અને કડવો સ્વાદ ધરાવતા મિથેનોલના વેચાણનો આદેશ આપ્યો હતો. આ નિર્ણયને સુપ્રીમમાં પડકારવામાં આવ્યો હતો, જેનો હજી સુધી નિકાલ આવ્યો નથી. એક્સાઇઝ વિભાગનો દાવો છે કે શુદ્ધ મિથેનોલ સરળતાથી ઉપલબ્ધ હોવાથી, તે હાથથી બનાવેલા દારૂમાં ભેળવવામાં આવે છે અને દર ચાર-પાંચ વર્ષે ઝેરી દારૂથી સામુહિક મૃત્યુની ઘટનાઓ બને છે. સામે, ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનનો આરોપ છે કે, એક્સાઇઝ વિભાગ હાથથી બનાવેલા દારૂ સામે કાર્યવાહી કરી રહ્યું નથી, હાથથી બનાવેલો દારૂ ગેરકાયદેસર છે.

નવમા પાનાનું ચાલુ

## કિંમત ચૂકવવી પડશે

પ્રતિક્રિયા આપતા શરદ પવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા હતા. મોંઘવારી વધી રહી છે, તેની સીધી અસર સામાન્ય લોકો પર પડી રહી છે. વડા પ્રધાને પહેલા કહ્યું હતું કે અમે મોંઘવારી પર નિયંત્રણ મેળવી રહ્યા છીએ. નિયંત્રિત એટલે કે તેમનો ફોર્મ્યુલા તબક્કાવાર આ આંચકો આપવાનો છે, એમ જણાવતાં શરદ પવારે કહ્યું હતું કે આની રાજકીય કિંમત શાસક પક્ષને યોગ્ય સમયે ખબર પડશે. દરમિયાન, શરદ પવારના નિવેદન પર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પોતાનો જવાબ આપ્યો છે.

દુનિયામાં યુદ્ધ જેવી સ્થિતિ છે. તેથી, દુનિયામાં એક પણ દેશ એવો નથી જ્યાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં વધારો થયો નથી. દરેક જગ્યાએ તે વધ્યા છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ અંગે ચિંતિત છે, એમ જણાવતાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આ વખતે ચોમાસું અલ નીનોના પ્રભાવ હેઠળ છે. આ અલ નીનોનું વર્ષ છે. જોકે સરેરાશ વરસાદ ૯૨ ટકા થવાનો અંદાજ છે, મરાઠવાડા, પશ્ચિમ વિદર્ભના કેટલાક જિલ્લાઓ અને ઉત્તર મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં છે. આ વિસ્તારોમાં ઓછા વરસાદની શક્યતા છે. ખેડૂતોને સતત સાવચેત રહેવાનું કહેવામાં આવી રહ્યું છે, જેથી ખેડૂતો પર બે વાર વાવણી કરવાની સ્થિતિ ન આવે. ઓછા વરસાદમાં પણ મહત્તમ નુકસાન કેવી રીતે ટાળી શકાય? આ માટે પ્રયાસો ચાલી રહ્યા છે, એમ પણ તેમણે કહ્યું હતું.

## બાંગ્લાદેશ અને

પ્રવાસી પાસેથી ૨૪ કૅરેટનું સોનું વૅક્સ સ્વરૂપે મળ્યું હતું, જેની કિંમત અંદાજે પાંચ કરોડ રૂપિયા છે. પકડાયેલા ત્રણેયની પૂછપરછમાં અન્ય આરોપીઓની ધરપકડ કરાઈ હતી.

આ રૅકેટની ચેઈન અંગે અધિકારીનું કહેવું છે કે બૅન્ગકોકથી લાવવામાં આવેલું આ સોનું ઍરપોર્ટ સ્ટાફની મદદથી સહેલાઈથી ઍરપોર્ટ બહાર કાઢવામાં આવતું હતું. પછી ઍરપોર્ટ બહાર ઊભેલી વ્યક્તિને આ સોનું સોંપવામાં આવતું હતું.

આ રૅકેટમાં ઍરપોર્ટની બસ/કોચના બે ડ્રાઈવર અને એક કોચ મૉનિટરની ધરપકડ કરવામાં આવી હતી. ઍરપોર્ટ સ્ટાફને સોનું આપ્યા પછી બાંગ્લાદેશી અને શ્રીલંકાના નાગરિકો કનેક્ટિંગ ફ્લાઈટ્સથી તરત જ પોતાના દેશ જતા રહેવાના હતા. પોતાના શરીરમાં છુપાવીને ત્રણેય જણ આ સોનું લાવ્યા હતા.

અધિકારીના કહેવા મુજબ આ ઑપરેશનને કારણે દાણચોરીની આખી ચેઈન પકડાઈ હતી. ખાસ કરીને સરકાર દ્વારા સોના પર વધારેલા કર અને ડ્યૂટીને ધ્યાનમાં લેતાં આ ઑપરેશનની સફળતા મહત્ત્વપૂર્ણ હોવાનું કહી શકાય. પકડાયેલા આરોપીઓની ડીઆરઆઈ વધુ તપાસ કરી રહી છે. તેમના બૅન્ક ટ્રાન્ઝેક્શન્સ, વિદેશ પ્રવાસ અને કૉલ ડિટેઈલ્સની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## મોબાઈલ ફોનથી

હતા. કૉન્સર્ટનું કોઈએ પણ રેકોર્ડિંગ ન કરવાની સૂચના અપાઈ હતી. આ દાવાની પોલીસ દ્વારા ખાતરી કરવામાં આવી રહી છે. એ સિવાય બાઉન્સર્સ અને સિક્યોરિટી ગાર્ડની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળે ફોરેન્સિકની ટીમ પણ ગઈ હતી. કૉન્સર્ટમાં થયેલી ભીડ અને વેન્ટિલેશન સિસ્ટમની ચકાસણી કરવામાં આવી રહી છે.

## કુર્લામાં

અધિકારીના જણાવ્યા મુજબ ભૂગર્ભમાં પાંચ મીટર ઊંડાઈએ આવેલી પાઇપલાઇનનું સમારકામમાં અનેક ટેક્નિકલ અડચણોનો સામનો કરવો પડ્યો હતો. ખોદકામ કરનારી ટીમને મર્યાદિત કાર્યક્ષેત્ર મળવાને કારણે નોંધપાત્ર તકનીકી પડકારોનો સામનો કરવો પડયો હતો. જમીનમાં નીચે એક તરફ ૩૦૦ મિ.મી ડાયામીટરની મહાનગર ગેસ લિમિટેડ પાઇપલાઇન અને બીજી તરફ બ્રિજનો પાઇલ ફાઉન્ડેશન હોવાથી બહુ સંભાળીને ખોદકામ કરવું પડ્યું હતું. ખોદકામ બાદ પાણીની પાઇપલાઇનનો ક્ષતિગ્રસ્ત ભાગ લગભગ ૧.૫ મીટર સંપૂર્ણપણે ખુલ્લો કર્યા બાદ તેને બદલવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જે રવિવારે સાંજે મોડે સુધી ચાલ્યું હતું. સમારકામ પછી પાણી પુરવઠો તબક્કાવાર પુનઃસ્થાપિત કરવામાં આવશે. પાલિકાએ સ્થાનિક રહેવાસીઓને ધીરજ રાખવા અપીલ કરી હતી અને કહ્યું હતું કે કામ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવા અને અસુવિધા ઘટાડવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. કુર્લા, ઘાટકોપર, સાકીનાકા, અંધેરી સુધીના વિસ્તારોના રહેવાસીઓએ ૨૪ કલાકથી વધુ સમયથી પાણી વગર રહેવું પડ્યું હતું, તેમાંથી અનેક એ પાણીના ટેન્કર પર આધાર રાખવો પડયો હતો.

## રિક્ષા ડ્રાઈવરનું

કહે છે. ડ્રાઈવરના આવા વર્તન પછી મહિલા રિક્ષામાંથી તરત ઊતરી જાય છે, એવું વીડિયોમાં નજરે પડે છે.

મહિલાએ મોબાઈલ ફોનથી રિક્ષા ડ્રાઈવરની આ હરકત રેકોર્ડ કરી લીધી હતી. પછી એ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને મહિલાએ મુંબઈ પોલીસને ટેગ કર્યો હતો. આ વીડિયો ઝડપભેર વાયરલ થયો હતો, જેને પગલે અનેક નેટિઝન્સે એક્સ અને ઈન્સ્ટાગ્રામ પર ટેગ કર્યું હતું.

વીડિયોને લઈ અનેક લોકોએ મુંબઈ જેવા શહેરમાં આવી સતામણી આંચકાજનક અને માની ન શકાય એવી હોવાની ટિપ્પણી કરી હતી. એક એક્સ યુઝરે લખ્યું હતું કે આ આંચકાજનક છે. ભારતમાં મુંબઈ મહિલાઓ માટે સૌથી સુરક્ષિત શહેર માનવામાં આવે છે, જ્યાં આવી ઘટના ખરેખર આંચકાજનક છે.

આ વીડિયોની મુંબઈ પોલીસે ગંભીર નોંધ લીધી હતી. પોલીસે રવિવારે જણાવ્યું હતું કે અમે ઘટનાની તપાસ કરી રહ્યા છીએ. એક્સ પર વાયરલ પોસ્ટનો જવાબ આપતાં પોલીસે તપાસ માટે સંપર્કની વિગતો પૂરી પાડવા વિનંતી કરી હતી. જોકે મુંબઈ પોલીસની આ પોસ્ટ પછી અમુક નેટિઝન્સે વીડિયોમાં દેખાતો લાઈસન્સ પ્લૅટ નંબર દર્શાવીને ડ્રાઈવર વિરુદ્ધ કડક પગલાં લેવાની માગણી કરી હતી.

## વિધાન પરિષદની

હતું અને તેમની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, ‘સાહેબરાવ કાંબલે દ્વારા મહાયુતિના ઉમેદવાર દુષ્યંત ચતુર્વેદીને બિનહરીફ ચૂંટી કાઢવાનો અને તેમનું નામ પાછું ખેંચવાનો નિર્ણય પ્રશંસનીય છે. સાહેબરાવ હવે આ વિસ્તારમાં અમારા નેતા સંજય રાઠોડની તાકાત વધારવામાં ઘણી મદદ કરશે. તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સાહેબરાવ કાંબલે ચોક્કસપણે ઈંટના ભઠ્ઠામાં કામ કરતી મહેનતુ મહિલાઓને ન્યાય અપાવવાનું કામ કરશે.

વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવેલા સાહેબરાવ શિંદેએ અચાનક પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. ઉમેદવારી પાછી ખેંચ્યા બાદ, પાર્ટીએ સાહેબરાવ કાંબલે સામે કાર્યવાહી કરીને તેમને પક્ષમાંથી હાંકી કાઢ્યા હતા.

એકનાથ શિંદેએ વધુમાં કહ્યું કે સાહેબરાવ કાંબલેએ મહાયુતિના પાલક પ્રધાને પહેલા જ સ્પષ્ટ કરી દીધું હતું કે મતના આંકડામાં મોટો તફાવત છે. તેમને સંપૂર્ણ ખાતરી હતી કે મહાયુતિનો ઉમેદવાર ત્યાં જીતશે, તેથી તેમણે આ નિર્ણય એ વિચારીને લીધો કે લોકોનું કામ કરવું એ ફક્ત ઉમેદવારી કરવા કરતાં વધુ મહત્વનું છે. શિંદેએ કહ્યું હતું કે, ‘હાલમાં વિપક્ષો પર કોઈનું નિયંત્રણ નથી. તેમનું એકબીજા પર કે પાર્ટી નેતૃત્વ પર બિલકુલ નિયંત્રણ નથી. તેઓ ફક્ત આરોપો લગાવી રહ્યા છે, જ્યારે બીજી તરફ, મહાયુતિના તમામ ૧૭ ઉમેદવારો ચૂંટાઈ આવશે.’ એવું કહેવામાં આવી રહ્યું છે કે સાહેબરાવના પ્રવેશને કારણે યવતમાળ સહિત સમગ્ર વિદર્ભ ક્ષેત્ર પર મહાયુતિની પકડ મજબૂત થઈ છે.

## બેસ્ટ કર્મચારીઓની

અપેક્ષા હતી કે મહાયુતિ સત્તામાં આવે ત્યારે બેસ્ટની બધી સમસ્યાઓનો ઉકેલ આવશે. જોકે, કેન્દ્રમાં, રાજ્યમાં અને પાલિકામાં મહાયુતિ સરકાર સત્તામાં હોવા છતાં અને બેસ્ટની ક્રેડિટ સોસાયટી પર ભાજપનો પણ કબજો હોવા છતાં કામદારોની સમસ્યાઓનો ઉકેલ આવ્યો નથી.

તેથી બેસ્ટ પ્રશાસનની વિરુદ્ધ બાર સંગઠનોએ હવે એક સાથે આવીને લડવાનું નક્કી કર્યું છે. જોકે મજૂર નેતા શશાંક રાવ અને વિધાનસભ્ય પ્રસાદ લાડના સંગઠનો આમા જોડાયા નથી. મજદૂર સંગઠનોની એક્શન કમિટીએ ગયા અઠવાડિયે એક બેઠક યોજી હતી અને કામદારોની માગણીઓ પર ચર્ચા કરી હતી. મુખ્ય માગણીઓમાં નિવૃત્ત કર્મચારીઓના બાકી રકમ તાત્કાલિક ચૂકવવી, નવા નિવૃત્ત થયેલા લોકોના બાકી રકમ એક મહિનાની અંદર ચૂકવવી અને બેસ્ટ બજેટનો પાલિકા બજેટમાં સામેલ કરવાનો સમાવેશ થાય છે. આ માગણીઓનું નિવેદન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સહિત બંને નાયબ મુખ્યમંત્રીઓ, પાલિકા કમિશનર, મેયર, બેસ્ટ જનરલ મેનેજર, બેસ્ટ પ્રમુખને આપવામાં આવશે અને કામદારોની સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે બેસ્ટ પ્રશાસનને ૧૮ જૂન સુધીનો સમય આપવામાં આવશે. સોમવારે તમામ બેસ્ટ ટ્રેડ યુનિયનોના ભૂતપૂર્વ અને વર્તમાન કામદારોનો મેળાવડો યોજવામાં આવ્યો છે અને આગામી દિવસોમાં પ્રવેશ સભાઓ દ્વારા જાગૃતિ લાવવામાં આવશે ત્યારબાદ ૧૮ જૂન બાદ બેમુદત હડતાળ પર ઉતરી જવાની ચેતવણી આપવામાં આવશે.

## સંગીત, શરાબ, ઠુમકા

મૃત્યુ થયું હતું, જ્યારે યુવતી સારવાર હેઠળ હોવાનું પોલીસે જણાવ્યું હતું. જોકે આ કૉન્સર્ટમાં ડ્રગ્સના ઉપયોગને પોલીસે નકારી કાઢ્યો હતો.

તાડદેવ પોલીસના જણાવ્યા મુજબ મૃત્યુ પામેલા યુવકની ઓળખ રુશિલ ગાંગુર્ડે (૨૮) તરીકે થઈ હતી. માહિમમાં શીતલાદેવી મંદિર નજીકના પરિસરમાં રહેતા યુવકે લૉની ડિગ્રી મેળવી હતી. જોકે હાલમાં તે પ્રેક્ટિસ કરતો હતો કે નહીં તેની ખાતરી થઈ નહોતી.

ઝોનલ ડેપ્યુટી પોલીસ કમિશનર જયંત મીનાએ જણાવ્યું હતું કે શનિવારની રાતે વરલીના એનએસસીઆઈ ડોમમાં મ્યુઝિકલ કૉન્સર્ટનું આયોજન કરાયું હતું. કૉન્સર્ટમાં ડાન્સ દરમિયાન યુવકનું સ્વાસ્થ્ય લથડ્યું હતું અને તે બેભાન થઈ ગયો હતો.

બેભાન અવસ્થામાં યુવકને એમ્બ્યુલન્સમાં બ્રીચ કૅન્ડી હૉસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ જ કૉન્સર્ટમાં ૩૧ વર્ષની એક યુવતીની પણ તબિયત બગડી હતી. તેને તાત્કાલિક જસલોક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર બાદ યુવતીની તબિયત સુધારા પર હોવાનું ડીસીપીએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ આ કૉન્સર્ટ માટે ઑનલાઈન ટિકિટ ખરીદવામાં આવી હતી. કૉન્સર્ટમાં લગભગ છ હજાર લોકો આવ્યા હોવાનું કહેવાય છે. મ્યુઝિકને તાલે ડાન્સની સાથે દારૂનું સેવન કરવામાં આવ્યું હતું. એ સિવાય કોકટેઈલ્સ પણ રાખવામાં આવ્યું હતું.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ હૉસ્પિટલમાં દાખલ યુવતીએ પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જણાવ્યું હતું કે તેણે આલ્કોહોલ પર એનર્જી ડ્રિન્ક્સ પીધું હતું. ડ્રગ્સના સેવનનો તેણે સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

દરમિયાન રુશિલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નાયર હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. દારૂના વધુપડતા સેવનને કારણે તેણે જીવ ગુમાવ્યો હોવાનું પ્રથમદર્શી જણાય છે. આ પ્રકરણે તાડદેવ પોલીસે આયોજકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

તાડદેવ પોલીસના જણાવ્યા મુજબ કૉન્સર્ટ માટે અધિકૃત પરવાનગી આપવામાં આવી હતી. કૉન્સર્ટમાં દારૂની પણ પરવાનગી હતી. અત્યાર સુધીની તપાસમાં ડ્રગ્સની કોઈ માહિતી સામે આવી નથી, પરંતુ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.

## આજથી ખરી કટોકટી

સબમિટ કરવામાં નહીં આવે, તો વીજળી પુરવઠો કાપી નાખવામાં આવશે અને પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

જો આ હડતાળ પડશે, તો સોમવારથી રહેણાંક સોસાયટીઓ, વાણિજ્યિક સંસ્થાઓ, બાંધકામ સ્થળો અને ટેન્કરના પાણી પર આધાર રાખતા વિવિધ આવશ્યક ક્ષેત્રોને સેવા આપતી સપ્લાય ચેઇન ખોરવાઈ જશે.

# હિન્દુ મરણ

### હાલાઈ લોહાણા

મુળગામ પોરબંદર હાલ થાણા નિવાસી મોહીત ઉમંગ કોટક (ઉં.વ.૩૩) ૬/૬/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે વૈદેહીના પતિ. તે રિયાંશના પિતા. તે સ્વ. ઉમંગ પ્રવિણચંદ્ર કોટક તેમજ મેઘા ઉમંગ કોટકના પુત્ર. તે સ્વ. મૃદુલાબેન પ્રવિણચંદ્ર કોટકના પૌત્ર. તે કશ્યપ અને દિક્ષી યોગેશ પોપટના ભત્રીજા. બન્ને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા.૮/૬/૨૬ના સાંજે ૪.૩૦ થી ૬. ઠે. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઇ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણા (વેસ્ટ), (લૌકિક વ્યવહાર બંધ છે.)

### લોહાણા

મૂળ ગામ દેવળાવાળા હાલ કલ્યાણ નિવાસી સ્વ.નરસિંહદાસ છગનલાલ રૂપારેલીયાના ધર્મપત્ની ગં.સ્વ.દિવાળીબેન (ઉં.વ.૯૯) ૬/૬/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે જમનાદાસ જાદવજી રાયપુરા (રાજકોટ)ના દીકરી. તે સ્વ.કમળાબેન, પ્રભાબેન, રેખાબેન, સુશીલાબેન તથા સ્વ. નટવરલાલ હર્ષદભાઈ, નરેન્દ્રભાઈ, શૈલેષભાઈના માતૃશ્રી. તે ગં.સ્વ.તરલાબેન, એ.સૌ.સરલાબેન, વીણાબેન તથા બીનાબેનના સાસુ. તે ફાલ્ગુની, મિત્તલ, અંકિતા તથા ભરત, રાજેશ, હેમલ, આશિષ અને ચિરાગના દાદી. તે પૂજાબેન કરણકુમાર સૂચકના નાની. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા.૮/૬/૨૬ના રોજ ૪ થી ૬. ઠે. જલારામ હોલ, આગરા રોડ, કલ્યાણ (પ).

### શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ

ગામ વાઘનગર હાલ ગોરેગાંવ નિવાસી સ્વ. ભટ્ટ ભાનુશંકર મણિશંકરના ધર્મપત્ની ગં. સ્વ. જયાલક્ષ્મી (ઉં.વ.૯૧) ૪/૬/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે હિતેશભાઈ, મહેશભાઈ, ચેતનભાઈ, રાજેશ્રીબહેનના માતૃશ્રી. સંગીતા, અલ્પા, અરુણકુમાર મગનલાલ જોષીના સાસુ તે સ્વ.જગનનાથભાઈ, અનંતરાયભાઈ, સ્વ. મુકતાંબેન, સ્વ.નિર્મળાબેન, સ્વ.કમળાબેન, જશીબેનના ભાભી. સ્વ. ભટ્ટ જાદવજી કેશવજીના દિકરી. સાદડી પ્રથા બંધ છે.

### ઘોઘારી લોહાણા

સ્વ. દીનાબેન તથા સ્વ. નિલેશભાઈ કેશવલાલ વિઠલાણીના સુપુત્ર સાહિલ (ઉં.વ.૩૬) સ્વ. શાંતાબેન શાંતિલાલ કોટકના દોહિત્ર સ્વ. પ્રકાશ શાંતિલાલ કોટક ના ભાણેજ તા. ૬-૬-૨૬ ના શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

### જામનગર મોઢવાણિક

સ્વ. શ્રી મધુકર વિઠ્ઠલદાસ મણિયાર તથા ગં. સ્વ. રસિકાબેનના પુત્ર ડો. અમિત (ઉં.વ.૬૬) ૭-૬-૨૬ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે મીરાબેનના પતિ તેમજ ડો. કુણાલ તથા અદ્વિતના પિતા. તુષાર અને સુનાલી રૂપેશ ગાંધીના ભાઈ. વિહાનના દાદા. ડો. અમલના સસરા. સાસરી પક્ષે સ્વ. પદ્મકાંત રમણિકલાલ પારેખ તથા સ્વ. હરબાળાબેનના જમાઈ. તેમની પ્રાર્થના સભા તા. ૯-૬-૨૬ મંગળવારના સાંજે ૫. થી ૭. વિશ્વકર્મા બાગ, પહેલો માળ, બજાજ રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ, ૫૬.

### કચ્છી લોહાણા

સ્વ. મુલબાઇ દામજી રાઘવજી બળિયા (ઠક્કર) ગામ કચ્છ નાગરેચાવાળા પુત્ર મંગળદાસ હાલ થાણા (ઉં. વ. ૮૭) તા. ૬-૬-૨૬ શનિવારના રામશરણ પામેલ છે. તે સ્વ. નેણાંબેન કાકુભાઇ ચંદે કચ્છ ગામ રાધનપુરવાળાના જમાઇ. તે બાલગૌરીબેનના પતિ. તે સ્વ. ભરત, સ્વ. નિતિન, ભાવનાબેન મહેન્દ્ર ચોથાણીના પિતાજી. તે સ્વ. શીવદાસભાઇ, સ્વ. મથુરાદાસ ભાઇ, સ્વ. શાંતાબેન તુલસીદાસ દૈયા, સ્વ. સાવિત્રીબેન નાનાલાલ કોઠારી, સ્વ. જશોદાબેન દામોદર ગણાત્રાના ભાઇ. તે ભાગ્યશ્રી જીગરકુમાર પોપટના દાદાજી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૧૦૨, મયુર સુદર્શન બિલ્ડિંગ, કિસન નગર ૩, થાણા.

### કચ્છી લોહાણા

સ્વ. જમનાદાસ પુરુષોતમ ઠક્કર (ધીરાવાણી) ગામ ગઢશીશા હાલ થાણા (ઉં. વ. ૭૮) તા. ૬-૬-૨૬ના રામસ્મરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. હીના મહેશ અને નિતિનના પિતાશ્રી. હર્ષા, અભિલાષા અને ભરતભાઇના સસરાજી. સ્વ. તુલસીદાસ, જગદીશભાઇ અને કિશોરભાઇના મોટાભાઇ. પ્રાર્થનાસભા સોમવાર તા. ૮-૬-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

### દશા સોરઠિયા વણિક

સરધાર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સવિતાબેન હરિલાલ ગિરધરલાલ શેઠના સુપુત્ર સુભાષ શેઠ. મીતાબેનના પતિ તથા ફાલ્ગુની, હીના, છાયા અને સંદીપના પિતા. નાગેશ, રાજેશ, નિલેશ અને જયનાના સસરા. તેમ જ સ્વ. જેઠાલાલ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. પ્રફુલ શેઠ અને સ્વ. નીરુબેન સુધીર શાહના ભાઇ તથા ગિરધરલાલ જસાપરાના જમાઇ તા. ૬-૬-૨૬ના શ્રીજીના પવિત્ર ચરણોમાં વિલીન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ

મૂળ ગોરડકા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ભગવાનજીભાઇ રેવાશંકર વ્યાસના સુપુત્ર સ્વ. જનકભાઇ વ્યાસ (ઉં. વ. ૬૫) તા. ૬ જૂન ૨૦૨૬, શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. રમણીકલાલ વ્યાસના ભત્રીજા. સ્મિતા જનક વ્યાસના પતિ. કુષાંગ અને ચિ. મિહિરના પિતાશ્રી. સૌ. અંકિતા મિહિર વ્યાસના સસરા. સ્વ. દિનેશભાઇ વ્યાસના નાના ભાઇ. રોહિતભાઇ અને વિપુલભાઇ વ્યાસના મોટા ભાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૮-૬-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. બાલ્કનજી બારી, રાજાવાડી ગાર્ડનની સામે, ઘાટકોપર (પૂર્વ).

### દશા સોરઠિયા વણિક

હાલ કોચીન નિવાસી અ. સૌ. ભારતી તે મિલનના ધર્મપત્ની (ઉં.વ. ૫૯) કોચીન મુકામે તા. ૩-૬-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે ચત્રભુજ પારેખ તથા રાધાબેનની સુપુત્રી. તે હેતલ, મિરલના માતુશ્રી. તે સ્વ. ધરમશી છગનલાલ જસાપરા તથા સ્વ. લિલાવંતી ધરમશી જસાપરાના પુત્રવધૂ. તે અશ્વીન પિશરોડી તથા રિતુના સાસુ. ભરત, નૈના કિરણકુમાર સાંગાણિ, વર્ષા જિતેન્દ્રભાઇ પારેખના ભાભી. જાગૃતિના જેઠાણી.

### ભરૂચ દશા લાડ વણિક

અ. સૌ. દક્ષા કિરિટ તલાટી (ઉં. વ. ૭૩) તા. ૬-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે કિરિટ જશવંતલાલ તલાટીના પત્ની. સૌ. સોનલ વૈભવના માતુશ્રી. ગં. દિવ્યાબહેન, ગં. શોભનાબેન, ગં. રંજનબેન, સ્વ. માયાબેન તથા સ્વ. કમલેશના ભાભી. ગં. સ્વ. અનિલાના જેઠાણી, સ્વ.કાંતાબેન વરજીવનદાસની પુત્રી. લૌકિક ક્રિયા બંધ છે.

### સોરઠીયા પ્રજાપતિ કુંભાર જ્ઞાતિ

મુંબઈ નિવાસી હાલ વસઈ, સ્વ.જગદીશભાઈ(બાબુભાઈ) પીતામ્બરભાઈ ભરડવા, (ઉં.વ.૮૪) ૫-૬-૨૬ શુક્રવારના શ્રી રામશરણ પામ્યા છે. તે પદમાબેન ભરડવાના પતિ. સ્વ.ભાણીબેન અને સ્વ.વાલીબેન તથા સ્વ.પીતામ્બરભાઈ ગોપાલભાઈ ભરડવાના મોટા દીકરા. ઉમેશભાઈ, સ્વ. મનોજભાઈ ભરડવા અને શર્મિલાબેન રાઠોડના પિતાશ્રી. હેમાબેન, સ્વ. જાગૃતિબેન ભરડવા અને ભરતભાઈ વેલજીભાઈ રાઠોડના સસરા. મહેન્દ્રભાઈ, સ્વ. હસમુખભાઈ ભરડવા તેમજ સ્વ. દેવીબેન, સ્વ. વિમળાબેનના ભાઈ. પ્રાર્થનાસભા (કસુંબો) ૮-૬-૨૬. સોમવારના ૪. થી ૬. વસઈ ખાતે. ઠે. કે.ટી.વાડી હોલ,૬૦ ફીટ રોડ,ડી.જી. નગર,વસઈ (વેસ્ટ).

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

### દશા શ્રીમાળી સ્થા. જૈન

ચુડા,રાણપુર નિવાસી હાલ બોરિવલી, સ્વ.સંદીપ વ્રજલાલભાઈ શાહ (ઉં.વ.૫૨) તે સ્વ.વ્રજલાલભાઈ ધારશીભાઈ શાહ અને રંજનબેનના સુપુત્ર. અદિતિના પતિ. ધર્મેશભાઈ અને હેતલબેન શાહના ભાઈ. સ્વ.જીજ્ઞાબેનના દિયર. યશ્વીના પિતા. ૬/૬/૨૬ના રોજ અક્ષર નિવાસી થયેલ છે. પ્રાર્થનાસભા સ્વામિનારાયણમંદિર, યોગીનગર, બોરીવલી વેસ્ટ, તારીખ: ૮/૬/૨૬ સમય : ૦૪:૩૦ સાંજે ૬.

### ઘોઘારી દશા શ્રીમાળી સ્થા જૈન

મહુવા નિવાસી હાલ મલાડ સ્વ. કાંતાલક્ષ્મી જેઠાલાલ મહેતા સરવૈયાના પુત્રવધુ દિવ્યાબેન દમુબેન (ઉં.વ.૭૪) તે દિપકના ધર્મપત્ની. ભાવેશ, અમી તથા મીનલના માતુશ્રી. ભાવના પારસ તથા ચિરાગના સાસુ. સ્વ. જશવંતિબેન દલપતરામ ખોખાણીના દીકરી. ૫/૬/૨૬ના અરિહંત શરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૯/૬/૨૬ના રોજ ૪ થી ૬ કલાકે કૌશિકા હોલ, દફતરી રોડ, મલાડ ઈસ્ટ રાખેલ છે.

### દશા. સ્થા.જૈન

માળિયા હાટીના નિવાસી હાલ નાલાસોપારા તે અનિલાબેન મુળરાજભાઈ ગાંધીના પુત્ર નીતિનભાઈ (ઉ.વ ૬૬) ૫/૬/૨૬ શુક્રવારના અરિહંત શરણ પામ્યા છે. તે હીનાબેનના પતિ. તે આરતી અંકિતકુમાર શાહ તથા ખુશ્બુ મંથન તેજાણીના પિતા. તે રોહિતભાઈ,રાજેશભાઈ,સ્વ.પરેશભાઈના મોટાભાઈ. તે સ્વ.મંજુલાબેન રસીકલાલ ગોસાલિયાના જમાઈ. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

રામાણીયાના દિપક લીલાધર દેઢિયા (ઉ.વ.૫૭) ૬/૬/૨૬ના અરિહંત શરણ થયા છે. ચોથીબાઇ પૂંજા જીવરાજ દેઢિયાના પૌત્ર. સુંદરબેન લીલાધરના પુત્ર. અશ્વિન, લઠેડીના મનીષા કેતન શાંતિલાલ ગડાના ભાઇ. કાંડાગરાના જેતબાઇ પ્રેમજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. અશ્વિન લીલાધર દેઢિયા, ૧૨૪, ભવ્ય હાઇટ્સ, દત્ત મંદિર રોડ, સાંતાક્રુઝ (ઇસ્ટ),

ભુજપુરના રંજનબેન કલ્યાણજી ધનજી દેઢિયા (ઉ.વ. ૬૮)૫/૬/૨૬ના અવસાન પામેલ છે. કલ્યાણજીના ધર્મપત્ની. નાનબાઇ ધનજીના પુત્રવધુ. રાહુલ, ડિમ્પલના મમ્મી. સ્વ. જવેરબેન નાનજીની પુત્રી. વસંત, પ્રવીણ ગામ ભારાપર જયા, પ્રફુલ, નાગલપુર નીમા ગીરીશ, કોડાય ચેતના અશ્વીનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : કલ્યાણજી ધનજી દેઢીયા રૂમ નં. એ-૨૦૨, ચિરાગ છેડા પાર્ક લોટસ, નાલાસોપારા-ઇસ્ટ.

મોખાના રતનબેન માવજી ગાલા (ઉ.વ.૮૨) ૫/૬/૨૬ના મરણ પામેલ છે. દેવકાબાઈ/ભાણબાઈ ધારશીના પુત્રવધુ. સ્વ. માવજીભાઈના પત્ની. રેખા, ચેતન, રાજેશ, હરેશના માતાજી. રતાડીયા (ગ.) મમીબાઈ રતનશી ઓભાયા છેડાના સુપુત્રી. પ્રેમજી, કેશરબેન, વશનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ: ચેતન ગાલા, કલ્પતરુ ગાર્ડન, અશોક નગર, કાંદિવલી (ઈ.).

ફરાદીના શ્રી શાંતીલાલ ભાણજી ગાલા (ઉ.વ.૮૯) ૬-૬-૨૬ના અવસાન પામેલ છે. કુંવરબાઈ ભાણજીના પુત્ર. મંજુલાબેનના પતિ. પ્રકાશ, ભાવેશ, ચેતનાના પિતા. કેશવજી, લક્ષ્મીચંદ, જયંતીલાલ, દેવકાબેન, ધનવંતીબેનના ભાઇ. નાની તુંબડીના રતનબેન કાનજી છેડાના જમાઇ. પ્રા. વિકાસ સેન્ટર, છઠ્ઠે માળે, એન.એસ. રોડ, મુલુંડ (વે). ટા. ૩.૩૦ થી ૫.

### વાગડ વિ.ઓ.જૈન

ગામ લાકડિયાના સ્વ. જયંતીલાલ પાલણ છેડા (ઉં.વ.૬૨) ગુરુવાર ૪.૬.૨૬ના અવસાન પામેલ છે. સ્વ.નાથીબેન પાલણના સુપુત્ર. ગીતાના પતિ. કૃણાલ, કિન્નરીના પિતાશ્રી. ચાર્મી, સન્નીના સસરા. વીરજી, રવજી, રમણીક, લાલજી, કેસરના ભાઈ. પ્રાર્થના સોમવાર તા.૦૮.૦૬.૨૦૨૬ બપોરે ૩ થી ૪.૩૦. સ્થળ. યોગી સભાગૃહ,સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર,નિવાસ સ્થાન.ઈન્દિરાનિવાસ,૨જે માળે,પેરૂબાગ, ગોરેગામ-ઈસ્ટ,મુંબઈ.૬૩.

### શ્રી ઘોઘારી વિસા શ્રીમાળી જૈન

ટાણા નિવાસી હાલ મુલુંડ કાંતિલાલ ગોપાલજી સંઘવી (ઉં. વ. ૮૩) નિખિલના પિતાશ્રી તા. ૭-૬-૨૬ રવિવારના સ્વર્ગવાસ પામ્યા છે. સ્વ. નિરંજનાબેન સંઘવીના પતિ. સ્વ. ધનસુખભાઇ ગોપાલજી શાહના ભાઇ. તે પ્રીતિ નિખિલ સંઘવીના સસરા. તેમ જ નિશા અલ્પેશ શાહ, દીપા વિજય દેસાઇ અને ભાવિકા રાજીવ ઠક્કરના પિતાશ્રી. સ્વ. વ્રજલાલ નાનચંદ દોશી મહુવાવાળાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૯-૬-૨૬ મંગળવારના સવારે ૯થી ૧૧. ઠે. મહાકવિ કાલિદાસ ઓડિટોરિયમ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ).

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ભદ્રાવળ નિવાસી હાલ કાંદિવલી ગિરધરલાલ મોહનલાલ ગાંધીના સુપુત્ર ચિ. શશીકાંત (ઉં. વ. ૭૦) મંગળવાર તા. ૨-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. ચી. જતીન, કુનાલના પિતાશ્રી. શ્રુતિ-કોમલના સસરા. તે વિઆના, વ્રિતિ, વ્રિયા, માહિરના દાદાશ્રી. સાસરા પક્ષે ભાઇચંદભાઇ રૂગનાથ શાહ (કામરોલ હાલ સાયન) ના જમાઇ. પ્રાર્થનાસભા જાસ્મીન બેન્કવેટ, ૪થે માળે, રઘુલીલા મોલ, કાંદિવલી (વેસ્ટ), સવારના ૧૦થી ૧૨.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## જ્ઞાનની લાયકાત

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



આદિ શંકરાચાર્યે ઉપદેશ-સાહસ્રીમાં પણ જ્ઞાનની વ્યાખ્યા માટે ગીતાનો ઉલ્લેખ કરેલો છે. ગીતામાં દર્શાવેલ આ સૂચિ માનવ ઇતિહાસની એક અદ્‌ભુત ઘટના છે. એક રીતે આ સૂચિ જ્ઞાન માટેની લાયકાત પણ દર્શાવે છે. આજ વાત અજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં થઈ શકે. સાંપ્રત સમયે કદાચ તે વધુ જરૂરી છે, વ્યક્તિ તેને વધુ સહજતાથી સમજી શકે.

અભિમાનપૂર્વક પોતાની જાતને શ્રેષ્ઠ માની તેમ સાબિત કરવાની મનોવૃત્તિ, વૈરાગ્ય તેમજ સંયમનો અભાવ, ચિત્તની સ્થિરતા તેમજ સમતાની ગેરહાજરી, સ્વાર્થ કે લોભ આધારિત દંભ પૂર્વકનું છલયુક્ત આચરણ, સૃષ્ટિના ન્યાય તેમજ પરમેશ્વરના અસ્તિત્વ માટે શંકા રહેતાં શ્રદ્ધાના અભાવે સ્થાપિત થતો ભક્તિનો અભાવ, મનની શાંતિ માટે જરૂરી એકાંત અને શુદ્ધ માહોલના સ્થાને ઘોંઘાટ અને મલિન સ્થાન માટેની આસક્તિ, જે તે પ્રકારની ઉત્તેજનાને આધીન વિષયાસક્ત માનવ સમુદાય વચ્ચે રહેવા માટેની રુચિ, આત્માની યથાર્થ સમજથી પ્રાપ્ત થતી ઉન્નત સ્થિતિ માટે અત્યંત જરૂરી આધ્યાત્મજ્ઞાન તેમજ તત્ત્વજ્ઞાનની સમજ માટે ઉદાસીનતા, સદાય પ્રબળ રહેતી સૂક્ષ્મ તેમજ સ્થૂળ હિંસા વૃત્તિ, ક્ષમાનું મહત્ત્વ ન સમજવાથી ઉદભવતી બદલો લેવાની ભાવના, દરેક પ્રકારની આંતરિક તેમજ બાહ્ય અશુદ્ધિ, જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિમાં દોષ કે અજુગતું કે અયોગ્ય જોવાની અક્ષમતા, વિચાર-વાણી-વર્તનમાં સાતત્યપૂર્ણ ઋજુતાનો કે પવિત્રનો અભાવ, અંતઃકરણની અનિચ્છનીય પ્રકારની અને અનિચ્છનીય માત્રાની ચંચળતા, ઇન્દ્રિયો તથા મનના આવેગ સામે સ્વીકારાયેલી સંપૂર્ણ શરણાગતિ, આલોક તેમજ પરલોકના વિવિધ પ્રકારના ભોગમાં અકલ્પનીય આસક્તિ, શ્રદ્ધાના અભાવે તથા સત્યનિષ્ઠ જ્ઞાનમાં અરુચીને કારણે આચાર્ય-ગુરુની સદંતર અવહેલના, પુત્ર-સ્ત્રી-ઘર પ્રત્યે અત્યંત લગાવ અને તેમનાં પ્રત્યેની અપાર મમતા, પ્રિય કે અપ્રિયની પ્રાપ્તિ થતાં આવતો ભિન્ન ભિન્ન પ્રકારનો - ખુશી તેમજ દુઃખનો - ભાવાત્મક આવેગ; આ અને આવી બાબતો જ્ઞાનના માર્ગમાં બાધા રૂપ રહે. આ બધી બાબતોથી વિપરીત પરિસ્થિતિ એટલે જ્ઞાનની લાયકાત.

અહીં જ્યારે જ્ઞાનની વાત થાય છે ત્યારે આ સામાન્ય દુન્યવી જ્ઞાનની - માહિતીની વાત નથી, આ આધ્યાત્મિક જ્ઞાન છે, આ સંપૂર્ણ જ્ઞાન છે, આ પરમ જ્ઞાન છે, આ પરમ સ્થિતિ વિશેનું જ્ઞાન છે, આ પરમાત્માના સ્વભાવનું જ્ઞાન છે. સામાન્ય જ્ઞાન દુનિયા વિશેની જાણકારી આપે. સામાન્ય જ્ઞાન કળા, વિજ્ઞાન, સમાજ, અર્થવ્યવસ્થા, વ્યવહાર, કાયદા-કાનુન, શિક્ષણ જેવી બાબતોથી માહિતગાર કરે, જેનાથી વ્યક્તિગત તેમજ સામાજિક જીવન-વ્યવહારમાં સરળતા રહે. આધ્યાત્મિક જ્ઞાન આત્મા, પરમાત્મા, સત્ય, સૃષ્ટિનું સ્વરૂપ, ધર્મ, ન્યાય, પવિત્રતા, સાત્વિકતા તથા મોક્ષલક્ષી હોય. અહીં વ્યક્તિને પોતાનું, સૃષ્ટિનું, સૃષ્ટિના સંચાલનનું તથા સૃષ્ટિના સંચાલકનું યથાર્થ જ્ઞાન મળે અને તેનું રહસ્ય પણ સમજમાં આવે. આ જ્ઞાન માટે વિશેષ પ્રકારની લાયકાતની આવશ્યકતા હોય તે સ્વાભાવિક છે.

આધ્યાત્મ જ્ઞાનથી વ્યક્તિ જાણી શકે કે પોતે સ્થૂળ તેમજ સૂક્ષ્મ તત્ત્વોનો સંગ્રહ માત્ર નથી, પરંતુ ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. અહીં તેને પોતાનું સૃષ્ટિ અને પરમાત્મા સાથેનું સમીકરણ સમજમાં આવે. આત્માનું મૂળ સ્રોત ક્યું છે અને આત્માના બંધનનાં કારણો ક્યાં છે તે વિશે અહીં પ્રકાશ પડે. નિત્ય-અનિત્ય, સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ, અખંડ-ખંડિતનો ભેદ અહીં યથાર્થ સ્વરૂપે ધ્યાનમાં આવે. કામ, ક્રોધ, લોભ, મોહ, જેવા દુશ્મનોથી મુક્ત થવાની સંભાવના સ્થપાય અને અંતે મુક્તિનો માર્ગ પ્રશસ્ત થાય. કૈવલ્ય સ્થિતિ, મોક્ષ, પરમાનંદ સ્વરૂપ, અંતિમ સ્થિતિની પ્રાપ્તિ માટે આધ્યાત્મજ્ઞાન આવશ્યક ગણાય. આ એક સ્વાભાવિક પણ કઠિન સ્થિતિ છે. તેની માટે લાયકાત જરૂરી છે.

એમ પણ કહી શકાય કે વિનમ્રતા, અહિંસા, ક્ષમા, શુદ્ધિ, આત્મવિચાર વગેરે ગુણોનો સંકલન જ સાચું જ્ઞાન છે; બાકી બધું અજ્ઞાન છે. એમ પણ કહી શકાય કે 'બ્રહ્મને જાણવું' એ જ જ્ઞાન છે. અન્ય બધું પરોક્ષ છે. અનિત્ય, દુઃખ, અનાત્માને અનુભવી નિર્વાણ તરફ જવું જ જ્ઞાન છે. આત્માના સ્વરૂપના અનુભવથી આ શક્ય બને. આધ્યાત્મિક જ્ઞાનથી ચિંતા, ભય, દ્વેષ, અસુરક્ષા, શંકા, અવિશ્વાસ જેવા નકારાત્મક ભાવ ઓછા થતાં થતાં ક્રમશઃ નાશ પામે. જીવનની વાસ્તવિકતા સમજમાં આવતાં જીવન જીવવા માટેનો યથાર્થ દૃષ્ટિકોણ ઉદભવે. આનાથી જીવનમાં દયા, કરુણા, પ્રેમ, સહનશીલતા, ક્ષમા, અહિંસા જેવા ગુણો પ્રગટે, જેના અનુસરણથી શાંતિ, સંતોષ અને સાત્ત્વિક આનંદની અનુભૂતિ થાય. આ બધા સાથે મોક્ષ તરફની યાત્રા તો સરળ બને જ.


શાસ્ત્રોના વાંચન, ચિંતન અને મનનથી આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્તિ થઈ શકે. સંત-મહાત્માના સત્સંગ થકી પણ આ જ્ઞાન મેળવી શકાય. આ પ્રકારના સ્રોતથી જે પણ જ્ઞાન પ્રાપ્ત થાય તે જ્ઞાનમાં ચિંતન અને ધ્યાન દ્વારા ઊંડા ઊતરવું પડે. અહીં માત્ર માહિતીનું મહત્ત્વ નથી, અનુભૂતિ આવશ્યક છે. આધ્યાત્મિક જ્ઞાનની માહિતી મળી રહે એટલે જ્ઞાન પ્રાપ્તિ થઈ ચૂકી છે તેમ ન કહેવાય. જ્ઞાન તો જ્ઞાનમાં ત્યારે જ રૂપાંતરિત થાય જ્યારે આત્માનુભૂતિ થઈ હોય. જ્યારે પોતાના અસ્તિત્વ સહિતની દરેક સ્થિતિનું વાસ્તવિક સ્વરૂપ અનુભવમાં આવે ત્યારે જ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્તિ થઈ છે તેમ કહેવાય. આધ્યાત્મિક દૃષ્ટિએ જ્ઞાન એટલે પોતાનું, સૃષ્ટિનું અને પરમાત્માનું સાચું સ્વરૂપ સમજવું, જીવનનું અંતિમ સત્ય ઓળખવું અને મોક્ષ તરફ જતો માર્ગ પ્રકાશિત થવો. આ માટેની લાયકાત મનની નિર્મળતા અને પવિત્રતાથી જ પ્રાપ્ત થઈ શકે. જો મન મલિન અને અપવિત્ર હોય તો આધ્યાત્મિક જ્ઞાન ક્યારેય સંભવ ન બને.

આધ્યાત્મજ્ઞાન માટેની લાયકાત ગુરુદેવના આશીર્વાદથી, સંતપુરુષોના સત્સંગથી, શાસ્ત્રોનાં વાંચન અને ચિંતનથી, શાસ્ત્રીય પદ્ધતિના ધ્યાન અને સાધનાથી, સંપૂર્ણ સમર્પિત ભક્તિથી, નિષ્કામ કર્મથી મળતી શુદ્ધિથી, દૈવી આશીર્વાદથી, પરમાત્માની કૃપાથી, સંચિત પવિત્ર કર્મથી, સૃષ્ટિ પ્રત્યે સકારાત્મક અને ન્યાયપૂર્ણ અભિગમથી, દરેક પરિસ્થિતિમાં સત્યની સ્વીકૃતિથી, ધર્મયુક્ત આચરણથી, ઈશ્વરની રચનામાં અપાર વિશ્વાસથી કે સંસાર પ્રત્યેનાં વૈરાગ્યથી પ્રાપ્ત થઈ શકે. આ માટે પણ લાયકાત જોઈએ જે વ્યક્તિએ જાતે કેળવવી પડે. ■

## મનને સુમન બનાવવું હોય; બુદ્ધિની શુદ્ધિ કરવી હોય; તો દિલમાં એક નવું સર્જન કરવું પડશે



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



પ્રાપ્ત થઈ છે. મારા માટે રામ સમાન બીજું કોણ હોઈ શકે? આપણે સૌ કંબોડિયા દેશમાં, આ વિષ્ણુલોકમાં ભગવાન રામની કથાને નિમિત્તે એકઠા થયા હતા. અને આજે મારી વ્યાસપીઠ પરથી હું પણ કથાને વિરામ આપવા જઈ રહ્યો છું ત્યારે સમગ્ર આયોજનની પ્રસન્નતા વ્યક્ત કરું છું. એક નાની એવી બોધકથા સાથે આ નવદિવસીય કથાને વિરામ આપી દઉં.

એક જીર્ણ-શીર્ણ મંદિર હતું. બધા લોકોએ વિચાર્યું કે આ મંદિર ક્યારેક ને ક્યારેક પડશે તો અંદર પ્રાર્થના કરનારાઓને દબાવી દેશે. તો ટ્રસ્ટીઓની મીટિંગ થઈ અને ત્રણ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યા. પ્રસ્તાવ પહેલો, જલદીથી જલદી આ મંદિર નવું બનાવવામાં આવે. સર્વાનુમતે ઠરાવ પાસ થયો. બીજો પ્રસ્તાવ આવ્યો કે આવું જ મંદિર બનાવવામાં આવે. ત્રીજો પ્રસ્તાવ આવ્યો કે આ બહુ પુરાણું મંદિર છે, એ જગ્યાએ જ મંદિર બનાવવામાં આવે, પરંતુ એ મંદિર પાડવામાં ન આવે. મૂઢ લોકોએ પ્રસ્તાવ પાસ કર્યો! બાપ, હું એટલું કહીને વિદાય લઈશ કે નવું સ્થાપિત કરવા માટે જૂનું પાડવું પડશે. બીજું અન્યત્ર કરી શકીએ, પરંતુ એ જ જગ્યાએ તમને નવું મંદિર બંધાવું હોય અને તમે પ્રસ્તાવ કરો કે આ જ જગ્યાએ અમે મંદિર બનાવીશું, પરંતુ એને પાડીશું નહીં તો એમાં મૂઢતા સિવાય બીજું કંઈ નથી! આપણે આપણા દિલમાં નવસર્જન કરવું હોય; મનને સુમન બનાવવું હોય; બુદ્ધિની શુદ્ધિ કરવી હોય; ચિત્તને એકાગ્ર કરવું હોય અને અહંકારથી ક્રમશઃ દૂર જવું હોય તો એ જ બૂરાઈઓને રાખીને ત્યાં જ નવું બનાવી નહીં શકાય. મત્યાં બનાવવા માટે એ જ દિલમાં એક નવું સર્જન કરવું પડશે. અને એ સર્જન થશે રામનામથી. **'भज गोविंदम्, भज गोविंदम्, भज गोविंदम्'** કેમ કે નામ લો તો રૂપની ચિંતા ન કરો, રૂપ આવશે. તુલસીએ કહ્યું છે, રૂપ નામને આધીન છે.

**रूप ग्यान नहिं नाम बिहीना ।**

અને જ્યાં રૂપ આવશે ત્યાં એની લીલા પણ આવશે કે એ શું કરે છે? પછી એ જાણવાની ઇચ્છા થશે, એ ક્યાં જન્મ્યો? ક્યાં રહે છે? એના ધામ તરફ પણ ગતિ થશે. કળિયુગમાં મૂળ યાત્રા થશે નામથી.

**चहुँ जुग चहुँ श्रुति नाम प्रभाऊ।**

અને મને સમજાતું નથી કે આટલું સરળ સાધન છોડીને લોકો આટલાં કઠિન-કઠિન સાધનોમાં શું કામ જાય છે? ક્યારેક-ક્યારેક મોટા શૉપિંગ મૉલમાં જે વસ્તુ મળે છે એનાથી સારી વસ્તુ અને ઓછી કિંમતમાં રેંકડીમાં મળે છે! હરિનામ લોને પ્યારે! બધાં શાસ્ત્રોનો સાર છે પ્રભુનું નામ. મારાં ભાઈ-બહેનો, તમે ધ્યાન કરતા હો તો કરો, અવશ્ય; યોગ કરો, પરંતુ જો તમારા મનમાં કંઈ ન બેસે તો હરિનામ લો. નામ અનંત છે. એની લીલા-નામ-ધામ-રૂપ અનંત છે. અને સમયને અનુરૂપ ઋષિઓએ સાધના બતાવી છે. યોગ-યજ્ઞ-ધ્યાન એ બધું કોઈ માસ્ટર પાસેથી શીખીને કરો, પરંતુ ત્રિગુણાતીત શ્રદ્ધા હોય તો નામ લો.

એક દિવસ હનુમાન અને રામ બેઠા હતા ત્યારે રામજીએ પૂછ્યું, હનુમાન, મને સમજાતું નથી કે તું સુરસાના મુખમાં કેમ ગયો? સુરસાના મુખમાં તો ઝેર હોય છે. એ તો સર્પિણી છે. હનુમાને કહ્યું, હું જાણીબૂઝીને ગયો. 'શા માટે?' ત્યારે જવાબ આપ્યો કે આપ તો જાણો છો કે હું મૂળ શંકર છું! મારી સ્થાપના આપે કરી છે. મારી દરેક પ્રકારની સ્થાપના આપના દ્વારા થઈ છે. બંદર આટલો સુંદર થઈ જાય, એ સ્થાપના આપની છે. બરાબરને? તો હું એક વાર 'રામ રામ' બોલીને ઝેર પી ગયો હતો તો રામકૃપાથી બચી ગયો. તો મેં વિચાર્યું કે 'રામ રામ' બોલીને ઝેરના મુખમાં જાઉં, જરા જોઉં તો ખરો કે મામલો શું છે? તો રામ બોલ્યા, તારા મુખમાં 'રામનામ' હતું? હનુમાને કહ્યું, હા,આપે તો મુદ્રિકા આપી હતી-

**प्रभु मुद्रिका मेली मुख माहिं । ॐ**

અરે સાહેબ! રામનામ મુખમાં લઈને સુરસાઓના પેટમાં ચાલ્યા જાઓ તો પણ સુરક્ષિત! તો બાપ, પરમાત્માનું નામ, વિષ્ણુનું નામ, અલ્લાહનું નામ, કોઈનું પણ નામ લો. કળિયુગ છે નામની મોસમ. જેમનાં ચરણોમાં લક્ષ્મી સંવાહન કરતી હોય એમનો આશ્રય કરવો. આપણી કથા, આપણાં સૂત્રો, આપણું હરિનામ, આપણા બુદ્ધપુરુષ આપણી સલ્તનત છે. એવી સલ્તનતમાં આપણે નવ દિવસ હતા. હવે જ્યારે જઈ રહ્યા છીએ ત્યારે એ સંપદાને સંભાળજો અને બૅન્કમાં પૈસા જમા કરવાથી વધે છે, તો હરિની બૅન્કમાં હરિનામ જેટલું વહેંચો એટલું વધે છે. હું એ જોતો રહું છું કે કથામાં આપણું સારાપણું, આપણી બૂરાઈઓ એ બધું નીકળવા લાગે છે. રામકથા પ્રભાવ પર કામ નથી કરતી, સ્વભાવ પર કામ કરે છે. તમારો પ્રભાવ કેવો છે એના પર રામકથા કામ નહીં કરે, કેમ કે તમે ભરેલા છો તો રામકથા જેટલું પણ નાખશે, એટલા છલકાઈ જશો. મારાં ભાઈ-બહેનો, રામકથા સ્વભાવ પર કામ કરવાનો તરીકો છે.

(સંકલન : જયદેવ માંકડ)■

**एहिं कलिकाल न साधन दूजा ।**
**जोग जग्य जप तप ब्रत पूजा ।।**

તુલસી કહે છે,ભીષણ કલિકાલ છે, એમાં આપણા જેવા લોકો બીજાં કોઈ સાધન નથી કરી શકતાં. ત્રણ વસ્તુ કરીએ, રામને સાંભળીએ, રામને ગાઈએ અને રામને સ્મરીએ. જેમનું નામ પતિતપાવન છે, એમનું નામ પોકાર્યું એવા ક્યાં અધમાધમને વિશ્રામ નથી મળ્યો?

**जाकि कृपा लवलेस ते मतिमंद तुलसीदासहूँ ।**
**पायो परम बिश्रामु राम समान प्रभु नाहीं कहूँ ।।**

તુલસી કહે છે, મારા ઠાકુર કંજૂસ નથી. તેઓ પૂર્ણ કૃપા કરી શકતા હતા, પરંતુ એમને ખ્યાલ હતો કે તુલસી બિચારો પચાવી નહીં શકે. એટલા માટે રજમાત્ર કૃપા થઈ તો મારા જેવો મતિમંદ તુલસી આજ **पायो परम बिश्रामु ।**

**मेरी सल्तनत मेरा फन रहे,**
**मुझे ताजो-तख्त खुदा न दे।**

મને પરમ વિશ્રામની સલ્તનત

## તમે જે પ્રકૃતિનું અપમાન કરતાં આવ્યાં છો એનો પ્રકોપ ભોગવવો પડશે...

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



દેવગુરુ બૃહસ્પતિના આશીર્વાદ લેતાં તેમને મદદ કરવા દેવગુરુ બૃહસ્પતિ દેવરાજ ઇન્દ્ર સાથે કામધેનુને શોધવા નીકળી પડે છે. પ્રથમ તેઓ ઉત્તર દિશામાં નિવાસ કરતી કામધેનુને પુત્રી ધેનુ પાસે પહોંચ છે. દેવરાજ ઇન્દ્ર અને દેવગુરુ બૃહસ્પતિને જોઈ ધેનુ તેમને પ્રણામ કરી પૂછે છે કે, કહો તમારી શું સેવા કરી શકું.' દેવરાજ ઇન્દ્ર તેને કહે છે, 'જુઓ ધેનુ હું અને ગુરુદેવ તમારી માતા કામધેનુને ફરી સ્વર્ગલોક લઈ જવા આવ્યા છીએ.' માતા કામધેનુ સ્વર્ગલોકમાં નથી એ વાતથી અજાણ ધેનુ ક્રોધિત થઈ જાય છે અને કહે છે, 'હવે મને ખબર પડી રહી છે કે મારી માતા સ્વર્ગલોક ખાતે નથી, તેઓ ક્યાંક ચાલી ગયા છે. મેં ઘણી વાર જોયું છે કે તમે હંમેશાં તેમની ઉપેક્ષા કરતા રહો છો, કેટલો વખત કોઇ પોતાની ઉપેક્ષા સહન કરી શકે, માતા કામધેનુને શોધવા માટે હું તમને કોઈ મદદ નહીં કરું, અહીંથી ચાલ્યા જાવ તમે'. ક્રોધિત ધેનુ દેવરાજ ઇન્દ્ર અને દેવગુરુ બૃહસ્પતિને કોઈ સહકાર ન આપતાં તેઓ પશ્ચિમમાં રહેતી કામધેનુની પુત્રી સુભદ્રાને મળવા તેના નિવાસસ્થાને પહોંચે છે. તેમને જોતાં જ સુભદ્રા પણ કહે છેઃ 'કહો તમારી શું સેવા કરું?' હવે દેવગુરુ બૃહસ્પતિ કહે છે, 'દેવરાજ ઇન્દ્ર દ્વારા વારંવાર થતી ઉપેક્ષાથી કંટાળી તમારી માતા કામધેનુએ સ્વર્ગનો ત્યાગ કર્યો છે. શું તેઓ અહીં આવ્યા છે?' માતા કામધેનુએ સ્વર્ગનો ત્યાગ કર્યો છે એ વાતથી અજાણ સુભદ્રા કહે છે, 'નહીં દેવગુરુ! માતા અહીં આવ્યા નથી. તેઓ ક્યાં હશે. દેવરાજ ઇન્દ્ર તમને યોગ્ય શિક્ષા થવી જોઈએ. હું આશા કરું છું કે તમે કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરશો, માતાને શોધવા હું તમને કોઈ મદદ નહીં કરું.' એટલું કહી સુભદ્રા ત્યાંથી ચાલ્યા જાય છે. સુભદ્રા તરફથી સહકાર ન મળતાં દેવરાજ ઇન્દ્ર થોડા ક્રોધિત થાય છે. બીજી તરફ દેવર્ષિ નારદ બ્રહ્મલોક પહોંચી બ્રહ્માજીને પૂછે છે કે કામધેનુ ક્યાં છે? બ્રહ્માજી કહે છે, હું મારી દિવ્ય દૃષ્ટિથી પણ તેમને જોઈ શકતો નથી. તેઓ ધારશે ત્યારે જ આપણી સમક્ષ ઉપસ્થિત થશે. બ્રહ્માજી, માતા સરસ્વતી અને દેવર્ષિ નારદ વૈકુંઠલોક ભગવાન શ્રીહરિ વિષ્ણુ કહે છે, હું તમારી ઝંખના સમજી શકું છું, પણ અત્યારે કંઈ ન કહી શકાય. દેવરાજ ઇન્દ્ર જ નહીં પશુઓની ઉપેક્ષા કરી તેમને પ્રતાડિત કરનારા પૃથ્વીલોક પર ઘણાં પડયા છે. તેમને જ્ઞાત જ નથી કે તેઓ શું કરી રહ્યાં છે. હવે મને આ વાતનું આંકલન કરતાં સમજ પડે છે કે આ બાબતે સંસારને જાગૃત કરવા પશુપાલક રૂપ ધારણ કરનાર ભગવાન શિવ મણિકાને તૈયાર કરી રહ્યાં છે. સામે પક્ષે દેવરાજ ઇન્દ્ર અને દેવગુરુ બૃહસ્પતિ માતા કામધેનુને શોધવા તેમની ત્રીજી પુત્રી હર્ષચિકા પાસે જાય છે. હર્ષચિકા પણ તેમને એમ જ કહે છે, માતા કામધેનુ અહીં આવ્યા નથી અને તેમને ખબર પણ નથી કે માતા કામધેનુ ક્યાં ગયા છે.

* * *

ગભરાયેલા દેવરાજ ઇન્દ્ર દેવગુરુ બૃહસ્પતિ તરફ જુએ છે.

દેવગુરુ બૃહસ્પતિઃ 'દેવરાજ આ સમય ગભરાવાનો નથી, તમારે હિંમતથી કામ લેવું રહ્યું, હું તમારી સાથે જ છું કે જ્યાં સુધી માતા કામધેનુ સ્વર્ગલોક પરત ન આવી જાય.

દેવરાજ ઇન્દ્રઃ 'ગુરુદેવ આપણે માતા કામધેનુની ત્રણ દિકરીઓને મળી ચૂક્યા છીએ, હવે તેમની જ્યેષ્ઠ પુત્રી સૌરભીને મળવા જવું જોઈએ, માતા કામધેનુ ત્યાં અવશ્ય મળી જશે.

* * *

બીજી તરફ માતા કામધેનુ પશુપૂજક પાસે આવે છે.

પશુપૂજકઃ 'કામધેનુ તમારું અહીં સ્વાગત છે, મને ખાતરી હતી કે તમે અહીં અવશ્ય આવશો.'

માતા કામધેનુઃ 'પ્રભુ તમને અને માતાને પ્રણામ. પ્રભુ હવે હું દેવરાજ ઇન્દ્રની ઉપેક્ષા સહન કરી શકતી નથી.'

પશુપૂજકઃ 'કામધેનુ તમારે જરાયે ચિંતા કરવાની જરૂર નથી, તમે અહીં અમારા આશ્રમમાં તો રહી જ શકો છો પણ તમારી ઇચ્છા હોય તો કૈલાસ ખાતે નિવાસ કરો.'

માતા કામધેનુઃ 'નહીં પ્રભુ! ઘણો સમય વિતી ગયો છે, હું મારી પુત્રીઓને મળી નથી, મારે એમની સાથે થોડો સમય વ્યતિત કરવો છે. ત્યારબાદ તમારા સાન્નિધ્યમાં રહેવાની ઇચ્છા છે.'

પશુપૂજકઃ 'કામધેનુ તમારે સંભાળીને આકાશ વિહાર કરવાની જરૂર છે દેવરાજ ઇન્દ્ર અને દેવગુરુ બૃહસ્પતી તમારી પુત્રીઓના નિવાસસ્થાને શોધખોળ કરી જ રહ્યા છે.'

માતા કામધેનુઃ 'પ્રભુ! હું તમારી માફી માગવા આવી છું, પોતાની જવાબદારીનો પરિત્યાગ કરી સ્વર્ગથી પ્રસ્થાન કરવા માટે. પણ પ્રભુ મારી પાસે કોઈ વિકલ્પ નહોતો.'

પશુપૂજકઃ 'કામધેનુ તમારે જરાયે ક્ષોભ અનુભવવાની જરૂર નથી, તમે કાંઇ એવું નથી કર્યું કે જે અનુચિત હોય. દેવરાજ ઇન્દ્રને પોતાની ભૂલનો અહેસાસ કરાવવો જરૂરી છે.'

માતા કામધેનુઃ 'પ્રભુ! તમારો ખૂબ ખૂબ આભાર. હું મારી પુત્રીઓ સાથે થોડો સમય ગાળવા ઉત્સુક છું.'

પશુપૂજકઃ 'જાઓ કામધેનુ તમારી પુત્રીઓ સાથે સમય વ્યતીત કરો અને પ્રસન્ન રહો.'

માતા કામધેનુ તેમની પુત્રીઓને મળવા પ્રયાણ કરે છે.

* * *

એજ સમયે મહામંત્રી મણિકા ત્યાં આવે છે.

મહામંત્રી મણિકાઃ 'હે યુગપુરુષ, પશુપૂજક ગુરુદેવ તમારી સાથે સત્સંગ કરતાં કરતાં ઘણો દિવસો નીકળી ગયા. મારા રાજા આર્યવર્તનનો દૂત મને મળવા આવ્યો છે. મને પૂછે છે કે શું દસ સહસ્ત્ર અશ્વોની ખરીદી થઈ ગઈ. તમે માતાને લઈ અહીંથી ચાલ્યા જાઓ, હું એમની સમજાવી દઈશ કે તમારી કોઈ ભૂલ નથી, દંડનો પાત્ર તો હું જ છું. આટલા અશ્વો મળવા મુશ્કેલ છે.'

પશુપૂજકઃ 'ચિંતા ન કરો મણિકા બધું વ્યવસ્થિત થશે.'

એ જ સમયે અશ્વોનું મોટું ધણ ત્યાં આવી પહોંચે છે, એ ધણ જોઈ મણિકા ખૂબ પ્રસન્ન થઈ જાય છે. પશુપૂજકના આશ્રમમાં હવે મણિકાને જોઈએ એથી વધુ અશ્વો હતા. વાતની જાણ થતાં જ રાજા આર્યવર્તન ત્યાં આવી પહોંચે છે. એની પાછળ પાછળ એક સૈનિક આવી જણાવે છે કે, તેમના અશ્વ શાળામાં એકપણ અશ્વ નથી રહ્યાં. બધા અહીં આવી ગયા છે.

રાજા આર્યવર્તનઃ 'હે પશુપૂજક, તમને વિનંતી કરું છું કે આ અશ્વો અમને સોંપી દો.'

એટલું બોલતાં જ ત્યાં રહેલા બધા અશ્વો અદૃશ્ય થઈ જાય છે. રાજા આર્યવર્તન ખૂબ ક્રોધિત થાય છે. તેઓ કહે છે કે 'આ બધી સમસ્યાની જડ મણિકા છે, એને મૃત્યુ દંડ આપવામાં આવે.'

સૈનિકો મણિકાને રાજે આર્યવર્તન સમક્ષ ઉપસ્થિત કરે છે. રાજાનો ઈશારો થતાં જ સૈનિકો મણિકાનું મસ્તક શરીરથી છૂટું કરવાં જાય છે એ જ સમયે ભગવાન શિવ અને માતા પાર્વતી ત્યાં ઉપસ્થિત થાય છે.

માતા પાર્વતીઃ 'રાજા આર્યવર્તન તમે મહાદેવના ભક્તને જ નહીં, મહાદેવના શિષ્યની નહીં, મૂંગા પશુઓને અખંડ પ્રેમ કરનારા મહાન વ્યક્તિને મૃત્યુ દંડ આપવાનો પ્રયાસ કર્યો છે. આવા પાપના દંડને પાત્ર સ્વયં તમે છો. તમે મહાન માનવીની બલી ચઢાવનાર હતા, આજ સુધી તમે રાજ્યને શક્તિશાળી બનાવવા માટે પશુઓની બલિ ચઢાવતા હતાં, આજસુધી તમે જે પ્રકૃતિનું અપમાન કરતાં આવ્યાં છો. હવે તમારે અને તમારા રાજ્યએ પ્રકૃતિનો પ્રકોપ ભોગવવો પડશે.'

માતા પાર્વતી આટલું જ બોલતાં વંટોળ ફૂંકાવા લાગ્યો. પોતાના રાજ્યનો નાશ નક્કી છે એ સમજાતાં રાજા આર્યવર્તન ગભરાઈ ગયો.

રાજા આર્યવર્તનઃ 'માફ કરો માતા....'

ભગવાન શિવઃ 'શાંત થાઓ પાર્વતી, આર્યવર્તનના પાપોની સજા એની પ્રજાને, એના રાજ્યને ન આપો.'

ભગવાન શિવની વિનંતી સાંભળતાં જ માતા પાર્વતી શાંત થઈ જાય છે. વંટોળ ફૂંકાતો બંધ થઈ જાય છે.

રાજા આર્યવર્તનઃ 'માતા તમે અને પ્રભુ તમે પણ મારા પરિવાર સહિત રાજ્ય પર કૃપા વરસાવતા રહેજો. હું તમને વચન આપું છું કે આજ પછી મારા રાજ્યમાં બલી પ્રથા બંધ થશે.'

(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# પાંડવોનો આંબો



પાવનકારી એવો પુરુષોત્તમ માસ ચાલી રહ્યો છે ત્યારે ગામડાંની વયોવૃદ્ધ ગોપીઓના કંઠે સાંભળવા મળે કેટલીક ધોળ પ્રકારની રચનાઓ. ‘પાંડવોનો આંબો’ નામની એક ખૂબ જ જાણીતી રચના કલાભગત દ્વારા સર્જન પામી છે.

લોકકંઠે વહેતી આવેલી આ રચનાના અનેક પાઠાંતરો-રૂપાંતરો કંઠસ્થ પરંપરામાં જળવાતાં આવ્યાં છે. ‘કલો કોલીખડાવોળો’ના નામે જાણીતા થયેલા આ સંતકવિ પોરબંદર વિસ્તારમાં રબારી સમાજમાં આદરણીય ભક્ત તરીકે પૂજાય છે.

*દૂરવાસા ઋષિયે ગોઠલી કીધી, માંય મેલી છે ગાળ;*
*પકવી આપો પાંડવો મારે, કરવું છે ફરાળ,*
*પાંડવોને ઘેર આંબલો ઊગે આજ, આંબલો ઊગે આજ,*
*રાખો તમે લક્ષ્મીના વર લાજ...*
*ઘઉં કણકની ગોઠલી, ત્રીજી શેકી શાળ,*
*પકવી આપો પાંડવો મારે, કરવું છે ફરાળ...*
*પાંડવોને ઘેર આંબલો ઊગે આજ,*
*આંબલો ઊગે આજ, રાખો તમે લક્ષ્મીના વર લાજ...*
*ત્રણ પહોરમાં તઈયાર કરોને, બ્રાહ્મણ માગે ભાગ,*
*ચાકરીમાં જો ચુકશો તો સાંભળશો સરાપ...*
*ધરમે આંબો રોપિયો ને ધર્યા હરિનાં ધ્યાન,*
*સતને વિસવાસે સમરિયા ને આંબલે રાતા પાન...*
*પાંડવોને ઘેર આંબલો ઊગે આજ, આંબલો ઊગે આજ,*
*રાખો તમે લક્ષ્મીના વર લાજ...*
*અર્જુનને તો આધીન છે, નિત્ય ભજે નારાયણ,*
*સ્મરણ કીધું શામળિયાનું એમાં દસે દિશે ડાળ...*
*નિકુળને તો નિશ્ચે છે તે, નિત્ય ભજે નારાયણ,*
*સ્મરણ દીધું શામળિયાનું આંબલે આવ્યો મોર...*
*પાંડવોને ઘેર આંબલો ઊગે આજ, આંબલો ઊગે આજ,*
*રાખો તમે લક્ષ્મીના વર લાજ...*
*ભીમસેનને ભાવ ઘણેરો, ઘેર પધાર્યા ગોર,*
*નવ તેરી ત્યાં નોતરી એની પાંખડિયે ખડ ધન...*
*દ્રોંપદીજી તો મહાસતીને, લાંબી કાઢે લાજ,*
*કરજોડી ઊભાં રિયા ત્યાં ફળ જડ્યા હજાર...*
*પાંડવોને ઘેર આંબલો ઊગે આજ, આંબલો ઊગે આજ,*
*રાખો તમે લક્ષ્મીના વર લાજ...*
*થાળ ભરી આંબો વેડિયો, કરો ઋષિ હવે ફરાળ,*
*હાથનો વેડેલ આંબલો, મારે ફળ ન આવે કામ..*
*કુંતાજી તો મહાસતી ને અલોકિક અવતાર,*
*પાય લાગ્યા એને પાંડવો ત્યારે ફળ પડ્યા હજાર...*
*પાંડવોને ઘેર આંબલો ઊગે આજ, આંબલો ઊગે આજ,*
*રાખો તમે લક્ષ્મીના વર લાજ...*
*ઋષિ જમાડી રાજી થયાને બદલે વેંચ્યાં પાન,*
*કલાના સ્વામી શામળા, એના સત રાખ્યા ભગવાન...*
*પાંડવોને ઘેર આંબલો ઊગ્યો આજ, આંબલો ઊગ્યો આજ,*
*રાખી તમે લક્ષ્મીના વર લાજ...*

દુર્વાસા મુનિ તો ક્રોધના અવતાર તરીકે જાણીતા એકવાર પાંડવોની પરીક્ષા લેવા આવ્યા. ઘઉંના લોટની ગોટલી બનાવી, એને શેકી ને લઈ આવ્યા. પાંડવોને હવે આને વાવો ને એના ફળનાં મને ફરાળ કરાવો. ત્રણ પહોરમાં જો તૈયાર નહીં થાય તો મારો શ્રાપ ખમવા તમે તૈયાર રહેજો. ધરમરાજાએ તો શ્રી હરિનાં નામ લઈ એ ગોઠલી વાવી અને પોતાનાં સત્યવ્રતના પુણ્ય અર્પણ કર્યા. ત્યારે એ ગોઠલીમાંથી કોંટા ફૂટીને રાતાં પાન બહાર આવ્યા. એ પછી ભીમ, અર્જુન, સહદેવ, નકુળના પુણ્યના પ્રતાપે આંબો વધ્યો, મોર આવ્યો ને કેરી તૈયાર થઈ. દ્રૌપદીના પુણ્યે એ ફળ પાકી ગયાં, એણે ફળ ઉતારીને મુનિને આપ્યાં તો દુર્વાસા મુનિ કહે હાથે ઉતારેલા ફળનો આહાર હું ન કરું. ત્યારે કુંતામાતાને પાંડવોએ નમસ્કાર કર્યા, કુંતા માતા અંબા પાસે આવ્યા અને પોતાનું સત અર્પણ કર્યું એટલે આપોઆપ ફળ એના થાળમાં પડ્યા. ઋષિને જમાડ્યા ને દુર્વાસા મુનિ પ્રસન્ન થઈ ગયા. ભગવાને સત રાખ્યું એ પ્રસંગને વર્ણાવતો કલા ભગતે ભક્તિનો મહિમા ગાયો છે. ■

# આઈ નાગબાઈઃ તથ્ય ને તત્ત્વ

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

આઈ ઉજળી, આઈ નેચડી અને આઈ શેણીની માફક આઈ નાગબાઈના ચરિત્ર અને ચારિત્ર્ય વિશે ગુજરાતી સાહિત્ય પરંપરામાં મોટી અને ખોટી ગેરસમજ પ્રસરેલી હતી. વર્ષો સુધી એ પ્રવાહિત પણ રહી. મેઘાણી અને ગુણવંતરાય આચાર્ય જેવા લોકસંસ્કૃતિના જાણતલ સારસ્વતો પણ એ ચૂંગાલથી દોરવાયા. રા’ગંગાજળિયો માં મેઘાણીએ અને રામાંડલિક ફિલ્મ પટકથામાં ગુણવંતરાય આચાર્યે વિકૃત, દંતકથાને સત્યકથા માની લઈને એક મહાનાયકના પતનની રસપ્રદ કથા, ટ્રેજીક હીરો આલેખવાની વૃત્તિથી પ્રયોજી જણાય છે. આ કારણે એમણે ઈતિહાસના ચરિત્રોને ચારણી અને રાજપૂતી સંસ્કૃતિથી વિપરીત એવા કુરૂપ-દયનિય અને કુવિચારી રૂપે ચિતર્યા. આપણાં લોકસાંસ્કૃતિક વલણોથી તદ્દન વિપરિત એવા કથાનક, દુહા અને સંવાદો જો કે જનમનરંજન કરતા હોઈને ભારે લોકપ્રિય પણ થઈ પડેલા.

આઈ નાગબાઈ, રામાંડલિક ત્રીજાને શાપ આપે કે તું મુસ્લિમના હાથે પરાજિત થઈશ, મુસ્લિમ થઈશ, પાવૈયો થઈને ભટકીશ આવો શાપ હિન્દુ સંસ્કૃતિની રખેવાળ માતૃશક્તિ ચારણ આઈ આપે એવું આપણી સંસ્કૃતિમાં એકપણ ઉદાહરણ નથી. આવા, લોકસંસ્કૃતિથી તદ્દન વિપરિત વલણો આઈ નાગબાઈને માથે, પ્રખ્યાત લેખકોએ, પ્રચલિત કરવામાં આવેલી દંતકથાને માની લઈને ચઢાવ્યા.

સાંઠેક વર્ષ વળોટી ગયેલો કોઈ છત્રપતિ, કે જે હિન્દુ સંસ્કૃતિ માટે પોતાનું બલિદાન આપવા અને ભારતીય જીવનમૂલ્યો જાળવવા ક્રિયાશીલ હોય, ગંગાજળથી નિયમિત સ્નાન કરતો હોય અને શિવપૂજા કરતો હોય તેવો રાજપૂત રાજવી પચાસેક વરસની પ્રૌઢ ચારણી સન્નારી આઈ મીણબાઈ સમક્ષ ગામના પાદરે, લોક સમુદાયની વચ્ચે ગેરવર્તણૂંક કરે અને એ પણ સીતેરેક વરસના પ્રૌઢા આઈ જોગમાયા તરીકે જાણીતા આઈ નાગબાઈ જેવા સાસુમાની ઉપસ્થિતિમાં. આવા કુકર્મો-ખોટી આળ-રાજવી રાખેંગાર ત્રીજાને લલાટે ચિતરીને એક મહાન રાજવીના પતનની કરુણકથા ઉપજાવીને જનમનને રંજિત કરતું રસપ્રદ સાહિત્ય કે ફિલ્મ માટે જોડાયેલી- દંતકથાના પ્રસંગોને પ્રયોજીને કૃતિઓ રચાઈ. ભારતીય સાંસ્કૃતિક- લોકસાંસ્કૃતિક પરંપરાથી પરિચિત સાક્ષર દ્વારા આવું હીનકાર્ય થાય એ આપણી ભાષાની કમનસીબી છે.

આઈ નાગબાઈનું ચરિત્ર, મીણબાઈનો સંવાદ અને નાગબાઈના નામે દુહા હકીકતે મિરાંતે સિંકદરી, મિરાંતે બહાદુરશાહી અને મિરાંતે મુસ્તફાબાદ જેવા મુસ્લિમ ઈતિહાસ ગ્રંથોનાં પ્રભાવ ઝીલીને આલેખાયા જણાય છે. મુસ્લિમ ઈતિહાસકારોથી પ્રભાવિત આપણાં ઈતિહાસ લેખકોએ પણ એમાંનાં જોડી કાઢેલ કઢંગા પ્રસંગને માની લઈને, લોકમાં પ્રચલિત કરાયેલ દંતકથાત્મક કથાનકને પોતાના સર્જનાત્મક લેખનમાં સ્થાન આપ્યું. ઉપરાંત ભારત રાજય મંડળ, યદુવંશ પ્રકાશ, સૌરાષ્ટ્રનો ઈતિહાસ, સંસ્થાન જૂનાગઢનો સંક્ષિપ્ત ઈતિહાસ જેવા આપણાં ઈતિહાસ ગ્રંથોએ પણ દસ્તાવેજી આધાર અને હસ્તપ્રાચીન પ્રતોનાં પુરાવા ન હોવા છતાં એને માની લીધા, એ



આપણી ભાષાની અવનતિયુક્ત નિયતિ, નહીંતર આમ ન બને.

લોકસાંસ્કૃતિક ઈતિહાસમાં ક્યાંય સામૈયા-સ્વાગત ગામને પાદર ન હોય. ઘરની ડેલીએ કે શેરીએ હોય અને એ સામૈયું પણ કુમારિકા કરે, કંઈ પ્રૌઢ સન્નારી ન કરે. ભારતીય પરંપરામાં શાપનું પણ એક શાસ્ત્ર છે. એ વ્યક્તિગત જ હોય. આખા સમાજને એમાં સાંકળે નહીં. કોઢ નીકળે, નિર્વંશ થઈશ, આંધળો થઈશ એ પ્રકારના હોય. પરધર્મીને પોરસાવતા, એમનો વિજય કથતા કે આવકારતા શાપ ન હોય. પણ આ ચરિત્રમાં અપાયા-મનાયા અને આલેખાયા. ચારણી સંસ્કૃતિ અને મૂલ્યોથી પૂરું પરિચિત, સર્જક વ્યક્તિત્વ અને ઈતિહાસ લેખકો પણ આવું આચરે એ માન્યામાં નથી આવતું. આપણાં છેલ્લાં રાજવીઓ પછી તે રાજા કરણ હોય, પતાઈ રાવળ હોય કે રાખેંગાર, એમના ચરિત્ર વિશે પછીના તૂરતના શાસકે અને શાસકને સારું લગાડવા માટે ઈતિહાસકારોએ વર્તમાન શાસકને ઉત્તમ આલેખવા આવા કુપ્રયત્નો કર્યા છે.

ઊર્મિનવરચનામાં લોકસંસ્કૃતિ તથા ચારણી સાહિત્યના માલમી અને મરમી આદરણીય જયમલ્લ પરમારે ઈ.સ.૧૯૭૧ના જાન્યુઆરીથી જૂન એમ છ મહિના સુધી રામાંડલિક અને આઈ નાગબાઈ નામે લેખમાળામાં ઘણાં આધારો અને લોકસાંસ્કૃતિક ઐતિહાસિક વિગતો આલેખીને રાખેંગાર તથા આઈ નાગબાઈના ચરિત્રને પરિશુદ્ધ રીતે પ્રસ્તુત કરેલું. એ સમયે પછીના અંકોમાં ચારણી વિાન રતુદાન રોહડિયા પણ ઘણી વિગતો ચર્ચા રૂપે ઉમેરણ પ્રકારે સૂચવતા અવલોકવા મળે છે. ઈ.સ.૧૯૭૭માં એમને સાજણશી સુરુ રચિત દુહાઓની હસ્તપ્રત પ્રાપ્ત થઈ. એમાં નાગબાઈએ કહેલ દશ દુહા પણ ચારણીસાહિત્યના બહુમૂલ્ય સાહિત્ય તરીકે સચવાયેલા પ્રાપ્ત થયેલા. બે એક વર્ષ પછી એ ઊર્મિનવરચનામાં પ્રકાશિત પણ થયેલા. રતુદાન રોહડિયાના લેખસંગ્રહ ચારણી સાહિત્યઃ સત્વ અને સૌંદર્ય (૧૯૮૪)માં ગ્રંથસ્થ છે. એમાં નવ દુહા મુકાયા છે. આદરણીય જયમલ્લભાઈ પરમારે ૧૯૭૧માં કથેલી સામગ્રીને માટે એ આધારરૂપ છે. મારી દૃષ્ટિએ આઈ નાગબાઈના પવિત્ર ચરિત્રનું અને રાખેંગારનું એમાં સાચું દસ્તાવેજી આધાર પુરાવારૂપ દર્શન પ્રાપ્ત થાય છે. પીએચ.ડી. પદવી માટે ચુડાસમા રાજવંશની પ્રશસ્તિ કવિતા વિષયે મહાનિબંધ તૈયાર કરતા મારા વિદ્યાર્થી વિક્રમસિંહ ભરતસિંહ રાયજાદાએ પણ એ હસ્તપ્રતમાં અવલોકી. હકીકતે દશ દુહા અવલોકવા મળેલ. તેમાં સાજણશી સુરુના રચેલા રાખેંગાર વિશેના બીજા તેર દુહા પણ છે. ઉપરાંત ઈ.સ.૧૯૭૧માં જયમલ્લ પરમારે પ્રકાશિત કરેલી અને પછીથી ભાગું તો ભોમકા લાજે (૧૯૯૪)માં ગ્રંથસ્થ કરેલી સામગ્રીને કારણે પૂર્વસૂરિઓથી રાખેંગાર અને આઈ નાગબાઈના ચરિત્રને જે કાટ ચડેલો તે ઊખળી જઈને ઐતિહાસિક અને લોકસાંસ્કૃતિક પ્રમાણોવાળું પરિશુદ્ધ અને ચકચક્તિ તેજસ્વી ચરિત્ર પ્રાપ્ત થાય છે.

હસ્તપ્રત અંતર્ગત જળવાયેલા નાગબાઈ કથિત એ દશમાંથી મંડલિક મરવું હતું ટેક વાળા પાંચ દુહા આસ્વાદીએ.

*ગુજર ગરનારા, અજરાઆ ચસે નહીં;*
*જૂનુગઢ જાતાં, મંડળિક મરવું હતું*

હે માંડલિક અડગ અને અટંકા વીરો ચલાયમાન થતા નથી. તારે તો જૂનાગઢ હાથમાંથી પરમધર્મીને હાથે જતાં સમયે મરી જવું જોઈતું હતું.

*નર સરઠો ખોઈ નવે, તૂ વણિસે અળ વાસા;*
*જૂનુગઢ જાતાં, મંડળિક મરવું હતું*

વીર પુરુષ એવા તે નવ સોરઠનું રાજય ખોયું. હવે તારી પૃથ્વી પરની હયાતી બગડી (અપયશકારી થઈ) છે, હે રામાંડલિક, જૂનાગઢ હાથમાંથી જતાં તારે તો એ સમયે જ મરવું જોઈતું હતું.

*વંસ પાંત્રિસે વડુ, આદુ ઘર તાળું અછિ;*
*જૂનુગઢ જાતે, મંડળિક મરવું હતું*

રામાંડળિક, મૂળથી જ તારું ઘર ક્ષત્રિયોના પાંત્રીસેય વંશમાં મોટું રહ્યું છે, તો તારે જૂનાગઢ હાથમાંથી છૂટી જતાં સમયે મરી જવું જોઈતું હતું.

*શા ની ભાજે સૂળે, અવઢવ અધકેરી કરિ;*
*નમીએ ઘણાં નમુ મુટાં પાઈ મંડળિક*

હો રામાંડલિક, ઘણી કૂટનીતિ અજમાવીએ તો જ શાહ રૂપી શૂળ ભાંગે. બાકી તો હે વિનયવંત મોટાને પગે(અત્રે કુટુંબી રાવિકા પ્રત્યે અહીં સંકેત છે કે જેની સાથે રામાંડલિકને મનદુઃખ હતું.) તો નમવું જ જોઈએ.(સુલેહ કરવાનું પ્રબોધન-ઉપદેશ છે.)

*છે ઉપા સ ઉની, આગુ નુઉ વસરા;*
*વારુ ઘર વણઠા, પાલાઉત પાસે રોઈએ*

એનો ઉત્તમ ઉપાય છે એ (રાવિકો પ્રથમ આવો વસમો ન હતો. બાકી, હે મહિપાલના પુત્ર માંડલિક, તારું ઘર વણશ્યે (કુટુંબકલહ થયે) અમારે તો એનો ધોખો-વિલાપ તારી પાસે જ કરવાનો હોય. ■

# હરિદ્વાર અનેકવિધ ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે

તીર્થયાત્રા

ભાણદેવ
feedback@bombaysamachar.com



હરિદ્વાર

**काशीकाञ्ची च मायाख्या त्वयोध्या द्वारवत्यपि।**
**मथुरावन्तिका चैताः सप्तपुर्योऽत्र मोक्षदाः।।**

‘કાશી, કાંચી, માયાપુરી (હરિદ્વાર), અયોધ્યા, દ્વારિકા, મથુરા અને અવન્તિકા - આ સાતે પુરી મોક્ષદાયિની છે.’

મોક્ષદાયિની આ સાત પુરીઓમાં માયાપુરી એટલે કે હરિદ્વાર પણ એક છે.

હિમાલયનાં સૌથી વધુ અને સૌથી મહત્ત્વનાં તીર્થો ઉત્તરાખંડમાં આવેલાં છે અને હરિદ્વાર ઉત્તરાખંડનું દ્વાર છે. હરિદ્વારને કોઈ હરદ્વાર પણ કહે છે. બદરીનાથ(હરિ)ની યાત્રા માટે આ દ્વાર છે તેથી તે હરિદ્વાર છે અને કેદારનાથ(હર)ની યાત્રા માટે પણ આ દ્વાર છે, તેથી તે હરદ્વાર પણ છે. ભગવતી ભાગીરથી ગંગા અહીંથી હિમાલય છોડીને મેદાનમાં પ્રવેશે છે, તેથી તે ગંગાદ્વાર પણ કહેવાય છે.

હરિદ્વાર ધર્મનગરી છે. હરિદ્વાર અનેકવિધ ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે. આ ધર્મનગરીમાં અનેક આશ્રમો, મંદિરો, તીર્થસ્થાનો, અન્નક્ષેત્રો, ધાર્મિક સંસ્થાઓનાં મુખ્ય મથકો, સાધુઓના અખાડા વગેરે આવેલાં છે. ભારતનો સૌથી મોટો મેળો કુંભમેળો છે. કુંભમેળામાં ચાર સ્થાનોમાં હરિદ્વાર પણ એક છે. હરિદ્વારમાં દર બાર વર્ષે કુંભમેળો અને કુંભમેળા પછીનાં છ વર્ષે અર્ધકુંભમેળો ભરાય છે. કુંભમેળા દરમિયાન હરિદ્વારમાં ભારતભરના સાધુ, સંતો તથા વિશાળ જનમેદની એકઠાં થાય છે. આ કુંભમેળાની કથા અને સ્વરૂપ પણ સમજવાં જેવાં છે.

દેવો અને અસુરોએ સાથે મળીને સમુદ્રમંથન કર્યું. અનેક રત્નો નીકળ્યાં અને આખરે અમૃતકુંભ લઈને ભગવાન ધન્વંતરિ બહાર આવ્યા. અમૃત માટે દેવો અને દાનવો વચ્ચે વિવાદ શરૂ થયો. વિવાદે સંઘર્ષનું રૂપ ધારણ કર્યું. બ્રહ્માજીની સૂચનાથી ગરુડજી આ અમૃતકુંભ લઈને નાઠા. અસુરો તેમની પાછળ પડ્યા. આ ઝપાઝપી દરમિયાન ચાર વખત અમૃતકુંભ પડી ગયો. જે ચાર સ્થળોએ અમૃતકુંભ પડી ગયો તે ચાર સ્થળો આ હતાં - હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાશિક. અમૃતકુંભ જે ભૂમિ પર થોડો વખત પણ રહ્યો તે ભૂમિનું એક વિશેષ મહત્ત્વ ઊભું થયું, એટલે આ ચારે પવિત્ર સ્થાનોમાં એક વિશિષ્ટ મુહૂર્ત વખતે સ્નાનનું ખાસ મહત્ત્વ છે. આવું મુહૂર્ત દરેક સ્થાનમાં દર બાર વર્ષે આવે છે, તેથી તે વખતે તે સ્થાને મેળો ભરાય છે. આ મેળાને કુંભમેળો કહે છે. ગુરુ અને સૂર્યની વિશિષ્ટ સ્થિતિ મુજબ કુંભમેળાનો સમય નિશ્ચિત થાય છે.

૧. હરિદ્વાર - કુંભ રાશિમાં ગુરુ અને મેષ રાશિમાં સૂર્ય.

૨. પ્રયાગરાજ - વૃષભ રાશિમાં ગુરુ અને મકર રાશિમાં સૂર્ય.

૩. ઉજ્જૈન - સિંહ રાશિમાં ગુરુ અને મેષ રાશિમાં સૂર્ય.

૪. નાશિક - સિંહ રાશિમાં ગુરુ અને સિંહ રાશિમાં સૂર્ય.

ગુરુ બાર વર્ષમાં રાશિચક્ર પૂરું કરે છે, તેથી ઉપરોક્ત દરેક સ્થળે તે જ પ્રકારનું ગ્રહમાન બાર વર્ષે આવે છે, એટલે ચારેમાંના દરેક સ્થળે બાર વર્ષે કુંભમેળો ભરાય છે. સૂર્ય એક વર્ષમાં રાશિચક્ર પૂરું કરે છે, એટલે કે એક રાશિમાં એક મહિનો રહે છે. એટલે કુંભમેળો એક મહિના સુધી ચાલુ રહે છે. ચારમાંનાં બે સ્થાનો : હરિદ્વાર અને પ્રયાગરાજમાં અર્ધકુંભમેળો પણ થાય છે. કુંભમેળા પછી બરાબર છ વર્ષે અર્ધકુંભ ભરાય છે. એ મુજબ હરિદ્વારમાં દર બાર વર્ષે કુંભમેળો અને કુંભમેળા પછીનાં છ વર્ષે અર્ધકુંભમેળો ભરાય છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો કુંભમેળાનો સમ્રાટ હર્ષ સાથે સંબંધ છે. સમ્રાટ હર્ષ ઉપરોક્ત ચારે સ્થાનોમાં વારાફરતી સમગ્ર ભારતના બધા સાધુઓને નિમંત્રણ આપતો અને તે વખતે સેના સિવાયની પોતાની તથા રાજ્યની સમગ્ર મિલકતનું દાન કરતો. પહેરેલાં વસ્ત્રો સુધ્ધાં દાનમાં આપી દેતો અને પોતે પોતાની બહેન પાસેથી દાન માગીને એક વસ્ત્ર મેળવતો અને તે પહેરીને ફરીથી રાજ્યવહીવટ શરૂ કરતો અને આ રીતનો ક્રમ ચાલુ જ રહ્યો. તે વખતથી સાધુઓના મહાસંમેલનની પરંપરા ચાલુ થઈ અને તે જ પરંપરા આજે કુંભમેળારૂપે જોવા મળે છે.

કુંભમેળો મૂલતઃ સાધુઓનો મેળો છે, પણ હવે તો સામાન્ય જનસમાજ પણ વિશાળ પ્રમાણમાં આવે છે. ભારતભરના બધા સંપ્રદાયના લગભગ સમગ્ર સાધુસમાજનાં એક જ સ્થળે દર્શન કરવાં હોય અને સાધુસમાજનો પરિચય મેળવવો હોય તો કુંભમેળો આદર્શ સ્થાન છે. ભારતભરનાં દૂરદૂરનાં સ્થળોમાં રહેતા સાધુઓ કુંભમેળામાં અવશ્ય આવે છે. હિમાલયની દૂરદૂરની ગુફામાં રહેતા અને ભાગ્યે જ બહાર નીકળનારા સાધુઓ પણ કુંભમેળામાં પધારે છે. વિરાટ જનમેદની અને ભીડને ભેદીને અંદર ઊતરતાં આવડે તો દેખાય છે કે કુંભમેળામાં સાત્ત્વિક, એકાંતપ્રિય અને સાધનપરાયણ સાધુઓ પણ આવે છે. કુંભમેળામાં હાજર રહેવું એ હિંદુ ધર્મના સમગ્ર સાધુસમાજની શિસ્ત છે. એ વણલખ્યું ફરમાન છે.

કુંભમેળો ધાર્મિક મહાસંમેલન છે. કુંભમેળામાં ગુરુ-શિષ્યનું મિલન થાય છે. ગુરુભાઈઓનું મિલન થાય છે, નવા શિષ્યોની દીક્ષા પણ કુંભમેળામાં થાય છે. કુંભમેળામાં સાધુસમાજની વ્યવસ્થા અંગેના નિર્ણયો લેવાય છે. સંપ્રદાય પ્રમાણે સાધુઓનાં સંમેલનો યોજાય છે. તેમાં નવા હોદ્દેદારોની નિમણૂક થાય છે. સાધુસમાજના પ્રશ્નોની ચર્ચા થાય છે, તેમના ઉપાયો શોધાય છે. સાધુઓ અરસપરસ પ્રેમથી મળતા હોય છે. સાધુ-સાધુના પણ સંબંધો હોય છે. આ સંબંધો કુંભમેળામાં તાજા બનાવાય છે. નવા સંબંધો જોડાય છે. ભિન્ન-ભિન્ન સંપ્રદાયના સાધુઓ પણ અરસપરસ પ્રેમથી મળતા હોય છે. કુંભમેળામાં સ્વાધ્યાય, પ્રવચનો, ભજનો, સત્સંગ પણ સતત ચાલુ જ હોય છે. સૌ પોતપોતાના રસ મુજબનો વિકલ્પ પસંદ કરી લે છે.

કુંભમેળો બહારથી એક ભીડ જેવો લાગે છે. પણ ભીડ તો કુંભમેળાનો બાહ્ય દેખાવ છે. આ ભીડની અંદર અનેકવિધ ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સામૂહિક અને વ્યક્તિગત સ્વરૂપે ચાલુ હોય છે. જેમને સત્સંગમાં જ રસ હોય તેમને તેવા સાધુઓ પણ કુંભમેળામાં મળી રહે છે. કુંભમેળા દરમિયાન અનેક એકલમલ સાધુઓ નદીની રેતીમાં દૂરદૂરના વિસ્તારમાં રહેતા હોય છે. તેમાંના ઘણા સાત્ત્વિક સાધનપરાયણ સાધુઓ પણ હોય છે. કુંભમેળામાં ધર્મ અને અધ્યાત્મ અંગે વિચારવિનિમય, વિવાદ, સંવાદ, માર્ગદર્શન વગેરે પણ ખૂબ થાય છે. કુંભમેળો એ હિન્દુ ધર્મની એક બહુ મહત્ત્વની સંસ્થા છે. ■

# ઈશ્વરના આદેશો પ્રમાણેનું વર્તન પ્રસન્નતા આપનારું કિર્તન

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com



પશુ - પક્ષી - જળચર તથા જંતુઓ કરતાં - માનવજીવન એટલી બધી ઊંચાઇએ છે

- સતત ઉત્ક્રાંતિ પામનારું છે અને એ પણ ઘણી બધી દિશાઓમાં કે એને અદાકારા,

- પત્રકાર, કલાકાર, સલાહકાર, પ્રવચનકાર, ચિત્રકાર, ગ્રંથકાર, શિલ્પકાર, નૃત્યકાર, ટીકાકાર, સાહિત્યકાર, કિર્તનકાર, કથાકાર ઉપરાંત - અંધકાર, પડકાર, ફટકાર, શ્રવણકાર અને ચમત્કારની પણ જરૂર પડે

- પોતપોતાના ક્ષેત્રમાં નવુંનવું સંશોધન કરી,

- માનવજીવન વધુ સારું - સરળ, ન્યાયપ્રિય, શાંતિ આપનારું, કળાત્મક તથા સમૃદ્ધ અને તે પણ ઇશ્વરની ઇચ્છા મુજબનું તથા ઇશ્વરની લક્ષ્મણરેખામાં રહીને આ બધું કરી શકે તેવાં હજારો ક્ષેત્રે નવાનવા એક્સપર્ટોની જરૂર પડે છે.

- તમે જે પણ ક્ષેત્રમાં હો,

- જે કોઇ વ્યવસાય - કળા - સેવા - સંશોધન - સાહસ - મિશનમાં હો અને તમારી કેટેગરી - પ્રકારની પાછળ

- ‘કાર’ શબ્દ આવતો હોય કે ન આવતો હોય છતાં પણ જો તમે.

- પ્રભુના ઘરની કાર સેવા કરતા હો,
- તેમ તમારું કર્તવ્ય કરતા હો,
- ઇશ્વરની સલાહ લેતા હો અને
- આદેશો પ્રમાણે વર્તતા હો તો
- તમે જે કંઇ કરો છો તે
- ઉતમ પ્રસન્નતા આપનારું અને
- પ્રભુપ્રિય કાર્ય જ છે.

લેખકના વિચારો :
સર્જનમાં ઉચ્ચ તું કહેવાય છે,
તારા માટે તો બધું સર્જાય છે
જો! ફરિશ્તાના નમન તુજને થયા
મૂલ્ય તારાં કેટલાં અંકાય છે?
(ફરિશ્તા-ઇશ્વરના દૂત)

* * *

*‘અનવર’ એ મહી છે સફળતા જીવનની*
*કે કર્તવ્યમાં તું પરોવાઇ જાએ*

* * *

*યુવાન ‘અનવર’ છે તો તુજમાં*
*વિરાટની શક્તિઓ છૂપી.*
*એક એક કદમથી ધરતીને*
*તું થર પર ધ્રૂજાવી દે!*

* * *

*હર વિચારોની અસર થતી ગઇ.*
*હર પળે હું રોજ પલટાતો ગયો.*

* * *

- અને છેલ્લે વાચક મિત્રોને અર્પણ
*આંખો મેં ખુશી*
*લબોં પે ખુશી*
*ગમ કા કહીં*
*નામ ન હો,*
*આપ કો જહાં કી*
*ખુશિયાં મિલે*
*ઇન ખુશિયોં કી*
*કભી શામ ન હો.* ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# જાબાલ ઉપનિષદ યાજ્ઞવલ્કય અને અત્રિ



શુક્લ યજુર્વેદ સાથે સંકળાયેલ, જાબાલ ઉપનિષદ નામે પ્રખ્યાત, પૌરાણિક ઇતિહાસમાં યાજ્ઞવલ્કય અને અત્રિ વચ્ચે એક અગત્યનો સંવાદ છે. સંન્યાસ શું છે, તે ક્યારેય અને કેવી રીતે લેવો, મોક્ષ મેળવવાની રીત કઈ છે, કાશી-અવિમુક્ત એટલે શું; આવા પ્રશ્નોનો જવાબ અહીં મળે છે. અહીં કર્મકાંડ કરતાં આત્મજ્ઞાન, ધ્યાન અને સંન્યાસને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. એમ કહી શકાય કે આ ઉપનિષદ સંન્યાસ પરંપરાને મજબૂત બનાવે છે. એકવાર અત્રિ ઋષિને કેટલાક પ્રશ્નો થાય છે; સંન્યાસ એટલે શું, જીવન-મરણના ચક્રથી મુક્તિ કેવી રીતે મળી શકે, કયો માર્ગ વધુ હિતાવહ છે; આ બધા પ્રશ્નો લઈને તેઓ ઋષિ યાજ્ઞવલ્કય પાસે જાય છે અને જાબાલ ઉપનિષદ અસ્તિત્વમાં આવે છે.

અહીં કહેવાયું છે કે 'અવિમુકતં વૈ કાશી' અર્થાત્ જે ક્યારેય છૂટતું નથી, જેના કારણે અસ્તિત્વ છે તે આત્માની અનુભૂતિ એટલે કાશી, જ્યાં અજ્ઞાન નાશ પામે તે કાશી. બીજા અર્થમાં એમ કહી શકાય કે મુક્ત જીવાત્મા જ્યાં રહે છે તે બ્રહ્મનું ધામ 'અવિમુક્ત' કહેવાય; આ 'મુક્ત' જ્યાં જાય, જ્યાં રહે તે જ તીર્થ બની રહે, તે જ કાશી બની રહે. વાસ્તવમાં અવિમુક્ત એ એવી અવસ્થા છે જ્યાં બ્રહ્મ-સ્વરૂપ આત્મા સદાય રહેલો હોય. આ અવસ્થાને જ કાશી કહેવાય. તે કોઈ 'નગર' નથી, પરંતુ પ્રત્યેક મુક્ત-આત્માની હાજરીથી સ્થાપિત થયેલ જ્ઞાનનાં પ્રકાશનો, પૂર્ણ આધ્યાત્મિકતાનો, ભક્તિની પ્રખરતાનો, સંપૂર્ણ સત્યની હાજરીનો અને ધર્મની સાર્થક પરંપરાનો એકત્રિત સમૂહ છે. અહીં અજ્ઞાન, પાપવૃત્તિ, નાસ્તિકતા, અસત્ય કે અધર્મ માટે કોઈ સ્થાન નથી હોતું. જ્યાં આ બધી નકારાત્મકતા દૂર થાય તે જ કાશી. જે માન્યતા છે કે કાશીમાં મરણથી મોક્ષ મળે, તે સમજવા માટે 'કાશીમાં હાજરી' એટલે શું તે સમજવું પડે. જે વ્યક્તિને જ્ઞાન સંપન્ન થઈ ચૂક્યું છે, જેણે આત્મજ્ઞાન અને આધ્યાત્મનો અર્થ સમજી લીધો છે, જે ભક્તિમાં સંપૂર્ણ સમર્પિત છે અને જેનું જીવન સત્ય અને ધર્મના પર્યાય સમું છે; તે સદાય કાશીનો નિવાસી છે તેમ કહી શકાય. એ જ્યાં હોય ત્યાં કાશી અને તેની મૃત્યુ બાદ પરમ સ્થિતિને પામવાની પૂરેપૂરી સંભાવના હોવાથી એમ કહી શકાય કે કાશીનું મૃત્યુ એટલે મુક્તિ. કાશી કોઈ સ્થાન તરીકે નહીં, પરંતુ ચેતનાની એક પૂર્ણ અને સાત્ત્વિક અવસ્થા છે.

સંન્યાસ વિશે પણ અહીં કેટલીક સ્પષ્ટતા જોવા મળે છે. ઋષિ યાજ્ઞવલ્કયને જ્યારે પૂછવામાં આવે છે કે 'સંન્યાસ ક્યારે લેવો જોઈએ.' તેના જવાબમાં તેઓ જણાવે છે કે 'યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્', અર્થાત્ જ્યારે વૈરાગ્ય જાગે ત્યારે સંન્યાસ લઈ લેવો, કોઈ પણ પ્રકારની પ્રતીક્ષા કર્યા વગર. ગીતા મુજબ ફળની ઇચ્છાથી કરાતાં કર્મોના ત્યાગને સંન્યાસ કહેવાય, જ્યારે વૈરાગ્ય એટલે ઇન્દ્રિય-સુખ અને અન્ય સાંસારિક બાબતો પ્રત્યેના લગાવની શૂન્યતા. એમ કહી શકાય કે જ્યારે મનમાં કોઈપણ પ્રકારની ઇચ્છા બાકી ન હોય, જ્યારે કોઈ પણ સ્વરૂપનો અહંકાર શેષ ન હોય, જ્યારે ચિત્ત પવન વિનાના સ્થાને રહેલી દીવાની જ્યોતની જેમ સ્થિર હોય, જ્યારે બુદ્ધિની નિર્ણાયક શક્તિની કોઈપણ પ્રકારે આવશ્યકતા ન હોય અને જ્યારે અસ્તિત્વનું પ્રત્યેક પાસું આંતર્ભિમુખ થઈ ચૂક્યું હોય ત્યારે સંન્યાસ યોગ્ય ગણાય. જ્યારે વૈરાગ્યનો ભાવ સંપૂર્ણતામાં સ્થાપિત થઈ ચૂક્યો હોય ત્યારે આમ પણ સંન્યાસ સ્વાભાવિક બની રહે; પછી કશું કરવાનું બાકી ન હોય, કશું જ મેળવવાનું બાકી ન હોય, કોઈપણ પ્રકારનું ઉત્તરદાયિત્વ - ધર્મ બાકી ન હોય કે અને જ્ઞાનની પ્રાપ્તિ પણ પૂર્ણતાને પ્રાપ્ત થઈ ચૂકી હોય. જ્યારે અંદરથી વૈરાગ્યનો ભાવ જાગ્રત થાય ત્યારે જ્ઞાનના પ્રકાશમાં જીવતાં જ, સદેહે જ, અહંકાર - મોહ - કામ - ક્રોધ જેવા શત્રુઓનો ત્યાગ કરીને બ્રહ્મમાં સ્થિર થઈ, સંન્યાસ ધારણ કરી મોક્ષના માર્ગે વધી શકાય. શક્ય છે કે આ સ્થિતિ પર પહોંચવા માટે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ જેવી આશ્રમ વ્યવસ્થામાંથી પસાર થવું પડે; પણ તે જરૂરી નથી. આધ્યાત્મિક ઉન્નતિ માટે ઉંમર કે આશ્રમ વ્યવસ્થા મહત્ત્વની નથી, જાગૃતિ જ મુખ્ય છે. વૈરાગ્ય આવે એટલે તરત જાગી જવાનું. પરંપરાગત ક્રમ ફરજિયાત નથી. અહીં સંન્યાસીના જીવન વિશે જણાવ્યું છે કે આવી વ્યક્તિ એકાંતમાં રહી, ભિક્ષાને આધારે સરળતા અને શુદ્ધિ સાથે જીવન નિર્વાહ કરે અને સતત બ્રહ્મ-ચિંતનમાં મગ્ન રહે. આ સંન્યાસી જ્યારે મરણકાળ પાસે આવે ત્યારે અસ્તિત્વની દરેક પ્રકારની અહંતા અને મમતાથી મુક્ત બની, ધ્યાનમાં મગ્ન થઈ, આત્મામાં એકાગ્રતા સાધી દેહનો ત્યાગ કરે. પછી તેનો પુનર્જન્મ ન હોય.

યજ્ઞ, તપ, દાન કે ક્રિયાકાંડનું સાંસારિક કે લૌકિક મહત્ત્વ હશે પરંતુ અંતે સંન્યાસ ગ્રહણ કર્યા બાદ પ્રાપ્ત થતાં બ્રહ્મજ્ઞાન વિના મુક્તિ નથી. આ મુક્તિ માટેનો માર્ગ એટલે કે 'કાશી' અંદર છે, બહાર નહીં. સંન્યાસ વસ્ત્રમાં નથી, મનમાં છે. જ્ઞાન પરોક્ષ નથી, પ્રત્યક્ષ છે. સંપત્તિ, સંબંધો, યશ, વિદ્વતા, કર્મ, બધું અસ્થાયી છે, માત્ર જ્ઞાન અને તેનાથી સ્થાપિત થતું પરિણામ કાયમી છે. જીવનનું સાચું લક્ષ્ય તેની પ્રાપ્તિ છે. યાજ્ઞવલ્કય અને અત્રિના સંવાદથી તે સ્થાપિત કરવામાં આવ્યું છે કે 'જ્ઞાન એ જ મુક્તિનો માર્ગ છે'. આ સંદર્ભમાં એમ કહી શકાય કે મોક્ષ એ મૃત્યુ પછી પ્રાપ્ત થતી સ્થિતિ નહીં પરંતુ જ્ઞાન પ્રાપ્તિની અવસ્થા એટલે જ મોક્ષ. આ વાત અષ્ટાવક્ર ગીતામાં પણ જણાવાઈ છે. અહીં તો એ પણ સ્પષ્ટ કરાયું છે કે બંધનની માન્યતા જ બંધન છે, વાસ્તવમાં તો દરેક વ્યક્તિ આત્મ-સ્વરૂપ છે અને આત્માને ક્યારેય બંધન ન હોય. જ્યારે આ જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે આપમેળે મુક્તિની અનુભૂતિ થઈ શકે.■

# ધ્યાનયોગ

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay samachar.com



ગત અંકમાં 'નૈષ્કર્મ્ય સિદ્ધિ'ને સમજવીને હવે ભગવાન કૃષ્ણ ધ્યાનયોગને ઉજાગર કરી રહ્યા છે.

ધ્યાન એટલે કેવળ આંખો મીંચવી નહીં પણ સ્વને અને પરમને સમજવાની પ્રક્રિયા છે. જેમ તળાવનું પાણી ઊથલપાથલ હોય ત્યારે તળિયું દેખાતું નથી, તેમ વિચારોના તરંગો ઊંચા હોય ત્યારે આત્માનું દર્શન થતું નથી. ધ્યાન એ તરંગોને ધ્રુજારી નહીં, પરંતુ પરમમાં સ્થિર થવાની શાંતિ છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે યોગમાં સ્થિર રહીને કર્મ કરો. આ યોગસ્થિતિ પરમાત્માના ધ્યાનથી જ પ્રાપ્ત થાય છે.

શારીરિક રીતે ધ્યાન માનવીને તન અને મન સાથે સામંજસ્ય કરાવે છે. આજનો માનવી પોતાના શરીરને માત્ર સાધન સમજે છે, કામ કરવા માટે, દોડવા માટે, સહન કરવા માટે. ધ્યાનમાં બેઠેલો માનવી પ્રથમવાર શરીરની વાત સાંભળે છે. શ્વાસ ધીમો થાય છે, હૃદયની ધડકન સુમેળમાં આવે છે, નસોમાં વહેતી ચિંતા ઓછી થાય છે. અનિદ્રા, તણાવ, અશાંતિ, આ બધા રોગો કોઈ દવા કરતાં પહેલાં ધ્યાનની માગ કરે છે. નિયમિત ધ્યાન શરીરમાં રહેલી ઊર્જાને વિખેરાતી અટકાવે છે અને તેને સંયમિત પ્રવાહ આપે છે. પરિણામે માનવી થાકેલો હોવા છતાં તૂટતો નથી; થાકમાં પણ એક સ્વસ્થ શાંતિ અનુભવાય છે.

પરંતુ ધ્યાનનો સાચો લાભ અહીં પૂરતો નથી. ધ્યાન માનવીને પોતે કોણ છે તે પ્રશ્ન સામે બેસાડે છે. ગીતામાં વર્ણવાયેલ ધ્યાનયોગ માનવીને ઇન્દ્રિયોથી ઉપર ઉઠાવી, મનને સાક્ષી બનાવે છે. જ્યારે મન સાક્ષી બને છે ત્યારે સુખદુઃખ, લાભહાનિ, માનઅપમાન આ બધું સમાન લાગે છે. આ સમત્વભાવ જ યોગસિદ્ધિનો મૂળ મંત્ર છે. શ્રીકૃષ્ણ કહે છે સમં પશ્યન હિ સર્વત્રજે સર્વત્ર સમાનતા જુએ છે. એટલે તે દરેક જગ્યા પરમાત્મા રહ્યા છે તેનો અનુભવ કરે છે. તેને કારણે સાચો સમત્વભાવ જન્મે છે પરિણામે તે યોગમાં સ્થિત થાય છે.

ધ્યાનને આપણે ઘણી વખત આંખ મીંચીને મૌન બેસી રહેવાની ક્રિયા સુધી સીમિત કરી દઈએ છીએ, પરંતુ સાચું ધ્યાન તો આંખ ખુલ્લી રાખીને સમગ્ર સૃષ્ટિને જોવાની નવી દૃષ્ટિ છે. બધે જ પરમાત્માના સ્પર્શને માણવાની પ્રક્રિયા છે. હા, આમ તે સર્વેના મહિમાને સમજવાની, સ્વીકારવાની અને આદરવાની પ્રક્રિયા છે. જ્યારે મન શાંત થાય છે, ત્યારે તે માત્ર પોતાને જ નથી સાંભળતું, પરંતુ આસપાસના જીવનના નાજુક ધબકારને પણ અનુભવે છે.

શહેરના એક બગીચામાં વહેલી સવારે લોકો ધ્યાન કરવા આવતા. ત્યાં એક વૃદ્ધ વ્યક્તિ દરરોજ એક જ બેંચ પર થોડી ક્ષણો બેસી રહેતા. તેઓ ન તો આંખ મીંચતા, ન તો કોઈ મંત્ર બોલતા. સામે બેઠેલી કીડીઓની લાઇન, ઝાડ પર બેઠેલા પંખીઓ, ફૂલ પર મંડરાવતી મધમાખી, બધું તેઓ નિઃશબ્દ નિહાળતા. એક દિવસ કોઈ યુવાને પૂછ્યું, તમે ધ્યાન કરો છો? વૃદ્ધે જવાબ આપ્યો, હું એમને જીવતા જોઉં છું. એમના અસ્તિત્વને પોષણ આપતાં ભગવાનને સ્મરું છું. બસ, એટલું જ મારું ધ્યાન છે.

આ જવાબમાં ધ્યાનનો મર્મ છુપાયેલો હતો. ધ્યાન એટલે 'હું'ના કેન્દ્રમાંથી બહાર આવી 'અમે'ની અનુભૂતિ કરવી. જ્યારે આપણે બીજા જીવને માત્ર ઉપયોગી કે નિરસ વસ્તુ તરીકે નથી જોતા, પરંતુ જીવનના સહયાત્રી તરીકે જોવાનું શરૂ કરીએ છીએ ત્યારે કરુણા આપોઆપ જન્મે છે, કારણ કે બધી સૃષ્ટિ ભગવાનની સંતાન છે. આ ધ્યાનનું સ્વાભાવિક ફળ છે.

ધ્યાનમાં સ્થિર થયેલું મન વૃક્ષને કાપતાં પહેલાં થોભે છે, પ્રાણીને દુઃખ આપતાં પહેલાં વિચાર કરે છે અને માણસને મળતાં પહેલાં માનવતાથી ઝૂકે છે. એ સમજાવે છે કે જીવન માત્ર આપણું નથી તે સહભાગી છે. તેથી ધ્યાન આંખ બંધ કરીને અંદર જવા જેટલું જ નથી, પરંતુ આંખ ખોલીને સમગ્ર જીવસૃષ્ટિમાં એક જ ચેતનાનું દર્શન કરવાની સાધના છે. ત્યાં પહોંચ્યા પછી, જીવન પોતે જ ધ્યાન બની જાય છે.

ધ્યાન દ્વારા પ્રાપ્ત થતી આધ્યાત્મિક શાંતિ કોઈ પલાયન નથી; તે જીવનમાં ઊંડો પ્રવેશ છે. જે માનવી ધ્યાનમાં સ્થિર થાય છે તે કર્મથી ભાગતો નથી, પરંતુ કર્મમાં બંધાતો નથી.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે સમગ્ર ચેતન-અચેતનમાં ભગવાન રહ્યા છે. તે પ્રભુના મહિમાનો વિચાર રહે તે ધ્યાન ! હા, ધ્યાનયોગ કોઈ સિદ્ધિ મેળવવાની પ્રક્રિયા નથી; તે તો સ્વયં સાથે સચ્ચાઈ રાખવાની સાધના છે. ગીતાનો યોગ ધ્યાનમાં ઊતરે ત્યારે જીવન ભાર નહીં, પ્રસાદ બને છે અને ત્યારે માનવી સમજે છે કે શાંતિ ક્યાંય બહાર નહોતી, તે તો હંમેશાં અંદર બેઠેલા પરમાત્મામાંથી વહેતી હતી, ધ્યાનથી તેનો અનુભવ થયો. ■

# સંકલ્પ એટલે શું?

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay samachar.com



આપણે કોઈપણ પૂજા કે અનુષ્ઠાન કરીએ ત્યારે સર્વ પ્રથમ સંકલ્પ લેવાનો હોય છે. સંકલ્પ કરવાથી આદરેલા કર્મનું ફળ પ્રાપ્ત થાય છે, તેમ કહેવાય છે. પણ આ સંકલ્પ હકીકતમાં છે શું?

નવું વર્ષ આવે એટલે ન્યુ યર રિસોલ્યૂશન વિશે ચર્ચા થાય છે. દરેક જન્મદિવસે, કે દર સોમવારે, આપણે ઘણીવાર આપણી જાતને વચન આપીએ છીએ - 'કાલથી હું ચોક્કસ જીમમાં જઈશ,' 'આ વખતે હું ગુસ્સે નહીં થાઉં, 'હવેથી હું પૈસા બચાવીશ.' આ ઇરાદા થોડા દિવસો સુધી મજબૂત રહે છે, પણ પછી ધીમે ધીમે ઝાંખા પડી જાય છે. આવું કેમ થાય છે?'

કદાચ એનું કારણ એ છે કે આપણે 'ઈરાદો' કે 'યોજના' બનાવીએ છીએ, પણ 'સંકલ્પ' નથી કરતા. સંકલ્પ એ ફક્ત એક ભારે સંસ્કૃત શબ્દ નથી. તે એક શક્તિશાળી માનસિક અને આધ્યાત્મિક પ્રક્રિયા છે જે એક સરળ ઇચ્છાને અડગ સંકલ્પમાં પરિવર્તિત કરે છે.

'સંકલ્પ' શબ્દ બે સંસ્કૃત મૂળ શબ્દો પરથી આવ્યો છેઃ સમ + કલ્પ.

સમઃ તેનો અર્થ 'ઉત્તમ,' 'પૂર્ણ,' 'એકસાથે' અથવા 'યોગ્ય રીતે.' તે કોઈપણ વસ્તુમાં સમગ્રતા અને સંપૂર્ણતાની ભાવના ઉમેરે છે.

કલ્પઃ તેનો અર્થ 'વિચાર', 'ઈરાદો', 'નિયમ' અથવા 'સર્જન' થાય છે.

સંકલ્પનો શાબ્દિક અર્થ 'સંપૂર્ણ અથવા સંપૂર્ણ ઈરાદો' થાય છે. તે મન અને હૃદય દ્વારા એકસાથે લેવામાં આવેલો નિર્ણય છે, જે સંપૂર્ણ ચેતના સાથે લેવામાં આવે છે. જો સંકલ્પ કરતી વખતે કોઈ સાક્ષી બનાવવામાં આવે, જેમ કે સર્વશક્તિમાન ભગવાન, તો સંકલ્પની પરિપૂર્ણતાને સિદ્ધિ (પરિપૂર્ણ) માનવામાં આવે છે.

આપણે કરવા ધારેલું કોઈપણ કાર્ય, સંપૂર્ણ ઈચ્છાશક્તિ સાથે વ્યક્ત કરવામાં આવે ત્યારે તે સંકલ્પ બની જાય છે. ઇચ્છાશક્તિ વગર કરેલું કાર્ય માત્ર યાંત્રિક બની જાય છે. જ્યારે, સંકલ્પ ભટકતા મનને સ્થિર કરે છે અને સંપૂર્ણ આધ્યાત્મિક યાત્રાનો આધાર તૈયાર કરે છે. સંકલ્પ આત્મા સાથે કરેલો એક એગ્રીમેન્ટ છે, કે હું આ કાર્ય કોઈ વિશિષ્ટ ઉદ્દેશ્ય માટે પૂર્ણ કરીને જ રહીશ. આ સંકલ્પ મનુષ્યના મનને તેના ઈરાદામાંથી ડગમગવા દેતો નથી.

સનાતન ધર્મનો ઇતિહાસ મહાન સંકલ્પોના કિસ્સાઓથી સમૃદ્ધ છે. રાજા હરિશ્ચંદ્રના સત્ય બોલવાનો સંકલ્પ હોય કે રાજા દશરથના પત્નીને આપેલા વચન હોય, કુરૂકૂળ ભૂષણ ભીષ્મએ આજીવન બ્રહ્મચર્ય વ્રત હોય કે બલિ રાજાએ વામન બ્રાહ્મણને આપેલું વચન...આ સર્વ દૃઢ, અવિચળ સંકલ્પના અદભુત ઉદાહરણો છે. જોકે, તે સમયના લોકો આજના જેવા બેમોઢાળા નહોતા, કે પોતાની વાતમાંથી ફરી જાય. એ સમયના રાક્ષસો પણ આજના કહેવાતા સજ્જનો કરતાં વધુ દૃઢસંકલ્પી હતાં!

વ્યવહારિક ભાષામાં વાત કરીએ તો, સંકલ્પ એ બીજું કંઈ નથી પણ એક 'ઓરલ એગ્રીમેન્ટ' છે. લેખિત એગ્રિમેન્ટમાં ઓછામાં બે વ્યક્તિ કે બે સંસ્થાઓનું જરૂર પડે, પણ સંકલ્પ એ વ્યક્તિ દ્વારા સ્વયંના આત્મા સાથેનો પણ એગ્રિમેન્ટ હોઈ શકે.

વ્યવહારિક એગ્રિમેન્ટની જેમ વિધિવત લેવાયેલો સંકલ્પ પણ તારીખ-વાર સાથે હોય છે. સર્વપ્રથમ ઈશ્વરનું નામ લઈને તેમને આમંત્રિત કરીને સાક્ષી બનાવાય છે. ત્યાર બાદ, બ્રહ્માજીના વર્તમાન યુગ, વર્તમાન કલ્પ અને વર્તમાન મન્વન્તરનો ઉલ્લેખ થાય છે. તે પછી, કયા વિક્રમ સંવતમાં, કયા મહિનામાં, કયા પક્ષમાં, કયા દિવસે, કયા વારે સંકલ્પ લેવાઈ રહ્યો છે, તે સમયે કયું નક્ષત્ર વિદ્યમાન છે, તેનો પણ ઉલ્લેખ થાય છે. એટલું જ નહીં, પૃથ્વી પર કયા ભૌગોલિક સ્થાન પર સંકલ્પ લેવાય છે તેનો પણ ઉલ્લેખ અપેક્ષિત છે. એટલું પણ પૂરતું નથી, જે વ્યક્તિ સંકલ્પ લે છે, તેની પોતાની ઓળખાણ માટે નામ, ગોત્ર પણ જણાવ્યા છે. અંતે કયા ઉદ્દેશ્ય માટે સંકલ્પ લેવાઈ રહ્યો છે, તેની ઘોષણા કરાય છે અને વ્યક્તિ ફરી એકવાર ઈશ્વરનું નામ લઈને 'હું કરીશ' એવો સંકલ્પ ધારણ કરે છે.

ઉપવાસ, તપ કે અનુષ્ઠાન કરવા લેવાતો સંકલ્પ પણ આ પ્રકારનો એગ્રિમેન્ટ છે. જૈન પરંપરામાં પણ પચ્ચખાણ લેવાની વિધિ છે, જે ઇરાદાને અટલ સંકલ્પમાં ફેરવે છે. ■

# વીરશુલ્કા દ્રૌપદીએ ઈંદ્ર જેવા રૂપવાળા અર્જુનને વરમાળા પહેરાવી દીધી...

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombay samachar.com



**યજ્ઞદેવીમાંથી** એક સુંદર કન્યા પણ પ્રગટ થઈ. આ વખતે આકાશવાણી થઈ કે આ કુમાર દ્રોણનો વધ કરશે અને કન્યા ક્ષત્રિયોનો નાશ. ઉચ્ચ ક્ષત્રિયકુળમાં જન્મેલી અતિસુંદર રાજકન્યાઓ માટે આવું જ ભાવિ નિર્માણ થયું હશે? ઈતિહાસ તો તે જ કહે છે. દા.ત. પ્રાચીન ટ્રોય શહેરની રાણી હેલન, ચિતોડની રાણી પદ્મિની વગેરે. નરેન્દ્ર શર્માએ કહ્યું.

*'દ્રૌપદી સામ્રાજ્ઞી, ભૂતળની શચિ,*
*શ્રીસિદ્ધિ*
*અગ્નિજાથી સિદ્ધ હતી શ્રીસંપદાની વૃદ્ધિ'*

સુન્દરમે લખ્યું,

*'યજ્ઞના અગ્નિપંકેથી ખીલેલી તેજપદ્મિની*
*સૃષ્ટિની કો દિવ્ય શોભા.'*

ઈંદ્રાણીના અંશમાંથી દ્રૌપદી ઉત્પન્ન થઈ હતી. ઈંદ્રાણી તો સ્વર્ગની રાજલક્ષ્મી જે રાજા પુણ્યબળે સ્વર્ગનો અધિપતિ બની ઈંદ્ર કહેવાય, તેની બને ઈંદ્રાણી, તેનું પોતાપણું ન હોય! તો દ્રૌપદીની આ નિયતિ હતી?

કર્ણે કૌરવસભામાં દ્રૌપદીને ઉતારી પાડી હતી કે અનેક પતિઓ હોય તેવી સ્ત્રી કુલવધૂ કે કુલસ્ત્રી નથી. દ્રૌપદીનાં લગ્ન પણ અનોખી રીતે જ થયાં હતાં, જેમ તેનો જન્મ. તેના સ્વયંવરમાં જે શરત મુકાઈ હતી તે મત્સ્યવેધની કસોટી અતિ કઠિન જ હતી. કોઈ કુલીન ક્ષત્રિય, રાજકુમાર, રાજા કે મહારાજા તે પૂરી કરી ન શક્યો. લોકમાનસમાં એ વાત દૃઢ છે કે કર્ણ લક્ષ્યવેધ કરવા ઊભો થયો હતો.

શરસંધાન કરવાની તૈયારીમાં જ હતો, ત્યારે દ્રૌપદીએ જાહેર કર્યું કે તે સૂતપુત્રને નહીં પરણે. અનેક આવૃત્તિઓ ભેગી કરી, સંશોધન કરી ઘણી મહેનતે તૈયાર કરેલ ભાંડારકર ઑરિયેન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પૂનાની મહાભારતની સંશોધિત આવૃત્તિમાંથી આ પ્રસંગ ક્ષેપક ગણીને કાઢી નાખવામાં આવ્યો છે. (કર્ણ આ જાહેર તિરસ્કાર અને અપમાન કદી ન ભૂલ્યો એ પારંપરિક કથા છે.)

કૌરવોના પ્રપંચથી બચવા દરિદ્ર બ્રાહ્મણોના છદ્મવેષમાં પાંડવો ત્યાં હતા. છેવટે આવા છદ્માવેષમાં પણ સુંદર અને પ્રભાવશાળી અર્જુન ઊભો થયો અને સહજતાથી લક્ષ્યવેધ કરી લીધો. વીરશુલ્કા દ્રૌપદીએ ઈંદ્ર જેવા રૂપવાળા અર્જુનને વરમાળા પહેરાવી દીધી. આવેલા સહુ રાજાઓને ક્રોધ ઉત્પન્ન થયો અને ત્યાં યુદ્ધ છેડાઈ ગયું. ભીમ અને અર્જુને તો બધાને પરાસ્ત કરી દીધા. છેવટે શ્રીકૃષ્ણે બધાને વાર્યા કે દ્રૌપદીને ધર્મયુક્ત રીતે જ મેળવવામાં આવી છે. આમ પણ રાજસમુદાય હારી ચૂક્યો હતો એટલે બધા યુદ્ધથી નિવૃત્ત થયા. દ્રૌપદી અર્જુનને અનુસરી.

હવે પિતા દ્રુપદને ચિંતા થઈ. દ્રૌપદીને કોણ લઈ ગયું ? પોતાના જેવા મૂર્ધાભિષિકત રાજાને માથે કાદવથી ખરડાયેલો પગ તો નથી પડ્યો ને? ફૂલમાળા શું સ્મશાનમાં પડી? તેણે પોતાના પુરોહિતને મોકલ્યો અને યુધિષ્ઠિરને ઓળખ માટે પૂછ્યું. આખરે દ્રુપદે બધાનો સત્કાર કરી સત્ય જાણવાનો આગ્રહ કર્યો. યુધિષ્ઠિરે બધાનો પરિચય આપ્યો. દ્રુપદની પદ્મિની સમાન પુત્રી એક સરોવરમાંથી બીજા સરોવરમાં ગઈ તેનું દુઃખ ન કરો.

દ્રૌપદીના જીવનનું બીજું પ્રકરણ શરૂ થયું, સાવ જ જુદી રીતે. તેનું અનુપમ પૃથ્વીપ્રસિદ્ધ લાવણ્ય જોઈને યુધિષ્ઠિર સહિત બધા પાંડવો મુગ્ધ થઈ ગયા. અને આખરે પાંચે ભાઈઓ તેને પરણે એવો પ્રસ્તાવ મૂક્યો. એ યુગમાં તો ભૂતો ન ભવિષ્યતિ જેવી અસંભવ અને અમાન્ય વાત હતી. દ્રૌપદીના પિતા, ભાઈ અને પરિવારજનો મૂંઝવણમાં પડી ગયા. એક સ્ત્રીને અનેક પતિ? આ પ્રશ્ન આટલા યુગોથી બધાને મૂંઝવતો રહ્યો છે. આપણી સંસ્કૃતિનાં મૂલ્યો સાથે આનો મેળ મળે?

જ્યારે એ વાતનો વિરોધ થયો કે પાંચને એક સ્ત્રી કેવી રીતે પરણે? ત્યારે યુધિષ્ઠિરે જ સૂચવ્યું કે દ્રૌપદીનાં લગ્ન અર્જુન સાથે થાય. દ્રૌપદીએ અર્જુનને જ સ્વયંવરની વરમાળા પહેરાવી હતી. હવે અર્જુન બોલ્યો કે આવું ન બને. મોટા ભાઈને મૂકી નાનો ભાઈ પહેલાં લગ્ન ન કરી શકે. માર્કંડેયપુરાણ પ્રમાણે આ રીતે મોટા ભાઈનાં લગ્ન પહેલાં નાનો ભાઈ કરે તો એ એક પાતક નામે પરિવેદન કહેવાય. મહાભારતમાં ભીષ્મ પણ આવા મતના છે. મોટા ભાઈની પહેલાં પરણનાર નાનો ભાઈ, તેની પત્ની અને મોટો ભાઈ - એ ત્રણે જણા પાપી ગણાય છે. અને તેનું ખાસ પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે. સ્વયંવરના મત્સ્યવેધ વખતે અર્જુન આ જાણતો ન હતો?

હવે દ્રૌપદી શું વિચારતી હશે? મીરાં તારળેકર વિચારે છે,

*'ઊભી છે એકલી સ્વયંને ત્યજીને /*
*અવાક્ કળાતી નથી વિધાતાની રમત*
*વિસ્તરેલી આ ગૂંચવણની જાળ.'*

પુરુષ અને સ્ત્રી સાથે રહે, બાળકો હોય અને છતાં લગ્ન જેવી કાયમી સંસ્થા ન હતી તે ખૂબ પ્રાચીન કાળની વાત પણ મહાભારતમાં છે. પ્રાચીન ગ્રીક ફિલૉસૉફર પ્લેટોએ Communism of Wivesની વાત કરી હતી, જે પ્રમાણે સ્ત્રીઓ, પુરુષો અને તેમનાં બાળકો સમુદાયમાં સહિયારાં મળીને રહે. અમુક સમયે જીવનમાં સ્થિરતા માટે પરિવાર અને તે સાથે લગ્નસંસ્થા જરૂર બની. એક પતિ અને પત્ની હોય તે એકપત્નીત્વ - monogamy. એક પુરુષને અનેક સ્ત્રીઓ હોય તે બહુપત્નીત્વ - polygamy.એક સ્ત્રીને અનેક પતિઓ હોય તે બહુપતિત્વ - polyandry. સામાન્ય રીતે જોઈએ તો monogamy અને polygamy તો માન્ય હતાં. સવાલ આવે છે બહુપતિત્ત્વ- polyandryનો મહાભારતના આદિપર્વમાં દ્રૌપદી સાથેના લગ્નપ્રસ્તાવ વખતે યુધિષ્ઠિર જાણકારી આપે છે કે પ્રાચીનકાળમાં આવું બનેલું છે. ગૌતમ ગૌત્રની કન્યા જટિલાને સાત ઋષિઓ પતિ તરીકે હતા. તો કુંડુ મુનિની પુત્રી વાર્ક્ષી દસ પ્રચેતસ ભાઈઓને પરણી હતી. યુધિષ્ઠિર પોતે ધર્મજ્ઞ હતા. પૂર્વપુરુષો જે માર્ગે ગયા તે માર્ગે જ સહજ રીતે જવાના. મહર્ષિ વ્યાસે પણ આવાં લગ્ન વિશે સમજાવ્યું - બહુનાં એકપત્નિતા, એવું થાય. (ક્રમશઃ)■

# માનવ મૅજિકઃ નવા સ્પિનરની પહેલી જ ઓવરમાં વિકેટ, આંગળીના જાદુથી છેલ્લે પણ સપાટો બોલાવ્યો!

## ભારતના ૮/૫૬૪ ડિક્લેર્ડ સામે અફઘાનિસ્તાનના પાંચ વિકેટે ૧૧૩: ગિલ ઈલેવન એક દાવથી જીતી શકે

ન્યૂ ચંડીગઢઃ ભારત આઠ વર્ષે અફઘાનિસ્તાન સામે ફરી ટેસ્ટ મૅચ રમી રહ્યું છે, ન્યૂ ચંડીગઢમાં પહેલી જ વખત ટેસ્ટ રમાઈ રહી છે એવામાં ભારત વતી ડેબ્યૂ કરનાર રાજસ્થાની સ્પિનર માનવ સુથારે (૧૫.૫-૭-૨૧-૩) રવિવારે સનસનાટી મચાવી દીધી હતી જેમાં તેણે ત્રણ વિકેટ લઈને અફઘાનિસ્તાનને મુસીબતમાં મૂકી દીધું હતું. માનવે ટી-બ્રેક બાદ બે કલાકના સત્રમાં ૧૨ ઓવર બોલિંગ કરી હતી અને માત્ર ૨૦ રનના ખર્ચે વિકેટ લીધી હતી.

**ભારત હજી ૪૫૧ રનથી આગળ**

રવિવારની બીજા દિવસની રમતને અંતે અફઘાનિસ્તાનનો પ્રથમ દાવનો સ્કોર ૫/૧૧૩ હતો. ભારતે અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટમાં શનિવારના પ્રથમ દિવસે મૅચ પર મજબૂત પકડ જમાવ્યા બાદ રવિવારના બીજા દિવસે મૅચને એક દાવથી જીતવાની પાક્કી તૈયારી કરી લીધી હતી. ભારતે પ્રથમ દાવ ૮/૫૬૪ના સ્કોર પર સમાપ્ત જાહેર કર્યો ત્યાર બાદ અફઘાનિસ્તાને માત્ર ૧૧૩ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ભારતીય ટીમ હજી ૪૫૧ રનથી આગળ હતી.

**અફઘાનિસ્તાનના બૅટ્સમેનો મૂંઝાઈ ગયા**

અફઘાનિસ્તાનની પાંચમી વિકેટ પડ્યા બાદ બહુ ઓછો સમય બાકી હોવાથી રમતને ત્યાં જ અટકાવી દેવામાં આવી હતી. પાંચમાંથી ત્રણ વિકેટ નવા લેફ્ટ-આર્મ સ્પિનર માનવ સુથારે અને બે વિકેટ અનુભવી પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ લીધી છે. રહમત શાહ ૪૩ રને દાવમાં હતો. માનવ સુથારે હરભજન સિંહની માફક ફ્લાઇટેડ બૉલ ફેંકીને અને નવા બૉલને


માનવને શાબાશી આપતો યશસ્વી

સારો એવો ટર્ન કરીને બૅટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા.

માનવ પોતાના બૉલને ટપ પાડતાં પહેલાં હવામાં એવી મૂવમેન્ટ આપે છે જેનાથી બૉલ ક્યાં પડશે એ વિશે બૅટ્સમૅન મૂંઝાઈ જાય છે. તેના ડ્રિફ્ટ અફઘાનિસ્તાનના બૅટ્સમેનો માટે માથાનો દુખાવો થઈ ગયા છે. ■

# માનવ સુથારના પરિવારજનો ટેસ્ટ જોવા રાજસ્થાનથી આવ્યા, પણ પાછા જતા રહ્યાઃ જાણો, શું હતું કારણ...

ન્યૂ ચંડીગઢઃ ટેસ્ટ મૅચના પ્રથમ દાવમાં અફઘાનિસ્તાનની ત્રણ વિકેટ લઈને ટેસ્ટ-ડેબ્યૂને યાદગાર બનાવનાર લેફ્ટ-આર્મ સ્પિનર માનવ સુથારના નિવૃત્ત શિક્ષક પિતા જગદીશ સુથાર પરિવાર સાથે પુત્રનો પર્ફોર્મન્સ જોવા અહીં રાજસ્થાનથી આવ્યા હતા, પરંતુ તેઓ બધા માનવનો એક પણ બૉલ જોયા વગર રવિવારે પાછા જતા રહ્યા હતા.

માનવ સુથારે ૧૫.૫ ઓવરમાં માત્ર ૨૧ રનના ખર્ચે ત્રણ વિકેટ લીધી હતી. તેના પિતા સ્કૂલમાં ફિઝિકલ એજ્યૂકેશનના ટીચર હતા. માનવે ક્રિકેટમાં કરીઅર બનાવવાની સાથે ગ્રેજ્યૂએશન પણ પૂરું કર્યું એવું તેમણે કહ્યું હતું.

જગદીશ સુથારે પીટીઆઇને કહ્યું, 'હું મારી પત્ની અને પુત્રી માનસી (માનવની નાની બહેન) સાથે માનવનું ઇન્ડિયા-ડેબ્યૂ જોવા આવ્યા હતા. જોકે અમે બધા ઘરે પાછા આવી ગયા. કારણ એ છે કે માનવને સ્ટેડિયમમાં રમતો જોવા બાબતમાં અમારામાં થોડી અંધશ્રદ્ધા છે એટલે તેનો લાઇવ પર્ફોર્મન્સ જોવાની બાબતમાં અમે થોડા નર્વસ હતા.'

માનવને સ્ટેડિયમમાં પોતે રમતો જોશે તો કદાચ તે સારું ન પણ રમે એવું જગદીશ અને તેમના પરિવારજનો માનતા હતા એટલે પાછા રાજસ્થાન પહોંચી ગયા. ■

# ગિલ કેમ ભારતની ટી-૨૦ ટીમમાં નથી? બીસીસીઆઇએ આપી ખાસ સૂચના

મુંબઈઃ આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સના સુકાની શુભમન ગિલે આ વખતની સીઝનમાં સેકન્ડ-હાઇએસ્ટ ૭૩૨ રન કર્યા અને આ ટૂર્નામેન્ટ પછી પોતાની ટી-૨૦ કાબેલિયત વિશે સારો સંકેત આપતા કેટલાક નિવેદનો પણ એક ઇન્ટરવ્યૂમાં કર્યા એને પગલે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) તેમ જ સિલેક્શન કમિટી તરફથી તેના માટે કેટલીક સૂચના અને સલાહના રૂપમાં નિવેદનો બહાર આવ્યા છે.

ગિલ જાન્યુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન ભારત વતી ૩૬ ટી-૨૦ મૅચ રમ્યો હતો જેમાં તેણે ૧૩૮.૫૯ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૮૬૯ રન બનાવ્યા હતા. જોકે ડિસેમ્બર ૨૦૨૫ બાદ તેને ભારત વતી ટી-૨૦માં નથી રમવા મળ્યું, પરંતુ તેણે આઇપીએલમાં કુલ મળીને ૧૩૪ મૅચમાં ૪,૫૯૮ રન બનાવ્યા છે. આ વખતની આઇપીએલમાં તે સર્વોચ્ચ સ્કોરર વૈભવ સૂર્યવંશી (૭૭૬ રન)થી માત્ર ૪૪ રન પાછળ હતો અને તેણે ગુજરાત ટાઇટન્સની ટીમને ફાઇનલ સુધી પહોંચાડી હતી.

ગિલ ભારતની ટેસ્ટ અને વન-ડે ટીમનો કૅપ્ટન છે તેમ જ તેણે આ બન્ને ફૉર્મેટમાં બૅટ્સમૅન તરીકે પણ સફળ પર્ફોર્મન્સ બતાવવાનો હોય છે. ટી-૨૦ના ભૂતપૂર્વ કૅપ્ટન સૂર્યકુમાર યાદવનો કિસ્સો બધાની સામે જ છે. તેણે ટી-૨૦ ટીમના કૅપ્ટન તરીકે સર્વોત્તમ સફળતા પુરવાર કરી છે, પરંતુ બૅટ્સમૅન તરીકે તે સારું નથી રમી શક્યો. એના પરથી ગિલ માટે બીસીસીઆઇની એ સલાહ છે કે તેણે શારીરિક અને માનસિક બોજનો શિકાર ન થઈ જવાય એ માટે માત્ર ટેસ્ટ અને વન-ડે ફૉર્મેટ પર જ બધુ ધ્યાન આપવું.

આ જ કારણ છે કે ગિલને શનિવારે આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડના પ્રવાસ માટેની તેમ જ જાપાનના એશિયન ગેમ્સ માટેની ટી-૨૦ ટીમમાં સ્થાન નથી આપવામાં આવ્યું. બીસીસીઆઇના એક સૂત્રએ પીટીઆઇને કહ્યું, 'શુભમન ગિલે ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધીમાં ૩૫ વન-ડેમાં અને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની નવ ટેસ્ટ માટે ફિટ રહેવાનું છે તેમ જ એની ફાઇનલમાં ભારતને પહોંચાડવાનું છે. વાત એકદમ સ્પષ્ટ છે કે તેણે આ બન્ને આઇસીસી ટૂર્નામેન્ટ માટે



શુભમન ગિલ

હંમેશાં સજ્જ રહેવું પડશે.'

ગિલ બાબતમાં બીસીસીઆઇ અને સિલેક્ટરોએ લાંબી રણનીતિ તૈયાર કરી છે જેમાં તેને માટે નિવેદનમાં કહ્યું છે કે ગિલનું બૅટ્સમૅન તરીકેનું પ્રદર્શન ભારતને આગામી ડબ્લ્યૂટીસીની અને વન-ડે વર્લ્ડ કપની ટ્રોફી અપાવી શકે એમ છે. ■

# પંતના પાવરફુલ શૉટમાં બૉલ શું ડ્રૉનને વાગ્યો હતો? જાણી લો હકીકત...

ન્યૂ ચંડીગઢઃ અહીં મુલ્લાંપુરમાં અફઘાનિસ્તાન સામેની ટેસ્ટમાં રવિવારના બીજા દિવસે આક્રમક બૅટ્સમૅન રિષભ પંતે એક ખૂબ ઊંચો શૉટ માર્યો અને એમાં બૉલ ઊંચે સેટ કરવામાં આવેલા ડ્રૉનને વાગ્યો અને ડ્રૉન સીધું નીચે આવી પડ્યું એવો વીડિયો વાઇરલ થયો છે, પરંતુ એને લગતી કેટલીક હકીકતો આ આખા કથિત કિસ્સાને ખૂબ રસપ્રદ બનાવે છે.

પંતના પાવરફુલ લૉફ્ટેડ શૉટમાં બૉલ જો ડ્રૉનને વાગે તો એ નવાઈની વાત ન કહેવાય, કારણકે પંત આવા પ્રકારના હાર્ડ-હિટિંગ શૉટ્સ માટે જ પ્રખ્યાત છે. જોકે સોશ્યલ મીડિયામાં જે દાવો કરવામાં આવ્યો છે એ વિશે તથ્ય બહાર આવી ગયું છે.

**એઆઇ હૈ તો મુમકિન હૈ**



આ કથિત શૉટને લગતું ફૂટેજ સોશ્યલ મીડિયામાં ખૂબ ચર્ચાસ્પદ થયું છે અને એને લાખો વ્યૂઝ મળ્યા છે. જોકે બારીકાઈથી અને ક્રિકેટને લગતા બૅઝિક નિયમોને ધ્યાનમાં લેતાં જણાયું કે આ વીડિયો 'એઆઇ જનરેટેડ' છે. સૌથી પહેલી વાત એ છે કે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ની મદદથી બનાવાયેલા આ વીડિયોમાં સફેદ બૉલ બતાવવામાં આવ્યો છે અને ટેસ્ટ મૅચ લાલ બૉલથી રમાતી હોય છે. વીડિયો ક્રીએટરનું આ ડિટેઇલ પર ધ્યાન જ ન ગયું. વાઇટ બૉલ હંમેશાં મર્યાદિત ઓવર્સની મૅચો (વન-ડે, ટી-૨૦)માં જ વપરાતો હોય છે. એ જોતાં, ઇન્સ્ટાગ્રામ પરની આ વીડિયો ક્લિપ બનાવટી છે.

**બીસીસીઆઇનો શું નિયમ છે?**

વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે પંતના શૉટમાં વાઇટ બૉલ ઊંચે આકાશમાં ઉડી રહેલા ડ્રૉનને વાગ્યો, ડ્રૉનને નુકસાન થયું અને જોત જોતામાં નીચે આવી પડ્યું અને જમીન પર પટકાયું. હકીકતમાં આવું કંઈ બન્યું જ નહોતું. પંતે આવો એક શૉટ જરૂર માર્યો હતો, પણ બૉલ ડ્રૉનને વાગ્યો અને એ નીચે આવી પડ્યું એવું કંઈ બન્યું જ નહોતું. સ્ટેડિયમની ઉપર સ્પાઇડર કૅમેરા કે ડ્રૉન સેટ કરવાની બાબતમાં કે ઉડાડવાની બાબતમાં બીસીસીઆઇનો કડક પ્રૉટોકૉલ છે. આવા ડિવાઇસીસ ક્રિકેટ બૉલ સામાન્ય રીતે વધુમાં વધુ જેટલી ઊંચાઈ સુધી જઈ શકે એનાથી ઉપર જ ગોઠવવાનું કહેવામાં આવે છે. ■

# ઇંગ્લૅન્ડ જીત્યુંઃ સરેરાશ ૨૪.૯ બૉલમાં એક વિકેટ પડી હતી!

લંડનઃ લૉર્ડ્સમાં વરસાદના વિઘ્નો વચ્ચે ઇંગ્લૅન્ડે ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની લૉ-સ્કોરિંગ પ્રથમ ટેસ્ટ ૧૧૫ રનથી જીતીને શ્રેણીમાં ૧-૦થી સરસાઈ લીધી છે. પેસ બોલરના શાસન જેવી આ ટેસ્ટમાં ચાર દિવસમાં સરેરાશ દરેક ૨૪.૯ બૉલમાં એક વિકેટ પડી હતી અને ટેસ્ટ ક્રિકેટનાં છેલ્લાં ૧૧૯ વર્ષના ઇતિહાસનો એ વિક્રમ છે. મૅચમાં કુલ સાત વિકેટ લેનાર બ્રિટિશ પેસ બોલર ઑલી રૉબિન્સન (૩૯ રનમાં પાંચ અને ૩૮ રનમાં બે વિકેટ)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ટૉમ લૅથમના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડની ટીમ ૨૫૪ રનના લક્ષ્યાંક સામે ૧૩૮ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. બ્રિટિશ પેસ બોલર ગસ ઍટકિન્સને દાવમાં સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી. પ્રથમ દાવમાં ઇંગ્લૅન્ડના ૧૪૦ રન સામે ન્યૂ ઝીલૅન્ડે ૧૧૩ રન બનાવ્યા હતા. બીજા દાવમાં બ્રિટિશ ટીમ ૨૨૬ રન બનાવતાં કિવીઓને ૨૫૪ રનનો મુશ્કેલ લક્ષ્યાંક મળ્યો હતો. ■

# વર્લ્ડ યોગાસનમાં ભૂજની હીના રાજગોર છવાઈ ગઈ

## ભારત ૪૦ ગોલ્ડ સહિત કુલ ૫૦ મેડલ સાથે મોખરે

અમદાવાદઃ ભૂજની હીના રાજગોર રવિવારે અહીં એકા અરીનામાં સૌપ્રથમ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપમાં રોમાંચક મુકાબલામાં ૪૩.૫૦ પૉઇન્ટ સાથે ગોલ્ડ મેડલ જીતીને છવાઈ ગઈ હતી. તેણે આ ચંદ્રક સિનિયર-બી ફીમેલ કૅટેગરીમાં ફૉર્વર્ડ બેન્ડ હરીફાઈમાં મેળવ્યો હતો. ભારતે આ સ્પર્ધાની




વિવિધ કૅટેગરીઓમાં ૪૦ ગોલ્ડ મેડલ સાથે કુલ ૫૦ ચંદ્રક જીતી લીધા છે જેમાં આઠ સિલ્વર અને બે બ્રૉન્ઝ પણ છે. હીના રાજગોર જે વર્ગમાં ગોલ્ડ જીતી એમાં સિલ્વર મેડલ ઓમાનની ભારતીય મૂળની પ્રીતિ જૈમાની (૩૮.૧૫ પૉઇન્ટ)એ અને બ્રૉન્ઝ મેડલ રશિયાની સ્વેત્લાના તથા જોર્ડનની માયા અલૉસ્તાથ સંયુક્ત રીતે બ્રૉન્ઝ જીતી હતી.




**૧૨ દેશ વચ્ચે ૧૨મી જૂનથી રમાશે ટી-૨૦ વર્લ્ડ કપઃ** લંડનની થેમ્સ નદી પરના વૉટરલૂ બ્રિજ પર આગામી ટી-૨૦ વિમેન્સ વર્લ્ડ કપની કૅપ્ટનો. હરમનપ્રીત કૌર (જમણેથી ત્રીજી) ભારતીય ટીમની કૅપ્ટન છે. આ વિશ્વ કપ ૧૨મી જૂને શરૂ થશે જેમાં ૧૨ દેશ ભાગ લેશે. ભારતની પ્રથમ મૅચ ૧૪મી જૂને (સાંજે ૭.00 વાગ્યાથી) પાકિસ્તાન સામે રમાશે.

---

**ફન વર્લ્ડ**

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:00 સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તડકો | સહેજ |
| તડજોડ | છાંયડો |
| તડામાર | ખોટું |
| તથ્ય | મંદ |
| તદ્દન | અસમાધાન |

### માતૃભાષાની મહેક

નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એવા પૂજાના ત્રણ પ્રકાર છે. શિવ, ગણેશ, રામ, કૃષ્ણ વગેરેની રોજ કરવામાં આવતી પૂજા નિત્ય કહેવાય છે. પુત્ર જન્મ વગેરે ખાસ પ્રસંગે કરવામાં આવતી પૂજા નૈમિત્તિક કહેવાય છે અને કોઈ ઇચ્છાની સિદ્ધિ માટે કરવામાં આવતી પૂજા કામ્ય કહેવાય છે. તમામ દેહને દેવરૂપ સમજી, તેની અંદર રહેલા આત્માને પોતાનું સ્વરૂપ સમજી સર્વને અભય દાન આપવું એ જ ઇશ્વરપૂજન છે.

### ગુજરાત મોરી મોરી રે

નવરાત્રીમાં ભાવિકો પગપાળા આવે છે એ જાડેજા રાજપૂતોની કુળદેવી એવા આશાપુરા માતાનું મંદિર ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે?

અ) જૂનાગઢ  બ) દ્વારકા
ક) કચ્છ  ડ) વડોદરા

### ઈર્શાદ

વહાલું કોને ન હો જીવવું, ધન કોને ન હો ઈષ્ટ,
અવસર આવ્યે આ બેયને તૃણવત્ ગણે વિશિષ્ટ. –હેમચંદ્રાચાર્ય

### શબ્દલાલિત્ય - કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | |
| | | ૭ | | | | | ૮ | | |
| ૯ | | | | | ૧૦ | | | ૧૧ | ૧૨ |
| | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | |
| ૧૬ | | | | | | ૧૭ | | | |
| | | ૧૮ | | | ૧૯ | | ૨૦ | | |
| ૨૧ | ૨૨ | | | | ૨૩ | ૨૪ | | | |
| ૨૫ | | | ૨૬ | ૨૭ | | | | ૨૮ | ૨૯ |
| | ૩૦ | ૩૧ | | ૩૨ | | | | | |
| ૩૩ | | | | | ૩૪ | | | | |

**આડી ચાવી**

૧. પુરોહિત, ગોર (૪)
૪. ભાવિનો યોગ (૫)
૭. નમન, વંદન (૪)
૮. વાણી, ભાષા (૨)
૯. ખરાબ, અશુભ (૨)
૧૦. નમક (૨)
૧૧. વિષ, ઝેર (૨)
૧૩. કાયા, દેહ (3)
૧૫. મુશ્કેલ નહીં એવું, સીધું (3)
૧૬. હોઠ (3)
૧૭. પ્રેમ, પ્રીતિ (૨)
૧૮. ખંધું, ધૂર્ત (૨)
૨૦. ઠીંગણું (3)
૨૧. સજ્જ, તૈયાર (3)
૨૩. તપસ્વી (3)
૨૫. આંગળીથી --- વેગળાં (૨)
૨૬. ભસ્મ, રાખ (૨)
૨૮. અનાજ (૨)
30. એક તેલી બી (૨)
૩૨. રાત્રે ક્યાંક મુકામ કરવો તે (૪)
33. પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)
૩૪. ધીમું, ધીરું (૪)

**ઊભી ચાવી**

૧. સરખામણી (3)
૨. લક્ષ્ય (૨)
3. નરક (૪)
૪. નસીબદાર (3)
૫. સાથી, સોબતી (૨)
૬. બળવાન (૪)
૧૨. ધૂર્ત, લુચ્ચું (૨)
૧3. લજ્જિત, શરમથી ઝંખવાણું પડી ગયેલું (૪)
૧૪. નકામું (૨)
૧૫. સોબત, સંબંધ (૪)
૧૬. મૃત્યુ (૪)
૧૯. દીકરી (૨)
૨૨. કવચ, લોઢાનો પોષાક (૪)
૨૪. કુટુંબકબીલો (૪)
૨૭. કબૂલાત, ઠરાવ (3)
૨૯. મા વગરનું (3)
3૧. હોઠ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઘે | ૨ રૈ | યો | | ૩ વે | ણ | | ૪ કં | ૫ સા | ૬ ર |
| ૭ વ | ય | | | રો | | ૮ શ | | ૯ મ | તિ |
| ૧૦ ર | ત | ૧૧ ન | | | ૧૨ પ | ર | વા | નો | |
| | | ૧૩ વા | ગ્દા | ૧૪ ન | | દી | | | ૧૫ કો |
| ૧૬ પ્ર | | ગ | | ૧૭ હો | ૧૮ મ | | ૧૯ ટા | પ | શી |
| ૨૦ સં | ગ | ત | | ૨૧ ર | જા | | પ | | ર |
| ગ | | | ૨૨ કં | | ૨૩ ક | પ | ટી | | |
| | ૨૪ ક | ટો | ક | ટી | | | ૨૫ પ | ૨૬ ડ | ૨૭ ઘો |
| ૨૮ દા | દા | | ર | | ૨૯ નિ | | | ૩૦ કા | ળ |
| ૩૧ ર | ચ | ના | | ૩૨ વ્યા | જ | | ૩૩ પા | ર | કું |

### ઓળખાણ પડી?

સ્વયંભૂ અને દક્ષિણમુખી દેશના બાર જ્યોતિર્લિંગ પૈકી મહાકાળેશ્વર મંદિર આપણા દેશના કયા શહેરમાં સ્થિત છે એની ઓળખાણ પડી?



અ) ભુવનેશ્વર  બ) ઉજ્જૈન  ક) અમૃતસર  ડ) કોલ્હાપુર

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'માતા પિતાએ જીવનમાં ઘણી લીલીસૂકી જોઈ' પંક્તિમાં લીલીસૂકીનો અર્થ શું થાય એ જણાવો.

અ) ભવ્ય  બ) રંગીન  ક) ચડતી પડતી  ડ) પરિશ્રમ

### માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. 'કેએલએમ એરલાઈન્સ' તરીકે ઓળખાતી એરલાઈન્સ કયા દેશમાં છે એ જણાવો.

અ) ઈથિયોપિયા  બ) દક્ષિણ કોરિયા  ક) નેધરલેન્ડ્સ  ડ) ડેનમાર્ક

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | | | ૪ | | |
| ૩ | | ૧ | ૪ | | | | | |
| ૭ | | | | | | ૮ | ૩ | ૬ |
| | ૧ | | | | ૫ | | | |
| ૨ | | ૯ | | ૩ | | ૧ | | ૭ |
| | | | ૭ | | | | ૨ | |
| ૬ | ૭ | ૮ | | | | | | ૫ |
| | | | | | ૬ | ૩ | | ૪ |
| | | ૨ | | | ૧ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૭ | ૪ | ૫ | ૩ | ૧ | ૮ |
| ૪ | ૮ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૭ | ૫ |
| ૧ | ૭ | ૫ | ૩ | ૬ | ૮ | ૯ | ૨ | ૪ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૩ | ૨ | ૫ | ૮ | ૧ |
| ૬ | ૩ | ૧ | ૫ | ૮ | ૪ | ૨ | ૯ | ૭ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૭ | ૧ | ૪ | ૩ | ૬ |
| ૩ | ૬ | ૮ | ૨ | ૫ | ૭ | ૧ | ૪ | ૯ |
| ૨ | ૯ | ૪ | ૮ | ૧ | ૬ | ૭ | ૫ | ૩ |
| ૫ | ૧ | ૭ | ૪ | ૯ | ૩ | ૮ | ૬ | ૨ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તગડું | દુર્બળ |
| તજવું | પકડવું |
| તજજ્ઞ | અભણ |
| તટસ્થ | પક્ષપાત |
| તડ | સંધાણ |

**ગુજરાત મોરી મોરી રેઃ** ભાવનગર

**ઓળખાણ પડી?** મણિપુર

**માઈન્ડ ગેમ :** જાપાન

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** ચડતી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપુર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભામિની સંપટ (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતીમા પમાણી (૯) વિપીન શાહ (૧૦) ભરત કજરિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મહેશ સંઘવી (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) કમલ માતલિયા (૨૫) ખુશરૂ કાપડિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) વિણા સંપટ (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) અરવિંદ કામદાર (૩૪) સુભાષ મોમાયા (૩૫) પુષ્પા પટેલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) નીતા દેસાઈ (૪૫) નિતીન જયંતીલાલ બજરિયા

# સંગીત, શરાબ, ઠુમકા પછી આવ્યું મોત

## વરલીના મ્યુઝિકલ કૉન્સર્ટમાં વધુ પડતો દારૂ પીધા પછી માહિમના યુવકનું મૃત્યુઃ યુવતી હૉસ્પિટલમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામના નેસ્કો એક્ઝિબિશન સેન્ટરના હૉલમાં મ્યુઝિકલ કૉન્સર્ટમાં ડ્રગ્સના સેવનને કારણે એમબીએના બે વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યાની ઘટના હજુ ચર્ચામાં છે ત્યારે વરલીના મ્યુઝિકલ કૉન્સર્ટમાં યુવકનાં મોતથી હોબાળો મચ્યો હતો. કૉન્સર્ટમાં વધુપડતો દારૂ પીધા પછી સંગીતના તાલે નાચનારાં યુવક-યુવતીનું અચાનક સ્વાસ્થ્ય બગડ્યું હતું. બન્નેને હૉસ્પિટલે લઈ જાય ત્યાં સુધીમાં યુવકનું

(જુઓ પાનું ૪) ▸▸

### મોબાઈલ ફોનથી રેકોર્ડિંગ કરવાની મનાઈ ફરમાવાઈ

વરલીના ડોમમાં આયોજિત મ્યુઝિક કૉન્સર્ટમાં આવનારા લોકોને મોબાઈલ ફોનથી વીડિયો રેકોર્ડિંગ કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી, એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. કહેવાય છે કે કૉન્સર્ટના સ્થળે ખાનગી બાઉન્સર્સ અને સિક્યોરિટી ગાર્ડ તહેનાત કરી દેવામાં આવ્યા

(જુઓ પાનું ૪) ▸▸



# આજથી ખરી કસોટી

## પાણીકાપ, ઉપરથી ટૅન્કરોની હડતાળઃ નાગરિકો,વેપાર-ધંધાને મુશ્કેલી પડશે

મુંબઈ : તહસીલદાર કચેરીઓએ મુંબઈના ખાનગી કુવા માલિકોને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી પાસેથી પરવાનગી મેળવવા માટે નોટિસ મોકલી છે. તેમને સાત દિવસની અંદર નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું છે. ટૅન્કર ડ્રાઇવરોએ આ નિર્ણય સામે રવિવાર, ૭ જૂનની રાતથી એટલે કે સોમવાર સવારથી હડતાળ પર જવાની ધમકી આપી છે.

મુંબઈમાં ખાનગી કુવાઓમાંથી મોટા પાયે પાણી ખેંચીને ટૅન્કર દ્વારા વિવિધ સ્થળોએ પહોંચાડવામાં આવતું હોવાથી ભૂગર્ભજળનું સ્તર ઘટી રહ્યું છે. આને નિયંત્રિત કરવા માટે, કેન્દ્ર સરકારના જળશક્તિ મંત્રાલયે સપ્ટેમ્બર ૨૦૨૦ માં નવા નિયમો રજૂ કર્યા હતા. આ નિયમો અનુસાર કૂવા માલિકો પર ઘણી શરતો લાદવામાં આવી છે. કેટલું પાણી કાઢી શકાય તે અંગેના ધોરણો પણ નક્કી કરવામાં આવ્યા છે. કુવા માલિકો માટે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીની પરવાનગી રજૂ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે.

ગયા વર્ષે, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને ટૅન્કર માલિકોને નોટિસ ફટકારી હતી, પરંતુ તેઓ અત્યાર સુધી આ પરવાનગી રજૂ કરવાનું ટાળી રહ્યા હતા. આ નોટિસના હડતાળ પણ પાડી હતી, જે પાંચ દિવસ સુધી ચાલી હતી. જોકે, કુવા માલિકોને સમયમર્યાદા લંબાવી આપ્યા બાદ હડતાળ પાછી ખેંચાઈ હતી. આ સંદર્ભમાં ટૅન્કર ચાલકોએ કોર્ટમાં અરજી પણ દાખલ કરી છે. આ વર્ષે, ફરી એકવાર, તહસીલદાર કચેરીઓ દ્વારા કુવા માલિકોને નોટિસ ફટકારવામાં આવી છે. જો સાત દિવસમાં પરવાનગી

(જુઓ પાનું ૪) ▸▸

# સિલિન્ડરમાં ૨૯ રૂપિયાનો વધારો

## મોંઘવારીની કિંમત ચૂકવવી પડશેઃ શરદ પવારની ચેતવણી

### આખી દુનિયામાં પેટ્રોલ-ડીઝલ-ગૅસના ભાવ વધ્યા છેઃ ફડણવીસનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશ અને રાજ્યમાં મોંઘવારી વધી રહી છે. થોડા દિવસો પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ગેસ સિલિન્ડરના ભાવમાં પણ વધારો થયો છે. ગેસ સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૨૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધતી મોંઘવારી સામે રાજ્યમાં વિપક્ષ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. આ બધી પૃષ્ઠભૂમિમાં બોલતા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી-એસપી)ના પ્રમુખ શરદ પવારે સરકારને ચેતવણી આપતા કહ્યું હતું કે મોંઘવારીની રાજકીય કિંમત શાસક પક્ષને યોગ્ય સમયે ખબર પડશે. દેશભરમાં વધતી મોંઘવારી પર

(જુઓ પાનું ૪) ▸▸

## વિધાન પરિષદની ચૂંટણી પહેલા વિદર્ભમાં શિંદેની રમત

### કોંગ્રેસના ઉમેદવાર જ શિવસેનામાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાન પરિષદની ચૂંટણીની પૂર્વસંધ્યાએ મહારાષ્ટ્રના રાજકારણમાં એક ખૂબ જ ચોંકાવનારી અને મોટી ઘટના પ્રકાશમાં આવી છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કોંગ્રેસને સીધી મહાત આપીને મોટી રમત બદલી નાખી છે. જ્યારે વિધાન પરિષદની ચૂંટણી માટે રણનીતિ ઘડાઈ રહી છે, ત્યારે બીજી તરફ, એકનાથ શિંદેએ કોંગ્રેસની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે.

કોંગ્રેસ દ્વારા વિધાન પરિષદની ચૂંટણી માટે ઉમેદવારી આપવામાં આવેલા સાહેબરાવ કાંબલે તેમના સેંકડો કાર્યકરો સાથે જાહેરમાં શિવસેના શિંદે જૂથમાં જોડાઈ ગયા છે. આમાં, યવતમાળ જિલ્લાના ઉમરખીદ અને મહાગાંવના મોટાભાગના અગ્રણી કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં શિવસેનામાં જોડાયા છે. આ વિપક્ષ માટે એક મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે કારણ કે ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના ઉમેદવાર સત્તાધારી પક્ષમાં જ જોડાઈ ગયા છે. સાહેબરાવ કાંબલે નાટકીય રીતે વિધાન પરિષદની ચૂંટણીમાંથી ખસી ગયા હતા.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સાહેબરાવ કાંબલેનું પક્ષમાં સ્વાગત કર્યું

(જુઓ પાનું ૪) ▸▸

## દુકાળમાં અધિક માસ! ૧૫ જૂન સુધી વરસાદ નહીં આવેઃ સરકારી આગાહીથી ચિંતા વધી

મુંબઇ : ચોમાસુ કેરલમમાં મોડું પહોંચ્યું. ચોમાસુ હવે તળ કોંકણમાં પણ પહોંચી ગયું છે. મહારાષ્ટ્રમાં ચોમાસાના આગમનના સમાચારે ખેડૂતોએ વાવણી માટેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

ટૂંક સમયમાં રાજ્યભરમાં વાવણી થશે. આ દરમિયાન રાજ્ય સરકારે હવે ચોમાસા અને વરસાદ અંગે એક મહત્વપૂર્ણ આગાહી કરી છે. આ આગાહીએ એક રીતે ખેડૂતોની ચિંતા વધારી દીધી છે.

રાજ્યના મુખ્ય પ્રધાન કાર્યાલયે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. રાજ્ય સરકારે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ઓછામાં ઓછા ૧૫ જૂન સુધી રાજ્યમાં ક્યાંય પણ વરસાદ થવાની શક્યતા ઓછી છે. દક્ષિણ કોંકણમાં ચોમાસુ આવી ગયું છે અને નવમી જૂન સુધી સિંધુદુર્ગ અને રત્નાગિરિ જિલ્લાના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. જોકે, હાલની હવામાન આગાહી મુજબ, રાજ્યમાં વરસાદની એકંદર તીવ્રતા અને ચોમાસાની પ્રગતિની ગતિ ઓછામાં ઓછી ૧૫ જૂન સુધી ઘટવાની શક્યતા છે. તેથી આ સમયગાળા દરમિયાન રાજ્યભરમાં સંતોષકારક વરસાદની શક્યતા ઓછી છે.

દરમિયાન રાજ્યના વિદર્ભ અને ખાનદેશમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી જવાની ધારણા છે, જ્યારે મરાઠવાડામાં તે ૩૫ થી ૪૦ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની ધારણા છે. તેથી કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગે ખેડૂતો અને નાગરિકોને અપીલ કરી છે કે વાવણી ઉતાવળમાં ન કરે.

ઓછામાં ઓછા ૧૫ જૂનની બપોર પછી વિદર્ભ, મરાઠવાડા, ખાનદેશ અને મધ્ય મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં વાદળછાયું આકાશ અને મેઘગર્જના સાથે છૂટાછવાયા વરસાદની સંભાવના છે. જોકે, મુખ્યપ્રધાન કાર્યાલયે એમ પણ કહ્યું છે કે મોટા વિસ્તારમાં વાવણી માટે હજુ વરસાદ અનુકૂળ નથી. ■

# બાંગ્લાદેશ અને શ્રીલંકાના નાગરિકોની મદદથી સોનાની દાણચોરીનો પર્દાફાશ

### મુંબઈ ઍરપોર્ટ પરથી પાંચ કરોડનું સોનું જપ્તઃ ત્રણ ઍરપોર્ટ સ્ટાફ સહિત સાતની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) બાંગ્લાદેશ અને શ્રીલંકાના નાગરિકોની મદદથી ચલાવતા સોનાની દાણચોરીના રૅકેટનો પર્દાફાશ કર્યો હતો. અધિકારીઓએ વિદેશથી લવાયેલું અંદાજે પાંચ કરોડ રૂપિયાનું સોનું મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી જપ્ત કરી ત્રણ ઍરપોર્ટ સ્ટાફ સહિત સાતની ધરપકડ કરી હતી.

ડીઆરઆઈએ શનિવારની મધરાતે ઍરપોર્ટ પર 'ઑપરેશન ગૉલ્ડન નેક્સસ' હાથ ધર્યું હતું. મધરાત બાદ અઢી વાગ્યાની આસપાસ બૅન્ગકોકથી લવાયેલું ૩.૨ કિલો સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. આ કેસમાં ઍરપોર્ટના ત્રણ કર્મચારી, બે શ્રીલંકન અને એક બાંગ્લાદેશી નાગરિકને પકડી પાડવામાં આવ્યા હતા. એ સિવાય ઍરપોર્ટ બહાર સોનું લેવા આવેલા શખસને પણ તાબામાં લેવાયો હતો. પકડાયેલાઓમાં એક વ્યક્તિ એક રાજકીય પક્ષ સાથે સંબંધ ધરાવતી હોવાનું કહેવાય છે. જોકે આ અંગે અધિકૃત રીતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નહોતી.

મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર ઍરપોર્ટ સ્ટાફની સંડોવણીથી સોનાની દાણચોરીનું રૅકેટ ચાલતું હોવાની માહિતી ડીઆરઆઈને મળી હતી. માહિતીને આધારે અધિકારીઓએ ઑપરેશન ગૉલ્ડન નેક્સસ હાથ ધર્યું હતું. બૅન્ગકોકથી આવેલા બાંગ્લાદેશી અને શ્રીલંકન નાગરિકને તાબામાં લઈ તેમના સામાનની તપાસ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે બન્ને

(જુઓ પાનું ૪) ▸▸

## અંધેરીના શહાજી રાજે સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં ગેરકાયદે રીતે લૉજિંગ-બોર્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા અખત્યાર હેઠળ આવતા અને બૃહનમુંબઈ ક્રીડા અને લલિત કલા પ્રતિષ્ઠાન મારફત ચલાવવામાં આવતા અંધેરી પશ્ચિમમાં આવેલા શહાજીરાજે ભોસલે સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં ગેરકાયદે રીતે લૉજિંગ અને બોર્ડિંગ ચલાવવામાં આવતું હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી છે. અહીં ખેલાડીઓ માટે રાખવામાં આવેલી પંચાવન રૂમનો ગેરકાયદે રીતે ઉપયોગ કરવામાં આવતા હોવાનું જણાઈ આવતા મુંબઈ મહાનગરપાલિકાએ પૂરા પ્રકરણની તપાસ કરવાનો નિર્ણય લીધો છે. પાલિકાના દ્વારા ૧૯૮૮માં બનાવવામાં આવેલા આ સ્પોર્ટ્સ કૉમ્પ્લેકસમાં ૫૬ રૂમનો ગેરકાયદે રીતે ઉપયોગ થઈ રહ્યો હોવાનું જણાઈ આવતા રવિવારે મુંબઈના મેયર, ડેપ્યુટી મેયર સહિત પાલિકાના ઉચ્ચ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચીને પૂરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને પૂરા પ્રકરણની તપાસ કરવાનો આદેશ મેયરે આપ્યો હતો.■

## કુર્લામાં ૧૨૦૦ મિ.મી. વ્યાસની પાઈપલાઈનમાં ભંગાણઃ પાણીના ધાંધિયા

### અનેક ટેક્નિકલ અડચણો સાથે ૨૪ કલાકથી પણ વધુ સમય ચાલ્યું પાઈપલાઈનનું સમારકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કુર્લામાં ૧,૨૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનમાં શનિવારે ભંગાણ પડતા અનેક વિસ્તારમાં પાણીપુરવઠો ખોરવાઈ ગયો હતો. યુદ્ધના ધોરણે શનિવાર મોડી રાતથી સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું પણ અનેક ટેક્નિકલ અડચણોને કારણે રવિવારે મોડે સુધી તેનું સમારકામ ચાલ્યું હતું.

કુર્લામાં ક્ષતિગ્રસ્ત ૧,૨૦૦ મિ.મી વ્યાસની પાણીની મુખ્ય પાઇપલાઇન પર શનિવાર મોડી સાંજથી સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું પણ પાઈપલાઈનમાં થયેલા ગળતરને પગલે શનિવારથી અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાઈ ગયો હતો અને રવિવારે પણ સમગ્ર દિવસ કુર્લા, સાકીનાકા, ઘાટકોપર સહિતના વિસ્તારના સ્થાનિક નાગરિકોને પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

પાલિકાના પાણી પુરવઠા વિભાગના

(જુઓ પાનું ૪) ▸▸



## બેસ્ટ કર્મચારીઓની ૧૮ જૂન બાદ બેમુદત હડતાળની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) દિવસેને દિવસે આર્થિક રીતે વધુ ખખડી રહી છે, તેની પાસે પોતાના નિવૃત્ત કર્મચારીઓને તેમના બાકી રહેલા પગાર અને પીએફ આપવાને પણ પૈસા બચ્યા નથી ત્યારે હવે પોતાના હક માટે બેસ્ટના વર્તમાન અને ભૂતપૂર્વ કર્મચારીઓ એક થયા છે. બેસ્ટના ૧૨ જેટલા સંગઠનોએ ભેગા થઈને એક એક્શન કમિટી બનાવી છે અને સોમવાર, ૮ જૂન એક કામદાર બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

સોમવારે થનારી બેઠકમાં કામદારોની સમસ્યાઓના ઉકેલ માટે આંદોલનની દિશા નક્કી કરવામાં આવશે. જો ૧૮ જૂન, ૨૦૨૬ સુધીમાં કોઈ નક્કર નિર્ણય નહીં લેવાય તો એક્શન કમિટીએ બેમુદત હડતાળની ચેતવણી આપી છે.

છેલ્લા થોડા વર્ષોમાં બેસ્ટ આર્થિ રીતે પડી ભાંગી છે. બેસ્ટના ટ્રાન્સપોર્ટ વિભાગની ખાધ દિવસેને દિવસે વધી રહી છે. બેસ્ટની પોતાની માલિકીની બસની સંખ્યામાં પણ મોટો ઘટાડો થયો છે, તેની અસર સીધી બસ સેવા પર છે. એક સમયે નફો કરનારો બેસ્ટનો વીજળી વિભાગ પણ હવે ખોટમાં ગયો છે અને તેની સેવાને પણ અસર થઈ રહી છે.

બેસ્ટ ઉપક્રમ એટલી હદે આર્થિક રીતે કંગાળ થઈ ગયું છે કે તેની પાસે નિવૃત્ત કામદારોના બાકી રહેલી રકમ ચૂકવવાને પણ પૈસા નથી. કોર્ટના આદેશ છતાં બેસ્ટ ઉપક્રમ હજુ સુધી આ બાકી રકમ ચૂકવી શકી નથી. બેસ્ટ કર્મચારીઓને

(જુઓ પાનું ૪) ▸▸

### સોનેરી નહિ, પણ સોનાનું ગામ!

## ચોમાસું બેસતાં જ જ્યાં સોનાના સિક્કાઓનો થાય છે વરસાદ

મુંબઈ: ક્યારેક વાસ્તવિકતા કોઈ ફિલ્મી કાલ્પનિકતા કરતા વધુ રોમાંચક હોઈ શકે છે, જે આપણને વિચારતા કરી દે કે આવું બની શકે ખરું? પણ, મહારાષ્ટ્રમાં એક એવું 'ગોલ્ડન વિલેજ' છે જેના વિશે જાણીને તમે આશ્ચર્યચકિત થઇ જશો.

આ વાત છે કોલ્હાપુર જિલ્લાના કરવીર તાલુકાના 'કસ્બા બીડ' ગામની. આ ગામની વસ્તી લગભગ પાંચથી છ હજાર છે. મંદિરો, જૂના શિલાલેખો, વીરોની ખાંભીઓ અને સૌથી અગત્યનું, જમીનમાંથી હજુ પણ નીકળતા જૂના સોનાના સિક્કાઓ આ નાના ગામની સાચી ઓળખ છે.

ગ્રામજનોના મતે, વરસાદની ઋતુ શરૂ થતાં અને મૃગ નક્ષત્ર દેખાય છે, ત્યારે આ પ્રાચીન સોનાના સિક્કા ખેતરોમાં, રસ્તાના કિનારે અને ઘરોની છત પર પણ જોવા મળે છે. આ સિક્કાઓને 'સોનેરી સાંકળો' કહેવામાં આવે છે અને તે યાદવ કાળના હોવાનું માનવામાં આવે છે. થોડા દિવસો પહેલા, ગામના અક્કાતાઈ જાધવને ખેતરમાં કામ કરતી વખતે એક સોનાનો સિક્કો મળ્યો. આ સિક્કાની એક બાજુ કમળની આકૃતિ હતી અને બીજી બાજુ કેટલાક અક્ષરો કોતરેલા હતા. તેવી જ રીતે તાનાજી યાદવ અને મહાદેવ બિડકરને પણ અલગ અલગ સમયે સોનાના સિક્કા



(મુદ્રા) મળ્યા છે. ગામમાં બીજું એક નામ ખૂબ જ પ્રખ્યાત છે તે મનોહર પાટિલ. છેલ્લા પાંચ-છ વર્ષમાં, તેમના ઘરમાંથી જ ૧૧ સોનાના સિક્કા મળી આવ્યા છે. તેમણે આમાંથી કેટલાક સિક્કા મહેમાનોને ભેટ તરીકે આપ્યા છે, જ્યારે બાકીના ભગવાનના આશીર્વાદ તરીકે ઘરના મંદિરમાં રાખવામાં આવ્યા છે. આ સિક્કા ગામના ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ ભાગોમાં સૌથી વધુ સંખ્યામાં મળી આવ્યા છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે, આખા મહારાષ્ટ્રમાં આટલા બધા સોનાના સિક્કા ફક્ત 'કસ્બા બીડ' ગામમાં જ કેમ મળી આવે છે? છેલ્લા પાંચ વર્ષમાં, અહીંથી લગભગ ૫૦ સોનાના સિક્કા મળી આવ્યા છે, તે ઉપરાંત, ૨૧૦ ખાંભીઓ અને ઘણા જૂના શિલાલેખો પણ મળી આવ્યા છે. ■

## પાલઘરમાં બે બહેનો પર બળાત્કારઃ ભાજપના નેતાનો 'લવ જેહાદ'નો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક મહિલા અને તેની સગીર બહેન પર બળાત્કાર કરવાના આરોપમાં પોલીસે ૨૨ વર્ષના યુવક સામે કેસ નોંધ્યો છે, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. ભાજપના એમએલસી ચિત્રા વાઘે એવો આરોપ લગાવ્યો હતો કે આ એક 'લવ જેહાદ'નો કેસ છે.જમણેરી જૂથો દ્વારા 'લવ જેહાદ' શબ્દનો ઉપયોગ મુસ્લિમ પુરુષો દ્વારા હિન્દુ મહિલાઓને સંબંધો અને લગ્નમાં ફસાવવા અને તેમને ઇસ્લામમાં રૂપાંતરિત કરવાના કાવતરાનો આરોપ લગાવવા માટે કરવામાં આવે છે. પીડિતોની ફરિયાદ બાદ, પહેલી જૂને ભારતીય ન્યાય સંહિતા અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (પોક્સો) અધિનિયમ હેઠળ આરોપીઓ સામે બળાત્કાર અને છેડતીના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો હતો, એમ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (દહાણુ) અંકિતા કાંસેએ જણાવ્યું હતું. પોલીસે કેસની વધુ વિગતો આપ્યા વિના જણાવ્યું હતું કે બે ટીમો ફરાર આરોપીની શોધ કરી રહી છે. આ કેસના સંદર્ભમાં શનિવારે ભાજપ નેતા ચિત્રા વાઘે દહાણુ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી.

બાદમાં, પત્રકારો સાથે વાત કરતા, તેમણે એવો દાવો કર્યો હતો કે 'લવ જેહાદ' અને પાલઘરમાંથી શિક્ષિત છોકરીઓની લંડનમાં ગેરકાયદે તસ્કરી વિદ્યાર્થી વિઝાના આડમાં કરવામાં આવી રહી છે. વાઘે એવો પણ આરોપ લગાવ્યો હતો કે આરોપીનું ઘર અનધિકૃત હતું અને ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની માગણી કરી હતી.તેમણે કહ્યું હતું કે પીડિતાના માતાપિતા, જેઓ આઘાતમાં હતા, તેમણે તેમને તેમની અગ્નિપરીક્ષા વિશે માહિતી આપી હતી.ભાજપ નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે આ શોષણ ચોક્કસ સમુદાયો પર લક્ષ્યાંકિત એક ઊંડાણપૂર્વક સ્થાપિત નેટવર્કનો ભાગ છે. 'માત્ર અડધા કલાકમાં, જૈન અને મારવાડી સમુદાયના ચાર પરિવારો મને ભયાનક વાતો સાથે મળ્યા. મહિલાઓને જાળમાં ફસાવવામાં આવી રહી છે, તેમની સ્વતંત્ર ઓળખ છીનવી લેવામાં આવી રહી છે અને તેમને સીધા વિદ્યાર્થી વિઝા પર લંડન મોકલવામાં આવી રહ્યા છે. યુવાન મુસ્લિમ પુરુષો જે પોતાનું ભરણપોષણ પણ કરી શકતા નથી, તેઓ રહસ્યમય રીતે આ આંતરરાષ્ટ્રીય વિઝા મેળવવા માટે લાખો રૂપિયા ચૂકવી રહ્યા છે,' એવો આરોપ વાઘે લગાવ્યો હતો. ■

### મહારાષ્ટ્રમાં 'ગુજરાત પેટર્ન' લાગુ કરવાની માગણી

'પડોશી ગુજરાતમાં, જિલ્લા કલેક્ટર આંતર-જાતિય અથવા આંતર-ધાર્મિક લગ્ન નોંધણી કરાવતા પહેલા છોકરીના માતાપિતાને સત્તાવાર રીતે જાણ કરે છે. મહારાષ્ટ્રમાં આપણી દીકરીઓના રક્ષણ માટે આવા જ પ્રકારના કાયદાની તાતી જરૂર છે,' એમ જણાવતાં વાઘે એવો આરોપ લગાવ્યો હતો કે પાલઘરની બોરડી અને અન્ય કોલેજોમાં ૭૦ થી ૮૦ ટકા પુરુષ વિદ્યાર્થીઓ મહિલાઓ વિરુદ્ધ ગુનાઓને અંજામ આપવા માટે અન્ય રાજ્યોમાંથી સ્થળાંતર કરે છે. વાઘે એમ પણ કહ્યું કે પોલીસે તેમને વ્યાપક રૅકેટને તોડી પાડવા માટે એક વ્યાપક માનવ તસ્કરી વિરોધી એક્શન પ્લાનની ખાતરી આપી છે. ■

## રિક્ષા ડ્રાઈવરનું મહિલા પ્રવાસી સાથે બીભત્સ વર્તન

### વાયરલ વીડિયોની પોલીસ તપાસ

મુંબઈ: મુંબઈમાં બનેલી એક આંચકાજનક ઘટનામાં રિક્ષા ડ્રાઈવરે મહિલા પ્રવાસી સાથે બીભત્સ વર્તન કર્યું હતું. રિક્ષા ડ્રાઈવરની અશ્લીલ ટિપ્પણીવાળો વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપથી વાયરલ થતાં પોલીસે તેની ગંભીર નોંધ લઈ તપાસ હાથ ધરી હતી.

સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રિક્ષા ડ્રાઈવર અશ્લીલ ભાષામાં મહિલા સાથે વાત કરે છે અને શરમજનક કૃત્ય કરવાનું

(જુઓ પાનું ૪) ▸▸

## નવી મુંબઈમાં રેસિડેન્શિયલ બિલ્ડિંગમાં આગ

### ચાર જખમી,૧૦ને બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવી મુંબઈના ઘણસોલીમાં એક રેસિડેન્શિયલ બિલ્ડિંગમાં આગ લાગવાથી ચાર જખમી થયા હતા. તો અન્ય ૧૦ રહેવાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હોવાનું અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

નવી મુંબઈ મહાનગરપાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા સચિન કદમે જણાવ્યું હતું કે, ઘણસોલી વિસ્તારમાં સેક્ટર ૨૧માં કુબેર એપાર્ટમેન્ટમાં શનિવારે રાત્રે ૮.૫૧ વાગ્યે આગ લાગવાની માહિતી મળી હતી. આગનો કોલ આવતા ઐરોલી, કોપરખૈરાણે, વાશી અને અન્ય વિસ્તારોમાંથી અનેક ફાયર ટેન્ડરો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ■

# ભાવનગરમાં વિશ્વ સાઇકલ દિવસ નિમિત્તે શહેરમાં ૧૫ કિમી સાઇકલ રાઈડનું સફળ આયોજન



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ વિશ્વ સાઇકલ દિવસની ઉજવણીના ભાગરૂપે ભાવનગર સાઇકલ ક્લબ દ્વારા તા. ૭ જૂન, ૨૦૨૬ના રોજ ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત 'ફાઈટ ફોર ઓબેસિટી' અને 'સન્ડે ઑન સાકલ' અભિયાન હેઠળ શહેરમાં ૧૫ કિલોમીટરની પ્રેરણાદાયક સાઇકલ રાઈડનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાયકલ રાઈડમાં ભાવનગરના કલેક્ટર ડો.મનિષ બંસલ તથા તેમના ધર્મપત્નીએ પણ ઉત્સાહપૂર્વક સાયકલ ચલાવી સહભાગિતા નોંધાવી હતી. તેમની ઉપસ્થિતિએ તમામ સાઇકલિસ્ટોમાં વિશેષ ઉત્સાહ અને પ્રેરણાનો સંચાર કર્યો હતો. વિશ્વ સાઇકલ દિવસના અવસરે નાગરિકોમાં આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા અને સાઇકલિંગને પ્રોત્સાહન આપવા આ આયોજન કરવામાં આવ્યું હતું. રાઈડમાં શહેરના વિવિધ વયજૂથના સાઇકલિસ્ટોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સવારે વેલેન્ટાઇન સર્કલ ખાતેથી રાઈડનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાઈડ પાણીની ટાંકી, વિરાણી સર્કલ, લીલા સર્કલ, ટોપ થ્રી સર્કલ, અને અધેવાડા માર્ગેથી પસાર થઈ ઝાંઝરીયા હનુમાનજી મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. આ સાયકલ રાઈડનો મુખ્ય ઉદ્દેશ ઇંધણ બચાવ, સ્વાસ્થ્ય જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ તેમજ વાહનવ્યવહાર અને ટેક્નોલોજી પર વધતા અવલંબનને ઘટાડીને દૈનિક જીવનમાં સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો હતો.

રાઈડમાં ભાગ લેનાર તમામ સાઇકલિસ્ટોને સ્મૃતિચિહ્નરૂપે મેડલ તેમજ ઈ-પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત ઝાંઝરીયા હનુમાનજી મંદિર ખાતે તમામ સહભાગીઓ માટે લીંબુ પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.■



ગીરના જંગલમાં વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા એક પાણીના કુંડ પર એક-બે નહીં પરંતુ એકસાથે ૯ સિંહોનું આખું ટોળું પાણી પીવા માટે ઉમટી પડ્યું હતું. ગીર પૂર્વ રેન્જમાં કેમેરામાં થયેલું આ દૃશ્ય, માનવહૃદયને મંત્રમુગ્ધ કરી દેનારું છે. (તસવીરકાર- ફારૂક કાઝી, ઉના)

# મુંદરા કસ્ટોડિયલ ડેથ મામલે પોલીસકર્મી શક્તિસિંહ ગોહિલની વચગાળાની જામીન અરજી નામંજૂર

ભુજઃ મુંદરા પોલીસ મથકના બહુચર્ચિત કસ્ટોડિયલ ડેથ કેસમાં જેલહવાલે રહેલા મુખ્ય આરોપીઓ પૈકીના એક ફરજ મોકૂફ પોલીસકર્મી શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલને ભુજની નામદાર જિલ્લા અદાલત તરફથી મોટો ઝાટકો મળ્યો હતો. આરોપી દ્વારા માતાની બીમારીનું બહાનું ધરીને રજૂ કરાયેલી એક મહિનાના વચગાળાના જામીનની અરજીને અદાલતે સખત વલણ અપનાવી ખાસ રૂ. ૬,૦૦૦ના દંડ સાથે નામંજૂર કરી હતી.

કેસની વિગતો મુજબ, આરોપી શક્તિસિંહ ગોહિલે પોતાની માતા બીમાર હોવાનું જણાવી સારવાર અને દેખભાળ માટે ટૂંકાગાળાના જામીન મેળવવા અદાલતમાં ધા નાખી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન ખાસ નિયુક્ત સરકારી વકીલ અનિલભાઈ આર. દેસાઈ તથા ફરિયાદ પક્ષના વરિષ્ઠ ધારાશાસ્ત્રી ડી.વી. ગઢવી અને તેમની ટીમ દ્વારા જામીનનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. પ્રોસિક્યુશન અને ફરિયાદી પક્ષે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, આ ગુનો અતિ ગંભીર પ્રકૃતિનો છે અને કેસના ઇતિહાસ તેમજ આરોપીના ભૂતકાળને જોતાં તેને કોઈ પણ સંજોગોમાં મુક્ત કરી શકાય નહીં.

જિલ્લા અદાલતના ન્યાયાધીશે બંને પક્ષોની દલીલો અને વાંધાઓને ગ્રાહ્ય રાખતાં નોંધ્યું હતું કે, આવી બિનજરૂરી અરજીઓ કરીને અદાલતનો કીમતી સમય બગાડવામાં આવી રહ્યો છે. આથી કોર્ટે જામીન અરજી ફગાવી દેવાની સાથે આરોપી શક્તિસિંહને રૂ. ૬,૦૦૦નો ખાસ દંડ ફટકારી તે રકમ જમા કરાવવાનો આદેશ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને અચાનક ઉઠાવી, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોના દર્દનાક મોત થયાં હતાં, એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ચકચારી મામલે તત્કાલિન પોલીસ ઇન્સ્પેક્ટર પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મી, ગ્રામ રક્ષક દળના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ■

# ભાવનગરના ભારાપરા ગામે બાળકીનું તળાવમા ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજાના અલંગ પોલીસ નીચે આવતા ભારાપરા ગામના ત્રણ ભૂલકાઓ ગરમીથી રાહત મેળવવા ગામ તળાવમાં નહાવા ગયા હતા. જ્યાં એક બાળકીનું ડૂબી જવાના કારણે મૃત્યુ થતા પી. એમ. માટે અહીં સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

આર્થિક રીતે સુખી સંપન્ન પરિવારના સભ્યો વોટરપાર્કમાં ગરમીથી રાહતની સાથે મનોરંજન માણવા જાય છે. તળાજા પંથકના મોટાભાગના કેનાલ, તળાવ અને દરિયામાં ન્હાવા જાય છે ત્યારે ક્યારેક કોઈ અકસ્માતનો પણ ભોગ બને છે. આવી જ એક દુઃખદ ઘટના અલંગ નજીકના ભારાપરા ગામે બની હતી. ધો.૭માં અભ્યાસ કરતી હિના જયસુખભાઈ ચુડાસમા ઉ.વ.૧૧ સાથી બે ભૂલકાઓ સાથે ગામ તળાવમાં ન્હાવા ગયા હતા. જેમાં હિના તળાવના પાણીમાં ગરકાવ થતા ગ્રામજનો દ્વાર શોધખોળ હાથ ધરવામાં આવી હતી. હિના પાણીમાંથી મૃત હાલતમાં મળી હતી, તેના મૃતદેહને પી.એમ માટે તળાજા લાવવામાં આવી હતી.

## મુંદરાના ₹ ૧૧૫૦ કરોડનો ચકચારી કોકેઈન કેસ

# રિમાન્ડ પૂર્ણ થતાં બે વિદેશી સહિત ત્રણેય આરોપીઓ જેલ હવાલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરાના દરિયાકાંઠે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય માલવાહક જહાજમાંથી ઝડપાયેલા રૂ. ૧,૧૫૦ કરોડની કિંમતના ૧૧૮.૯૭ કિલોગ્રામ કોકેઈનના હાઈપ્રોફાઈલ ડ્રગ્સ કેસમાં પકડાયેલા ત્રણેય મુખ્ય આરોપીઓને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ મોકલી આપ્યા છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ દ્વારા મેળવવામાં આવેલા ત્રણેય આરોપીઓના રિમાન્ડની મુદત પૂર્ણ થતાં તેમને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મુંદરાની નામદાર અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ડ્રગ્સનો આ મોટો જથ્થો ઝડપાયા બાદ એટીએસની ટુકડીએ જહાજમાંથી સ્થાનિક શખ્સ જુમા નાસીર ઉમરની અટકાયત કરી હતી, જેના અદાલતે અગાઉ વધુ ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ ઉપરાંત, આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટના તાર છેક દેશની રાજધાની દિલ્હી સુધી જોડાયેલા હોવાનું બહાર આવતાં પોલીસે દિલ્હીથી બે વિદેશી નાગરિકો બ્યારુગા જેમ્સ (રહે. યુગાન્ડા) અને કેલ્વિન ચૂકવુમા (રહે. નાઈજીરિયા)ની ધરપકડ કરી હતી. આ બંને આફ્રિકન ડ્રગ્સ પેડલરોને મુંદરાની અદાલત સમક્ષ રજૂ કરી એટીએસ દ્વારા ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરાઈ હતી, જેની સામે અદાલતે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

આરોપીઓની રિમાન્ડ દરમિયાન એટીએસ અને કેન્દ્રીય એજન્સીઓએ આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાઓ સાથેના તેમના કનેક્શન અને ભારતમાં આ કરોડો રૂપિયાનું કોકેઈન કોને સપ્લાય કરવાનું હતું તે અંગે મહત્ત્વની કડીઓ મેળવી હોવાનું અંતરંગ સૂત્રો જણાવી રહ્યા છે. રિમાન્ડની સમયમર્યાદા પૂરી થતાં ત્રણેય આરોપીઓને અદાલતમાં હાજર કરાતાં તેમને ખાસ જેલના સળિયા પાછળ ધકેલવાનો આદેશ કર્યો હતો. ■

# કચ્છમાં જૂનના અંતિમ સપ્તાહમાં ચોમાસાનું વિધિવત આગમન થશે

## અસહ્ય બફારા અને ઉકળાટથી જનજીવન પ્રભાવિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નૈઋર્ત્યના ચોમાસાએ કેરળમાં સમયસર દસ્તક દીધા બાદ હવે દેશના અન્ય ભાગો તરફ ઝડપભેર આગળ વધવાનું શરૂ કર્યું છે. હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતોના અંદાજ મુજબ, કચ્છ જિલ્લામાં આગામી ૨૫થી ૨૯ જૂન વચ્ચે એટલે કે જૂન મહિનાના અંતિમ સપ્તાહમાં ચોમાસાનું વિધિવત મંડાણ થાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. જો કે, સત્તાવાર ચોમાસા પૂર્વે હાલમાં સમગ્ર જિલ્લો અસહ્ય ગરમી, બફારા અને ઉકળાટની લપેટમાં આવી જતાં કચ્છી માડુઓ આકુળવ્યાકુળ બની ગયા છે. હવામાન વિભાગના સત્તાવાર આંકડાઓ મુજબ, પવનની ગતિ મંદ પડવાના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. સરહદી જિલ્લાના અંજાર અને ગાંધીધામ પંથકમાં મહત્તમ તાપમાન ફરી એકવાર ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે, જેના કારણે આકરા તાપની પ્રબળ અસર અનુભવાઈ રહી છે. આ ઉપરાંત કંડલા પોર્ટમાં ૩૯ ડિગ્રી અને જિલ્લા મથક ભુજમાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. તેની સામે લઘુતમ પારો પણ ૨૮થી ૨૯ ડિગ્રી જેટલો ઊંચો રહેતાં રાત્રિના સમયે પણ લોકોને બફારાથી મુક્તિ મળી રહી નથી.

આ વર્ષે વૈશ્વિક સ્તરે 'અલ નીનો'ના પ્રભાવના કારણે હવામાન વિભાગ દ્વારા ચોમાસું સામાન્ય કરતાં થોડું નબળું રહેવાનું પૂર્વાનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છમાં સતત સારો અને સરેરાશથી વધુ વરસાદ પડી રહ્યો હોઈ, આ વખતે નબળા ચોમાસાના અહેવાલોથી જગતનો તાત અને સ્થાનિક વહીવટી તંત્ર થોડું ચિંતિત જણાઈ રહ્યું છે. જો કે, બીજી તરફ ભારતીય પ્રાચીન વર્ષા વિજ્ઞાનના તારણો અને સ્થાનિક નિષ્ણાતોના મતે, આ ઉનાળામાં જે રીતે ગરમી અને અસહ્ય ઉકળાટનો પ્રભાવ અતિ તીવ્ર રહ્યો છે. ■

# ભાવનગર પોલીસનો નશાખોરી સામે મોટો સપાટો : એક જ મહિનામાં ૮૬૦ બોટલ કફ સીરપ સાથે ૧૧ શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ) પોલીસે જિલ્લામાં નાર્કોટિક્સ અને ડ્રગ્સની બદીને નેસ્તનાબૂદ કરવા કમર કસી હતી. એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સ્પેક્ટર પી.સી. શિંગરખીયાના નેતૃત્વમાં વિવિધ ટીમો બનાવી જિલ્લાભરમાં હાથ ધરાયેલા સઘન ચેકિંગ અને રેકી દરમિયાન પોલીસે છેલ્લા એક જ મહિનામાં અલગ-અલગ ચાર ગુના દાખલ કરી મોટી સફળતા મેળવી હતી. પોલીસે ગેરકાયદેસર રીતે વેચાતી અને નશા તરીકે ઉપયોગમાં લેવાતી કોડાઇન ફોસ્ફેટ યુક્ત કફ સીરપની કુલ ૮૬૦ બોટલો, જેની કિંમત રૂ. ૧,૩૭,૩૬૮/- થાય છે, તે મુદ્દામાલ સાથે કુલ ૧૧ આરોપીઓને ઝડપી પાડી એનડીપીએસ એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ જ ઝુંબેશના ભાગરૂપે ગત તા. ૬/૬/૨૦૨૬ના રોજ એસ.ઓ.જી. ટીમને વધુ એક સફળતા મળી હતી. ત્રાપજ ગામથી ભાવનગર તરફ જતા હાઇવે રોડના ઓવરબ્રીજ નીચેથી પોલીસે બાતમીના આધારે એક ઓટો રિક્ષાને આંતરી હતી. રિક્ષાની તલાશી લેતા તેમાંથી કોડાઇન ફોસ્ફેટ ઘટક તત્ત્વ ધરાવતી વીકેઓઓએફટી બ્રાન્ડની કફ સીરપની ૬૦ બોટલો (કિંમત રૂ. ૯,૦૦૦/-) મળી આવી હતી. પોલીસે સીરપની બોટલો ઉપરાંત રૂ. ૫,૦૦૦/- ની કિંમતનો એક મોબાઈલ ફોન અને રૂ. ૫૦,૦૦૦/- ની કિંમતની બજાજ કંપનીની ઓટો રિક્ષા (નંબર જી.જે. ૦૪ એ.યુ. ૮૨૦૧) સહિત કુલ કિંમત રૂ. ૬૪,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસે આરોપી વિષ્ણુભાઈ જીણાભાઈ ચુડાસમા (ઉં.વ. ૩૭, રહે. પ્લોટ નં. ૧૫, કૈલાશ સોસાયટી, ઘોઘારોડ, ભાવનગર, હાલ રહે. સરતાનપર, તા. તળાજા) અને કરણભાઈ ભુપતભાઈ ગોહિલ (રે. સરતાનપર, તા. તળાજા) સામે અલંગ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.ઓ.જી. પોલીસ દ્વારા છેલ્લા એક મહિનામાં જિલ્લા ના અલગ-અલગ પોલીસ મથકોમાં નોંધાયેલા કેસોની વિગત જોઈએ તો, ગત તા. ૧૭/૫/૨૦૨૬ના રોજ ભરતનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કફ સીરપની કુલ ૯૯ બોટલો (કિંમત રૂ. ૧૯,૦૨૬/-) સાથે આરોપી પ્રવિણભાઈ રાજાભાઈ કલસરીયા (રહે. રામેશ્વર સોસાયટી, ટોપ થ્રી સર્કલથી લીલા સર્કલ રોડ, ભાવનગર) અને કેવટ હરીશભાઈ ગોરડીયા (રહે. શિહોર) ની ધરપકડ કરાઈ હતી. ત્યારબાદ તા. ૨૬/૫/૨૦૨૬ના રોજ વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કફ સીરપની કુલ ૫૯૨ બોટલો (કિંમત રૂ. ૯૭,૬૮૦/-) ના વિશાળ જથ્થા સાથે ત્રણ આરોપીઓ અફઝલભાઈ રઝાકભાઈ ખોરજીયા (રહે. મોમીનવાડ, બાર્ટન લાઈબ્રેરી પાસે, ભાવનગર), મહંમદ ફારૂકભાઈ ફીકભાઈ મોમીન (રહે. મોમીનવાડ, ભાવનગર) અને નાસીર (રહે. અમદાવાદ) ને ઝડપી લેવાયા હતા.

જ્યારે તા. ૨૯/૫/૨૦૨૬ના રોજ બોરતળાવ પોલીસ સ્ટેશન હદમાંથી કફ સીરપની ૧૧૯ બોટલો (કિંમત રૂ. ૧૧,૬૬૨/-) સાથે ચાર શખ્સો કુલદીપભાઈ ભરતભાઈ કોલાદરા (રહે. વડવા તલાવડી, વિશ્વાસ મેડિકલ સામે, ભાવનગર), હાર્દિકભાઈ મુકેશભાઈ ડાભી (રહે. વડવા, ભાવનગર), મિલન ધર્મેન્દ્રભાઈ સોલંકી (રહે. વિઠ્ઠલવાડી, ભાવનગર) અને અશોકભાઈ આહિર (રહે. ચાવંડ, તા. લાઠી, જી. અમરેલી) ની ધરપકડ કરવામાં આવી હતી.

ભાવનગર એસ.ઓ.જી. પોલીસની આ આક્રમક કામગીરીથી નશીલા પદાર્થોનું ગેરકાયદે વેચાણ કરતા અને નશાના કાળા કારોબાર સાથે સંકળાયેલા અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ■

## ભાવનગરમાં ગમખ્વાર અકસ્માતઃ

# રિંગ રોડ પર કારની ટક્કરે બાઇક સવાર કાકા-ભત્રીજાનાં કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના રિંગ રોડ પર શ્રીજી પાર્ટી પ્લોટ સામે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પુરપાટ ઝડપે આવતી કારે મોટરસાઇકલ સવાર કાકા-ભત્રીજાને જોરદાર અડફેટે લેતા બંનેના ગંભીર ઈજાઓ થવાના કારણે કરુણ મોત નીપજ્યાં હતાં. આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે બાઇકને ફંગોળ્યા બાદ કાર રોડ સાઇડમાં ઊભેલા એક બંધ ટેન્કરની પાછળ ઘૂસી ગઈ હતી. અકસ્માતને પગલે મૃતક પરિવારમાં ભારે આક્રંદ

ભાવનગરના ઘોઘારોડ કૈલાશ સોસાયટી પ્લોટ નં. ૨૩માં રહેતા બેચરભાઈ ખાટાભાઈ બારૈયા (ઉ.વ. ૪૮) અને ઘોઘારોડ અકવાડા સ્થિત બળવંતરાય સોસાયટી પ્લોટ નં. ૨૯ માં રહેતા તેમનો ભત્રીજો રાકેશભાઈ મનસુખભાઇ બારૈયા (ઉ.વ. ૨૮) બંને મોટરસાઇકલ લઈને કાળિયાબીડ ખાતે રામ દરબારમાં ગયા હતા. ત્યાંથી મોડી રાત્રે તેઓ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન રિંગ રોડ પર શ્રીજી પાર્ટી પ્લોટની સામે આ કાળમુખો અકસ્માત નડ્યો હતો. સામેથી આવતા કારચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી બાઇક સવાર કાકા-ભત્રીજાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત બાદ કારચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા કાર રોડની સાઈડમાં પાર્ક કરેલા એક બંધ ટેન્કરની પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી.

અકસ્માતનો અવાજ એટલો ભયાનક હતો કે આસપાસથી સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ગંભીર અકસ્માતમાં કાકા-ભત્રીજાને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. પોલીસ દ્વારા બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ, કારમાં સવાર બે વ્યક્તિઓને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતા તેઓને પણ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ દુર્ઘટના અંગે મૃતક રાકેશના પિતા મનસુખભાઇએ ભરતનગર પોલીસ મથકમાં કારચાલક વિરુદ્ધ બેફિકરાઈ અને ગફલતભરી રીતે ડ્રાઇવિંગ કરી બે જીવ લેવા અંગે અકસ્માતની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સરહદી વિસ્તારમાં પરવાનગી વિના ઘૂસવાનો પ્રયાસ

## ૨૦૦ લોકોના ટોળાનો બીએસએફ અને પોલીસ સામે હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી વધુ એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી હતી. સરહદે આવેલી કોટડા ચેકપોસ્ટ પર આશરે ૨૦૦ લોકોના ટોળાએ પરવાનગી વગર પ્રતિબંધિત સરહદી વિસ્તારમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. આ ટોળાએ સરકારી આદેશોનું સરેઆમ અનાદર કરી સુરક્ષાકર્મીઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરતાં ચકચાર મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ગત ૩ જૂનના રોજ સવારે આશરે સાતેક વાગ્યે બોર્ડર વિસ્તારમાં આવેલા રિન્યુએબલ એનર્જી પાર્કમાં પ્રવેશવા માટે લોકોની મોટી ભીડ એકત્રિત થઈ હતી. સરહદી વિસ્તારની સુરક્ષાને ધ્યાને રાખીને ચેકપોસ્ટ પર ફરજ પર તહેનાત પોલીસ અને બીએસએફના સ્ટાફ દ્વારા નિયમ મુજબ ઈ-એન્ટ્રી પાસની ચકાસણી કરવામાં આવી રહી હતી. આ ચકાસણી દરમિયાન ચેકપોસ્ટ પર હાજર આશરે ૨૦૦ જેટલા લોકોના ટોળાએ નિયમબદ્ધ લાઈનમાં ઊભા રહેવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. ટોળાએ 'આ આપણી જ બોર્ડર છે, અહીં રોજ એન્ટ્રી પાસની કોઈ જરૂર નથી' તેમ કહીને ભારે હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન ટોળામાં રહેલા કેટલાક ઉશ્કેરણીવાદી તત્ત્વોએ અન્ય લોકોને પણ સુરક્ષાકર્મીઓ વિરુદ્ધ ઉશ્કેર્યા હતા. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને આ ટોળું સુરક્ષાકર્મીઓ સાથે ઉગ્ર બોલાચાલી કરીને બળજબરીપૂર્વક, કોઈ પણ પ્રકારની કાયદેસરની પરવાનગી વિના અંદર ઘૂસી ગયું હતું.

ખાવડા પોલીસે સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોના આધારે તપાસ હાથ ધરીને મુખ્ય ૧૦ આરોપીઓની સત્તાવાર ઓળખ કરી લીધી છે, જેમાં સોયબ મુકીમ સમા, મજીદ મામદ સમા, ભશીર આમદ સમા કયુમ પચાણ સમા, ઇમરાન રમજાન સમા, અસરફ અલાના સમા, શકુર જરાર સમા, હાધી રમજાન સમા, વહાબ હુશેન સમા અને નાલે મીઠા સમાનો સમાવેશ થાય છે. પાકિસ્તાનને અડકીને આવેલા સરહદી વિસ્તારમાં જ્યારે આ હોબાળો અને કાયદાભંગ થઈ રહ્યો હતો, ત્યારે જ કોઈ ઇસમે તેનો વીડિયો બનાવીને ઇન્સ્ટાગ્રામ પર વાયરલ કર્યો હતો. આ સોશ્યલ મીડિયા વીડિયો ખાવડા પોલીસના ધ્યાને આવતા તંત્ર ત્વરિત એક્શનમાં આવ્યું હતું. પોલીસે વીડિયો ફૂટેજના આધારે બારીકાઈથી તપાસ કરીને મુખ્ય ૧૦ આરોપીઓને નામજોગ ઓળખી કાઢ્યા છે. ■

# અંજારના સિનુગ્રામાં સરકારી જમીન પર વહીવટી તંત્રની તવાઈઃ

## ૫,૧૮૪ ચોરસ મીટર જમીન દબાણમુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભૂમાફિયાઓ અને ગેરકાયદે દબાણ પ્રવૃત્તિઓ કરનારા તત્વો સામે લાલ આંખ કરીને અંજાર તાલુકાના સિનુગ્રા ગામમાં સરકારી જમીન પર થયેલું એક મોટું અતિક્રમણ જમીનદોસ્ત કરવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ કડક ઝુંબેશ અંતર્ગત આશરે ૫,૧૮૪ ચોરસ મીટર જેટલી કિંમતી સરકારી જમીનને ગેરકાયદે કબ્જામાંથી મુક્ત કરાવીને રાજ્ય સરકાર હસ્તક લેવામાં આવી હતી. મળતી વિગતો મુજબ, પશ્ચિમ કચ્છ પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્વોની મિલકતોની ચાલી રહેલી તપાસ દરમિયાન એક ચોંકાવનારો ખુલાસો થયો હતો. જેમાં સિનુગ્રા ગામની સરકારી જમીન પર દાઉદ ભચુ કકલ નામના ઇસમ દ્વારા ગેરકાયદે રીતે પાકું દબાણ ઊભું કરી દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. આ મામલે અંજાર મામલતદાર કચેરી દ્વારા સંબંધિત આસામીને અગાઉ કાયદેસરની નોટિસો ફટકારીને દબાણ સ્વૈચ્છિક રીતે હટાવી લેવા તાકીદ કરવામાં આવી હતી, તેમ છતાં દબાણ ન હટાવાતાં આખરે તંત્રએ આકરૂ વલણ અખત્યાર કર્યું હતું. કચ્છ જિલ્લા કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ અંજારના મામલતદાર બી. વી. ચાવડાની આગેવાનીમાં મહેસૂલ વિભાગની ટીમ જેસીબી સહિતના સાધનો સાથે સિનુગ્રા ખાતે ત્રાટકી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તંત્રએ ઓપરેશન ડિમોલિશન હાથ ધરીને તમામ ગેરકાયદે બાંધકામો તોડી પાડ્યા હતા. ■